કુમાર

વર્ષ બાવનમું • અંક નવમો • માહે સપ્ટેમ્બર • ઈસવી સન ઓગણીસ સો પંચોતેર

સળંગ અંક


૬૨૧

સંસ્થાપક: રવિશંકર રાવળ

તંત્રી: બચુભાઈ રાવત



વૃષભ (શિલ્પ : પીરાજી સાગરા)
મશીનરીના જૂના ભંગાર જોડીને પક્ષી-પ્રાણીનો
ખયાલ સર્જતું આધુનિક ઢબનું એક ચોટદાર શિલ્પ



સંતકવિ તુલસીદાસ (ચિત્રકાર · રવિશંકર રાવળ)

કુમાર

સપ્ટેમ્બર ૧૯૭૫ • અંક ૬૨૧

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો વરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

સિદ્ધરાજના સોરઠવિજય વિષે વધુ

સિદ્ધરાજ જયસિંહના શાસનકાળના લેખો ગુજરાતમાંથી પાંચ છ થી વિશેષ મળ્યા નથી. પાટણના સહસ્રલિંગ તટાકની પ્રશસ્તિનો ખંડ, કચ્છમાં ભદ્રેશ્વર, સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રા પાસે ગાળાગ્રામ, ઉત્તર ગુજરાતમાં લ ડોલનાં તામ્રપત્રો, પંચમહાલમાં દાહોદ ઈત્યાદિ બાદ કરતાં ખાસ બીજા નથી. (એના લેખો વિશેષ સંખ્યામાં રાજસ્થાન અને માળવામાંથી મળ્યા છે.) સોરઠમાં જેમ તેનો લેખ નથી મળ્યો (મનાય છે) તેમ લાટમાંથી પણ નથી મળ્યો. પણ લાટ સિદ્ધરાજને આધીન હોવાના ગ્રંથસ્થ ઉલ્લેખો છે, જેમ સોરઠને લગતા ઉલ્લેખો છે તેમ. રા'ખેંગારને સિદ્ધરાજે કેદ કર્યાનું દાહોદના સં. ૧૧૯૬/ઈ. સ. ૧૧૪૦ના લેખમાં ઉલ્લિખિત હોઈ, સોરઠને કબજે કર્યા સિવાય તેમ બની શકયુ નહિ જ હોય. રા'ખેંગાર રાજીખુશીથી પકડાયો નહિ જ હોય. પ્રબંધોનાં કથન અનુસાર તો સિદ્ધરાજને આભીર રાણક ખેંગારે ઘણી ટક્કર આપેલી અને પ્રારંભનાં યુદ્ધોમાં સિદ્ધરાજનો પરાભવ પણ કરેલો. એ બધું હોવા છતાં તે આખરે પરાજિત થએલો. તેરમા શતકના પૂર્વાધમાં રચાએલા જૈન સાહિત્યમાં તેમ જ લોકસાહિત્યમાં ખેંગાર યુદ્ધમાં હણાયો હોવાનું કહ્યું છે. રાણકદેવીના પ્રસિદ્ધ દુહા અને વઢવાણમાં ભોગાવે સતી થયાની વાતનાં મૂળ મેરુતુંગાચાર્યના 'પ્રબંધચિંતામણિ' (સં. ૧૩૬૫/ઈ. સ. ૧૩૦૯) અને 'પુરાતન પ્રબંધ સંગ્રહ' (૧૫મી સદીનો મધ્યભાગ) જેટલા પુરાણા સાહિત્યમાં અનુક્રમે રા'ની રાણી 'સૂનલદેવી' અને 'સોનલદેવી'ના નામે સંગ્રહાએલા છે. રા'ખેંગારના પતન પછીથી લગભગ દોઢસોએક વર્ષ જેટલા કાળ સુધીના ચૂડાસમા રાજવીઓના ઇતિહાસની વિગતો મળતી નથી, ન તો એમનો કોઈ શિલાલેખ; જો કે ચૌદમી-પંદરમી સદીમાં મળતા તેમના અભિલેખોમાં વંશાવળી અકબંધ, વિશેષ વિગત સિવાય, જરૂર આપવામાં આવી છે.

આપણી પાસે અહીં પરસ્પર એકદમ સંકળાએલા ત્રણ પ્રશ્નો છે: ૧) ગિરનાર પરંતુ નેમિનાથનું મંદિર દંડનાયક સજ્જન પૂર્વે હતું? અને શું તેનો મંત્રીશ્વરે પુનરોદ્ધાર કરાવેલો? ૨) સજ્જન મંત્રીએ કરાવ્યો હોય તો તેમની નિયુક્તિ સોરઠના દંડનાયક રૂપે થએલી? ૩) ને એમ હોય તો સોરઠ પર વસ્તુતયા સ્થાયી વિજય સિદ્ધરાજે કરેલો?

ગિરનાર પર વસ્તુપાળ–તેજપાળના કાળ પૂર્વે માત્ર બે જ જૈન મંદિરો હતાં. એક તો ભગવાન નેમિનાથનું અને બીજું દેવી અંબિકાનું. કુમારપાળના સમયમાં ત્યાં એક પણ જૈન મંદિર બંધાયું નથી અઢારમી–ઓગણીસમી સદીથી પ્રચારમાં આવેલી જૈન કિંવદંતી અનુસાર (કહેવાતા) સગરામ સોનીના (વાસ્તવમાં સમરસિંહ માલદેના) મંદિરની પછી અને શ્રેણીમાં સૌથી છેલ્લું જૈન મદિર છે તે કુમારપાળે બાંધ્યાનું કહેવાય છે. પણ તે મંદિર તો પૂર્ણસિંહ કોઠારીએ ઈ. સ. ૧૪૫૨થી થોડુ પૂર્વે બંધાવેલું. કુમારપાળના સમયથી લઈ સોળમા શતક સુધીના 'પ્રબંધો', 'રાસો', 'કલ્પો' અને 'ચૈત્યપરિપાટી'ઓમાં અને ઉપલબ્ધ અભિલેખોમાં કયાં યે કુમારપાળે ત્યાં જિન મંદિર બંધાવ્યાનો કે તેના સમયમાં જિનાલય નિર્માણ થયાનો બિલકુલ ઉલ્લેખ નથી. એટલે જો ગિરનાર પર ખેંગારનો ખરેખર મહાલય હોય, અને તેને જૈન મંદિરમાં પરિવર્તિત કર્યાનો શ્રી મોહનપુરીના સંપ્રદાયના ગ્રંથોમાં ઉલ્લેખ હોય તો તે મંદિર નેમિનાથના સિવાય અન્ય કોઈ હોઈ શકે નહિ. (કયા ગ્રંથમાં એવું લખ્યું છે, કોણે તે ગ્રંથ લખ્યો છે, કેટલો પુરાણો છે, એની ઐતિહાસિક વિશ્વસતા કેટલી છે એ જાણવું જરૂરી છે.) પણ રાજમહાલયોના અને મંદિરોના તળચ્છંદ તેમ જ ઉદયમાં ઘણો ફર્ક હોય છે. મહાલયનું મસ્જિદમાં પરિવર્તન થઈ શકે, પણ મંદિરમાં કેવી રીતે પરિવર્તન થઈ શકે તે સમજી શકાય તેવી વાત નથી. ગિરનાર પરનું નેમિનાથનું મંદિર વાસ્તુશાસ્ત્રમાં કહેલા દેવાલય વિધાન અનુસારનું છે અને તેનું આયોજન સ્પષ્ટતયા જૈન પ્રણાલિકા અનુસારનું છે. વળી તેની શૈલી કુમારપાળ યુગની નહિ, સિદ્ધરાજના સમયની છે. શ્રી મોહનપુરીના સંપ્રદાયના ગ્રંથોમાં જૈનો પર સાંપ્રદાયિક દ્વેષથી મૂકેલો અપવાદ એથી અર્થહીન બની રહે છે.

આગળ વાત ધપાવીએ તે પહેલાં એક બીજી વાત સ્પષ્ટ કરી દઈએ. શ્રી મોહનપુરી (ઐતિહાસિક સામગ્રીવાળા) જૈન ગ્રંથોને સાંપ્રદાયિક કહી, એની સામે શ્રીકૃષ્ણ અંગેની અસંબદ્ધ વાતોની ટાંગ લડાવી, એનો ઐતિહાસિક સ્રોત રૂપે ઉપયોગિતાનો છેદ જ ઉડાડી દે છે! ગુજરાતના સોલંકીકાલીન (તથા રાજસ્થાનના ચાહમાન-ગુહિલકાલીન) ઇતિહાસમાં ઉપયોગી થાય તેવું બ્રાહ્મણીય સાહિત્ય અલ્પ છે; અને બન્યું છે એવું કે એ કાળે જૈનોએ ચરિત્ર–ચિત્રણો, ગ્રંથ-પ્રશસ્તિઓ, પ્રબંધો, કલ્પો, રાસો, ચૈત્યપરિપાટીઓ, ગચ્છોની પટ્ટાવલિઓ, ઈત્યાદિ વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચ્યું છે—એટલું બધું કે ભારતમાં જ્યાં જ્યાં ગ્રંથ સાહિત્ય મળે છે (કર્ણાટક, તામિલનાડુ, મધ્યપ્રદેશ) તેના કરતાં દશગણું વધારે અને વિગતપ્રચુર. ટૉડ અને ફૉર્બ્સ સરખા પ્રારંભિકોથી માંડી બર્જેસ, બ્યૂહલર, જૅકસન, પીટર્સન અને પં. ભગવાનલાલ ઇંદ્રજી તેમ જ વલ્લભજી આચાર્ય સરખા અગ્રચારીઓથી લઈ, એચ. સી. રાય, દુર્ગાશંકર શાસ્ત્રી, ક. મા. મુનશી, કે. કા. શાસ્ત્રી, ડૉ. ભોગીલાલ સાંડેસરા, ડૉ. અશોકકુમાર મજુમદાર, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. ઉમાકાન્ત શાહ સરખા શૈવ–વૈષ્ણવ વિદ્વદ્વર્યો ને મુનિ જિનવિજયજી, મુનિશ્રી જયતવિજયજી, પં. લાલચંદ ગાંધી, મોહનલાલ દલીચંદ દેસાઈ જેવા જૈન વિદ્વાનોએ ઉપલબ્ધ જૈન ઐતિહાસિક સાહિત્યનો ખૂબ ઉપયોગ કર્યો છે. હા! મોટા ભાગના લેખકોએ સ્રોતોનાં પરીક્ષણ, પારસ્પરિક તુલના, વિશ્લેષણ, અભિલેખો સાથે ચકાસણી આદિ જરૂર કર્યાં છે—જેમ કરવાની જગન્માન્ય શિસ્ત પણ છે; અને તે પછી ગ્રાહ્ય લાગ્યું તેને લીધું છે. પણ તેમાં કોઈએ (એક દુર્ગાશંકર શાસ્ત્રીનાં કોઇક લખાણોના અપવાદ સિવાય) નકારાત્મક વલણ અપનાવ્યું નથી!

ગિરનાર પર નેમિનાથ મંદિર સજ્જન મંત્રીના પુનર્નિમાણ પહેલાં અસ્તિત્વમાં હોવાનાં પૂરતાં પ્રમાણો છે. અહીં પ્રસ્તુત નવનિર્માણ પૂર્વેના, સોલંકીયુગની અંદર જ આવી જતાં પ્રમાણો વિષે જોઈશું.

હર્ષપુરીય ગચ્છના રાજમાન્ય, આગમવૃત્તિકાર આચાર્ય હેમચંદ્ર યાત્રા નિમિત્તે સંઘ સાથે રા'ખેંગારના સમયમાં વંથળી ગએલા. સંઘની સમૃદ્ધિ જોઈ આજુબાજુના માણસોએ રા'ને સંઘ લૂટી ભંડાર તર કરવાની સલાહ આપી; પણ 'સર્વજનમર્યાદા' (લોકાપવાદ)ના ભયે શું કરવું તેની વિમાસણમાં પડેલા રાજાએ સંઘના મોવડીઓને પહેલે દિવસે તો મુલાકાત ન આપી ને સંઘને રોકી રાખ્યો. (શિરસ્તો એવો છે કે સંઘ આવે ત્યારે તીર્થરક્ષક રાજન્ય તેને સત્કારે, અને સંઘપતિ રાજાનું બહુમાન કરી ભેટણું આપી રાજ્યની શુભ કામના અને રક્ષણ તળે તીર્થયાત્રા આરંભે.) રાજાનું સંશયાત્મક ચિત્ત કળી જઈ, બીજે દિવસે, રાજકુટુંબમાં થએલા મરણ નિમિત્તે દિલસોજી આપવા માટે હેમચંદ્રસૂરિ રાજમહેલમાં ગયા અને રાજાને સમજાવી, ઉજ્જયંત પર આરોહણ કરવાની અનુમતિ લઈ નેમિનાથનાં દર્શન કર્યાં. આ વાત સં. ૧૧૯૩/ઈ સ. ૧૧૩૭માં હેમચંદ્રસૂરિના પટ્ટધર શિષ્ય શ્રી ચંદ્રસૂરિની 'મુણિસુવ્વયચરિય'(મુનિસુવ્રતચરિત્ર)ની પ્રશસ્તિમાં નોંધેલી છે. ગુજરાતના ઉપલબ્ધ તમામ 'પ્રબંધાત્મક

સાહિત્યથી પુરાણું અને સિદ્ધરાજ જયસિંહના રાજ્યકાળનું આ બિલકુલ સમકાલિક પ્રમાણ છે. આ વાત ખેંગારના પતન પૂર્વે બનેલી છે. હેમચંદ્રસૂરિના એક બીજા પટ્ટધર શિષ્ય વિજયસિંહસૂરિના કથન અનુસાર સૂરીશ્વર સં. ૧૧૯૧/ઈ.૧૧૩૫પહેલાં દિવંગત થએલા. એમની 'વૃત્તિઓ' સં. ૧૧૬૪/ઈ. સ. ૧૧૦૮થી લઈ સં. ૧૧૭૫/ઈ.સ. ૧૧૧૯ સુધી ની મળી છે. જો સિદ્ધરાજે 'સિંહ સંવત' સોરઠ વિજય બાદ શરૂ કર્યો હોય તો સૂરીશ્વરની ગિરનાર-યાત્રા ઈ. સ. ૧૧૧૩ પૂર્વે થઈ ચૂકી હોવી જોઈએ, અને ત્યારે નેમિનાથનું મંદિર વિદ્યમાન હતું જ. તપગચ્છીય ધર્મઘોષસૂરિના 'ગિરનારકલ્પ' (આ. ઈ. ૧૨૬૪)માં નેમિનાથનાં મંદિરોનો 'યાકુટી અમાત્યે તથા તે પછી 'સજ્જન મંત્રી'એ પુનરુદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે. 'પુરાતનપ્રબંધસંગ્રહ'ના સં. ૧૫૨૮/ઈ. સ. ૧૪૭૨માં પ્રતિલિપિ થએલ, મંત્રી સજ્જન કારિત 'રૈવતતીર્થોદ્ધારપ્રબંધ'માં 'ગિરનારકલ્પ'ની ગાથા ઉદ્ધૃત કરી, તેના પર ભાષ્ય કરતાં કહે છે કે માલવવાસી 'જાકુડી અમાત્યે'(નેમિજિનનો) શૈલમય પ્રાસાદ બંધાવવા માંડેલો પણ તેઓ દિવંગત થએલા. તે પછી ૧૩૫ વર્ષે સજ્જન મંત્રીએ (નિર્માણકામ) હાથ ધરેલું. સજ્જન મંત્રીની નિર્માણમિતિ સં. ૧૧૮૫/ઈ. સ. ૧૧૨૯ હોઈ, તેના બાંધકામમાં વીતેલ સાત આઠ વર્ષ ઉમેરતાં જાકુડી અમાત્યવાળું મંદિર લગભગ ઈ. સ. ૯૯૦–૧૦૦૦ આસપાસ બંધાયું હશે.

હવે સજ્જન મંત્રી વિષે: વિજયસેનસૂરિએ ઈ. સ. ૧૨૩૨ બાદ તુરતમાં જ રચેલ 'રૈવતગિરિરાસુ'માં સિદ્ધરાજે ખેંગારરાજને હણી શ્રીમાલી 'સજ્જન'ને દંડનાયક નીમ્યો અને તેણે સં. ૧૧૮૫માં નેમિનાથના પ્રસાદનો ઉદ્ધાર કર્યો એમ સ્પષ્ટરીતે જણાવ્યું છે. યથા:

આસિ ગુરજર-ધરય જેણ અમરેસરુ,
સિરિજયસિંઘદેઉ પવરુ પુહવીસરુ;
હણુવિ સોરઠુ તિણિ રાઉ ખંગારઉ
ઠવિઉ સાજણુ દંડાહિવં સારઉ...૮
અહિણવુ નેમિજિણિંદ તિણિ ભવણુ કરાવિઉ,
નિમ્મલુ ચંદરુ–બિંબિ નિય નાઉં લિહાવિઉં.

પ્રભાચંદ્રાચાર્યકૃત 'પ્રભાવકચરિત્ર' (સં. ૧૩૪૧/ઈ. સ. ૧૨૮૭), મેરુતુંગાચાર્યકૃત 'પ્રબંધચિંતામણિ' (સં. ૧૩૬૫/૧૩૦૯) અને પછીના પ્રબંધોએ આ વાત વિસ્તારથી ચર્ચી છે. તેમાં કહ્યું છે કે સોરઠની કેટલાંક વર્ષોની આવક સજ્જને રાજકોશમાં જમા કરાવવાને બદલે નેમિનાથનું મંદિર બાંધવામાં વાપરી નાખેલી, અને તેને રાજાના પિતાના નામ પરથી 'કર્ણવિહાર' અભિધાન આપેલું. પછી સિદ્ધરાજને ખબર પડતાં સોમનાથની યાત્રાએથી પાછા વળતાં જૂનાગઢ આવી આ વિષે તપાસ કરી. સજ્જને વંથળીના શ્રાવકોને મળી, ટીપ કરીને દ્રવ્ય તૈયાર રાખેલું. રાજાને પર્વત પર મંદિર બતાવી કહ્યું કે કાં તો મંદિર નિર્માણ કર્યાનું પુણ્ય લો, ને કાં તો દ્રવ્ય સ્વીકારો. રાજા આ ચતુરાઈથી ધર્મસંકટમાં મુકાયો. આખરે તે જૈનધર્મદ્વેષી નહોતો. એના દરબારમાં વીરાચાર્ય, હર્ષપુરીય હેમચંદ્રાચાર્ય, વાદી દેવસૂરિ અને પૂર્ણતલ્લગચ્છીય કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સરખી જૈન વિદ્વદ્‌વિભૂતિઓ આવતી જતી, ને તેણે પોતે ઈ. ૧૧૨૭માં પાટણમાં 'રાજવિહાર' અને પછીથી ઈ. ૧૧૪૨માં સિદ્ધપુરમાં 'ચતુર્મુખ સિદ્ધવિહાર' બંધાવેલા. એણે આથી નેમિનાથનાભવનનું નિર્માણખર્ચ રાજકોશમાંથી આપવાનું મંજૂર રાખ્યું.

પ્રબંધોમાં અપાએલી વિગતપૂર્ણ હકીકતો અભિલેખોમાંથી ન મળી શકે. ભારતમાં એવો કોઈ અભિલેખ નથી કે જે પૂર્ણપણે વિગતપ્રચુર હોય. પણ ગિરનાર પર સજ્જન મંત્રીની ઉપસ્થિતિ તેમ જ સિદ્ધરાજનું નામ દેતા સમકાલિક અભિલેખો છે. પં. ભગવાનલાલ ઇંદ્રજીએ 'બૉમ્બે ગૅઝેટીઅર'માં સં. ૧૧૭૫/ઈ. સ. ૧૧૨૦નો સજ્જનનું નામ જણાવતો લેખ ટાંક્યો છે, જે નેમિનાથના મંદિરના દક્ષિણ દરવાજા પાસે હોવાનું નોંધ્યું છે. નેમિનાથના ઉત્તર દરવાજા પાસે ખડક પર ત્રણ પ્રાચીન અને ખંડિત લેખો છે, જેમાં વર્ષ નષ્ટ થએલ એક ત્રુટિત લેખમાં 'સિંઘ ચક્રપતિ જયસિંહદેવ...વિજય', 'કરણાયતન' (કર્ણાયતન=કર્ણવિહાર) 'જાદવકુલતિલક' અને 'તીર્થંકર નેમિનાથ પ્રાસાદ' એવા શબ્દો મળે છે. વિદ્વાનોએ આ લેખને સિદ્ધરાજના સમયનો માન્યો છે. આ ટૂંકા (ત્રુટિત) લેખોથી પણ સિદ્ધરાજના સોરઠવિજય અને સજ્જનમંત્રીના ઉદ્ધારની વાતને ટેકો મળે છે.

પ્રબંધોના કહેવા પ્રમાણે સજ્જન બાદ તેનો પુત્ર પરશુરામ દંડનાયક નિમાએલો. આ પછી સોલંકીઓની સોરઠ પરની પકડ શિથિલ થઈ હશે અને માંગરોળનો સહજિગ ગોહિલ સિંહ સંવત ૩૨/ઈ. સ. ૧૧૪૫માં (સિદ્ધરાજના મૃત્યુ બાદ) ઠેઠ વંથળી નજીક આણ વર્તાવવા લાગેલો. કુમારપાળ ગાદીએ આવતાં તેણે સૈન્ય મોકલી એ પ્રદેશ ફરી કબજે લીધો. તે પછી તે શત્રુંજય-સોમનાથની યાત્રા કરી ગિરનાર આવેલો; પણ પહાડ ચડી ન શકવાથી ખેદ પામી પાટણ આવી કવિ શ્રીપાલની સલાહથી 'સજ્જન'ના લઘુ બંધુ 'આંબાક'ને સોરઠના દંડનાયક તરીકે નીમી સંચારપાજા કરાવી. આ હકીકત 'સોમપ્રભાચાર્ય'ના પ્રાકૃત ભાષાનિબદ્ધ 'કુમારપાલ પડિબોહો' (સં. ૧૨૪૧/ઈ. સ. ૧૧૮૫) જેટલા પુરાણા અને સમકાલિક ગ્રંથમાં નોંધાએલી છે. ગિરનારમાં પણ સં. ૧૨૨૨ અને સં. ૧૨૨૩/ ઈ. સ. ૧૧૬૬ અને ૧૧૬૭ના એ 'અંબાક'ના જ બે લેખોમાં પાજા કરાવ્યાનો ઉલ્લેખ છે. કુમારપાળ બાદ ભીમદેવના સમયમાં, અને ત્યાર બાદ વાઘેલા અર્જુનદેવના સમય સુધી સોલંકીઓની સોરઠ પર સત્તા રહેલી. તે પછી જ ચૂડાસમાઓ ફરી સત્તારૂઢ થએલા. શ્રી મોહનપુરી સોરઠ પર સિદ્ધરાજે વિજય ન કર્યાનું માનતા હોય તો તે તેમની અંગત માન્યતા ગણાય એને વિદ્વદ્‌સ્તર પર સ્વીકૃત કરાવવી એ નોખી જ બાબત છે.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

[* આ ચર્ચા હવે બંધ કરવામાં આવે છે.]

મેઘાણી વિષે માહિતી

જૂન અંકમાં પ્રા. નલિન દેસાઈએ મેઘાણી વિષે માહિતી માગી તે વાંચી બે'ક વર્ષ પહેલાં મેઘાણીએ જેને 'રઢિયાળી રાત'નો ભાગ ચોથો અર્પણ કર્યો છે તે 'બગવદરનાં મેરાણી બહેન ઢેલીને' મળવાનું થએલું તે યાદ આવે છે.

બગવદરના શિક્ષક મિત્ર શ્રી રમણિકલાલ ઠકરારની સાથે ત્યાંનું પ્રાચીન સૂર્યમંદિર જોવા ગએલો ને અચાનક જ તેમણે પોતાની બાજુમાં રહેતાં શ્રી ઢેલીઆઈની ઓળખાણ કરાવી. 'રઢિયાળી રાત'નો એક ભાગ તેમને અર્પણ થયાનું સ્મરણ હતું એટલે મેઘાણી વિષે પૃચ્છા કરી: 'મેઘાણી અહીં ક્યારે આવેલા? શું બન્યું હતું?' વગેરે. શ્રી ઢેલીઆઈ વાતડાહ્યાં જાજ્વલ્યમાન મેરાણી છે. તેમણે આખી વાત માંડીને કહી:

'મને બધાં ગીતો બહુ યાદ છે એવું સાંભળીને મેઘાણીભાઈ એક દિવસ મારી પાસે આવ્યા. ધોળાંધોળાં લૂગડાંમાં મોટીમોટી આંખો નીચી ઢાળીને મારે આંગણે ઈ ઊભા હતા. જોતાં જ આવકાર દેવાનું મન થાય એવો માણસ! મેં તો ઓટલીએ ગોદડું પાથરી દીધું ને બેસાડ્યા, હું હેઠે બેસવા જતી હતી ત્યાં પગે પડીને "હં-હં હં તમે અહીં ઉપર બેસો. નહિતર હું યે નીચે બેસું છું." એમ કહીને મને ય ઉપર બેસાડી. પછી તો એમને જે ગીતો જો'તાં'તાં તેની અર્ધી-અર્ધી કડીઓ પોતે બોલે ને હું આખું ગીત પૂરું કરી દઉં. પોતે નીચી મૂંડકી રાખીને ઝીણાઝીણા અક્ષરમાં ટપકાવ્યે જાય. મને ગીત 'ગાયા' વિના બોલતાં ન આવડે, એટલે પોતે હસે અને હું તો જેના જેવા રાગ તેમ મન મૂકીને હલકો કાઢીને ગાઉં! આજુબાજુનાં ય ભેળાં થઈ ગયાં અને છેક બપોર સુધી ગીતો ગાયાં.

જમવા બેઠા. પાટલો ઢાળ્યો હતો, પણ પોતે પાટલે ન બેઠા! હું નીચે બેઠી બેઠી રોટલા ઘડતી હતી તે પોતે ય નીચે બેઠા. ઘણું કહ્યું તો કહે: "રોટલા ઘડનારી નીચે બેસે અને ખાનારો ઊંચે બેસે એ ક્યાંનો ન્યાય?" મને તો અમારા



સમગ્ર સંસાર આ વર્ષે જેની ચતુર્થ શતાબ્દી ઊજવે છે તે

'રામચરિતમાનસ'ના રચયિતા

રાત જામી છે. યુવાનીની પૂર્ણતાએ પહોંચેલા પંડિત તુલસીદાસ બેચેન ચિત્તે ઉતાવળા રસ્તો કાપી રહ્યા છે. ઘનઘોર વર્ષાના દિવસો છે. નદીમાં પૂર આવેલાં છે. તુલસીદાસના હૃદયમાં પણ મોહ અને વાસનાનાં વાદળ ઊમટી પડયાં છે. પોતાની પ્રાણપ્યારી પત્ની પોતાની અનુમતિ લીધા સિવાય ભાઈની જોડે પિયર ચાલી ગઈ એનો વિરહ વેઠાતો નથી. પત્નીને રીઝવવા બધું કરી છૂટતા તુલસીદાસ એક બાબતમાં અત્યંત કઠોર છે. પરણીને આવેલી પત્નીને જવલ્લે જ પિયર જવા દે છે. એનો વિરહ એક દિવસ માટે પણ પોતે વેઠી શકે તેમ નથી. માંડમાંડ સુખના દિવસો લાધ્યા છે તેની પળેપળને દ્રાક્ષની જેમ ચૂસી લેવા માગે છે. વિદ્યાધ્યયનને અને આજીવિકા અર્થે અપનાવેલા રામકથા કહેવાના વ્યવસાયને આપવો જોઈએ તેટલો સમય જરૂર આપે છે, પણ પછીનો બધો સમય બુદ્ધિમતિ રત્નાવલી સાથે આનંદ-પ્રમોદ કરવામાં ગાળે છે. રત્નાવલીને ક્યાં ખબર છે કે જનમતાંવેંત અવગણના અને તિરસ્કાર પામેલા તુલસીદાસે વાત્સલ્ય કે સ્નેહના અમીનો છાંટો પણ ચાખ્યો નથી. મૂળ નક્ષત્રમાં જન્મેલા એ બાળક વિષે જ્યોતિષીઓએ અમંગળ ભાખેલી વાણીમાં વિશ્વાસ રાખી પિતા આત્મારામ દુબે અને માતા હુલસીએ બાળકને દાસીને સોંપી દીધેલો. માતા તો આ આઘાત ન જીરવી શકતાં મૃત્યુશરણ થએલી. ઘરઘરની ઠોકરો ખાઈને, ભીખ માગીને અને મંદિર કે મસ્જિદને ઓટલે પડયા રહીને શેરીમાં ઊછરનાર તુલસીદાસને સદ્ભાગ્યે નરહર્યાનંદ અને શેષ સનાતન જેવા ગુરુઓ સાંપડયા છે. પણ જેને અશેષ પ્રેમ કહેવાય તેવું કશું તો વિદ્યાભ્યાસ પૂરો થતાં સુધી કદી સાંપડયું જ નથી; એટલે તેજસ્વી, ગૌર વર્ણવાળા, મજબૂત કાયા ધરાવતા આ યુવક પંડિતના જ્ઞાન ને ગુણોથી આકર્ષાઇને દીનબંધુ પાઠકે પોતાની સુંદર અને સમજુ કન્યાને એની સાથે વરાવી ત્યારથી તુલસીદાસના સુખનો પાર રહ્યો નથી. પરિણામે હવે તે એ સુખનો ક્ષણવાર પણ ત્યાગ કરવા તૈયારે ય નથી. પ્રિયતમાની પિયર જવાની સ્વાભાવિક ઈચ્છાને પોતાના પ્રેમાલાપો દ્વારા હમેશાં દાબી દે છે. એ પ્રિય પત્ની આજે પોતાની રજા લીધા સિવાય ચાલી ગઈ એનું એમને દુ:ખ છે. એના વગર એક રાત શે જાય? મનમાં કવિતા ઊગે છે:

'ઘન ઘમંડ નભ ગરજત ઘોરા, પ્રિયા હીન ડરપત મન મોરા!'

ચડેલા પૂરવાળી નદીમાં ઝંપલાવતાં અને ઉપરવાસથી તણાઇને આવતા એક મડદાને પકડીને નદી પાર કરતાં આજે એમને કંઈ સંકોચ થતો નથી. મધરાતે શ્વશુરગૃહે પહોંચીને, મેડીએ ચડવું કઈ રીતે એનો વિચાર કરે ન કરે ત્યાં દોરડા જેવું કંઈક લટકતું દેખ્યું. પકડીને પટ ચડયા ઉપર. પછી ખયાલ આવ્યો કે વર્ષાના જોરથી ગભરાએલો કોઈ સર્પ આ પ્રમાણે લટકી રહ્યો હતો! જમાઈની આ આસક્તિ જોઈને શ્વશુરગૃહમાં સૌ મનમાં ને મનમાં મરકી રહ્યા. ભાભીએ રત્નાવલીની મીઠી મશ્કરી કરી. પતિના અતિશયતાભર્યા આ પ્રેમ-પ્રદર્શનથી લજાઈ મરેલી પત્નીએ એકાંત માળતાં જ ટોણો માર્યો:

'લાજ ન લાગત આપુકો, દૌરે આયહુ સાથ,
ધિક ધિક ઐસે પ્રેમકો, કહા કહૌં મૈં નાથ!
અસ્થિ ચરમમય દેહ મમ, તા મેં જૈસી પ્રીતિ,
તૈસી જો શ્રીરામ મહઁ, હોતિ ન તો ભવભીતિ!'

બસ, તેજીને ટકોરો પડયો. વાસનાનાં વાદળ વચ્ચેથી જ્ઞાનની વીજળી ઝબૂકી. સતત વિદ્યોપાસનાને કારણે મેળવેલા અગાધ પાંડિત્યે વિવેક પ્રગટાવ્યો. પત્નીને હાથ જોડીને પ્રણામ કર્યા અને મર્મભેદક વાણી બોલીને પસ્તાતી પત્નીની એક પણ આજીજી ન સાંભળતાં જાગી ઊઠેલો અંતરાત્મા નવા જીવનપથ પર ચાલી નીકળ્યો. પંડિત તુલસીદાસમાંથી સંત તુલસીદાસનો જન્મ થયો.

પોતાના ઈષ્ટદેવની જેમ ભારતદેશની વર્ષો સુધી યાત્રા કરી. ગુરુ નરહર્યાનંદે નાનપણમાં જ વારંવાર સંભળાવેલી રામકથાને આ યાત્રા દરમિયાન સતત વાગોળ્યા કરી. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ વગેરેમાંથી પ્રાપ્ત તમામ રામકથાઓનો વિધિવત્ તુલનાત્મક અભ્યાસ કર્યો. વાલ્મીકિ-રામાયણ, અધ્યાત્મ-રામાયણ; હનુમન્નાટક, પ્રસન્નરાઘવ અને પ્રતિમા નાટક, રઘુવંશ, મહાવીર ચરિત, ઉત્તર રામચરિત, બાલરામાયણ; શ્રીમદ્ ભાગવત અને અન્ય પુરાણો; ઉપનિષદો, મહાભારત, યોગવાસિષ્ઠ, હિતોપદેશ, વેદો, સ્મૃતિઓ ને અન્ય બ્રાહ્મણગ્રંથો, બધું કાશીમાં ગુરુ શેષ સનાતન પાસે શીખ્યા હતા તેના પર ચિંતન-મનન શરૂ થયું. સૌંદર્યપરક અને શિવપરક તમામ સાહિત્યનું દૃઢ પુનરાવર્તન કર્યું. પ્રખ્યાત તીર્થધામોનાં દર્શન કર્યાં. હિમાલય અને માનસરોવરનું સૌન્દર્ય ભરપેટ માણ્યું ને સાથોસાથ નિહાળી પ્રિય ભારતદેશની તત્કાલીન દુર્દશા.

માનસરોવરમાં, કહે છે કે, એમને કાકભુશુંડિજીનાં દર્શન થયાં. કાશીમાં એક પ્રેતે એમની કથાથી પ્રસન્ન થઈ હનુમાનજી સાથે મેળાપ કરાવ્યો. દંતકથા એમ પણ છે કે તુલસીદાસની કથામાં હનુમાનજી કાયમ કોઢિયાના વેષે આવતા. સૌની પહેલાં આવે અને સૌથી છેલ્લા જાય. તુલસીદાસ એક દિવસ રહસ્ય પામી ગયા. ચરણ પકડીને રામનો સાક્ષાત્કાર કરાવવા પ્રાર્થના કરી. હનુમાનજીએ ચિત્રકૂટમાં રહીને પ્રતીક્ષા કરવાની સલાહ આપી. ધ્યાનમાં લીન તુલસીદાસ પાસેથી, હનુમાનજીની વિનંતીને કારણે, રામ ને લક્ષ્મણ બે અશ્વારોહી દિવ્ય રાજકુમારોના રૂપે પસાર થઈ ગયા. પણ તુલસીદાસ પળ ચૂકી ગયા. રામદર્શન ગુમાવ્યાના સંતાપથી તપ્ત તુલસીદાસ નદીતટ પર શોકદગ્ધ બેઠા હતા કે એક યુવકે આવી પોતાને ચંદનનું તિલક કરવા કહ્યું. હનુમાનજીના સંકેતથી ઈષ્ટદેવને ઓળખી ગએલા તુલસીદાસ ભગવાનના સૌન્દર્યથી એટલા મુગ્ધ બની ગયા કે ચંદનલેપ કરવાનું વિસરી ગયા. કહે છે કે શ્રીરામે પોતે ચંદન લઈને તિલક કર્યું:

'ચિત્રકૂટ કે ઘાટ પૈ ભઈ ભક્તન કી ભીર,
તુલસીદાસ ચંદન ઘસૈ, તિલક કરે રઘુવીર!'

દંતકથાને ભલે ન માનીએ, પણ લાંબી યાત્રા પછી, શાસ્ત્રો અને કાવ્યોના સ્વાધ્યાય પછી, તત્કાલીન સંતો અને કવિઓના સત્સંગની ગંગામાં ધરાઈને સ્નાન કર્યા પછી, યુગ અને સમાજના ઝીણવટભર્યા સંપૂર્ણ નિરીક્ષણ પછી, ચિત્રકૂટમાં કવિને પોતાનો જીવનમાર્ગ સૂઝી ગએલો તે હકીકત છે. તેમની અંદર જે કંઈ ઘોળાતું હતું તે હવે કાવ્યરૂપે અવતરવા માટે તૈયાર હતું. ભારતના મહાન સાંસ્કૃતિક ગ્રંથ 'રામચરિત માનસ'ની યોજના મનમાં સાકાર થઈ ગઈ હતી.

તુલસીદાસની શાશ્વત કીર્તિનો આધાર 'રામચરિતમાનસ' છે. પૌરાણિક ઢબનું આ મહાકાવ્ય નખશીખ યોજનાબદ્ધ છે. કવિમાં મૌલિક પ્રતિભા ભારોભાર ભરી હતી, પણ કોઈ સ્વતંત્ર વિષય પર લખવાને બદલે એમણે રામકથાને જ પોતાના સર્જનનો વિષય બનાવ્યો. 'શ્રીકૃષ્ણ ગીતાવલી' સિવાયના એમના લગભગ બધા ગ્રંથોનો વિષય રામકથા જ છે.

કવિ, સંતશિરોમણિ ગોસાંઈબાબા તુલસીદાસજી

સંસ્કૃત યુગ આથમતાં પ્રાચીન જ્ઞાનનિધિ તથા આદર્શોથી વંચિત જનતા માટે રામચંદ્રજીની કથાનો આશ્રય લઈને એ કાળની પરસ્પર વિરોધી ભાવનાનો સમન્વય કરી સમગ્ર દેશને એક સૂત્રે ગ્રથિત કરનાર, ભગવાન બુદ્ધ પછીના ઉત્તર ભારતના એક મહાન લોકનાયક

• લેખક · જયેન્દ્ર ત્રિવેદી •

તત્કાલીન ભારતની ભારે દયનીય દશા એમણે નિહાળી હતી. તે જમાનાની વિચારપદ્ધતિ પ્રમાણે કળિયુગ બરાબર પ્રસરી ગયો હતો. કળિયુગના પ્રભાવમાં માણસનાં જીવનમૂલ્યો કેવાં બદલાઈ જાય છે તેનો કવિને પૂરો ખયાલ હતો. તેમણે નોંધ્યું છે કે 'લોકો બાવળ વાવીને તેની રક્ષા માટે આંબાની વાડ કરી રહ્યા છે!' આજથી ચાર સો વર્ષ પૂર્વે તેમણે જોએલી બેકારીનું વર્ણન આજે પણ કેવું તાદૃશ્ય લાગે છે!

'ખેતી ન કિસાન કો, ભિખારી કો ન ભીખ બલિ,
બનિક કો બનિજ ન ચાકર કો ચાકરી,
જીવિકાવિહીન લોગ સીદ્યમાન સોચબસ,
કહૈં એક એકન સોં કહાં જાઈ, કા કરી?'

આખો યે હિંદુ સમાજ અત્યંત હ્રાસાવસ્થામાં હતો લગભગ પાંચ સો વર્ષના ઈસ્લામના આક્રમણ પછી તે હતાશ થઈને દરિદ્રતા, અજ્ઞાન, વહેમ અને કુસંસ્કારમાં ફસાયો હતો. તુલસીદાસનો સમય (સંવત ૧૫૮૯–૧૬૮૦) અકબર ને જહાંગીરનો સમય હતો. ભારતમાં ઠરીઠામ થએલી મુઘલ સલ્તનતનો સૂર્ય ત્યારે સોળ કળાએ તપતો હતો. બાદશાહોની દોમદોમ સાહેબી અને સામાન્ય પ્રજાજનની પૂરી અધોગતિ ઊડીને આંખે વળગે તેવી હતી. ન સંસારી લોકો સુખી હતા, ન સંન્યાસીઓ. દંભી સાધુઓની જમાત દેશભરને ફોલી રહી હતી. 'નારી મૂઈ, ઘર સંપત્તિ નાસી; મુંડ મુંડાકે ભયે સંન્યાસી' ઉક્તિ પ્રમાણે બેકારીમાંથી બચવા વૈરાગી થએલાઓની સંખ્યા વધતી જતી હતી. પરદેશી શાસન તળે સમસ્ત હિંદુ પ્રજા હતવીર્ય થઈ ગઈ હતી. જીવનનો કોઈ આદર્શ ન હતો. આશાનું એક કિરણ પણ ક્યાં યે દેખાતું નહોતું. આખો દેશ ધણીધોરી વગરનો હતો તુલસીદાસને રામના ચરિત્રમાં આ પરિસ્થિતિનો ઉકેલ દેખાયો. પારિવારિક પ્રશ્નોથી માંડીને ઉત્તમ રાજ્યશાસન ચલાવવા માટે જે આદર્શની સમાજને જરૂર હતી તે આદર્શો રામકથામાં તેમને સ્પષ્ટ દેખાતા હતા. વાલ્મીકિરચિત અને અન્ય રામકથાઓમાંથી પોતાને અનુકૂળ લાગ્યા તે અંશો જ એમણે સ્વીકાર્યા અને પોતાની રીતે પાત્રો ને પ્રસંગોનું અર્થઘટન કર્યું. વાલ્મીકિના નરશ્રેષ્ઠ રામને તેમણે ભગવાનના અવતાર બનાવી દીધા. પોતાનું વક્તવ્ય વિદ્વાનભોગ્ય કરવા ઉપરાંત મુખ્યત્વે લોકભોગ્ય બનાવવાનું હોવાથી, સંસ્કૃતમાં રચના કરવાની પૂરી સજ્જતા હોવા છતાં એમણે લોકભાષાનું માધ્યમ પસંદ કર્યું.

રામને ભગવાનનો અવતાર માનવામાં કોઈ શંકા-કુશંકા ન કરે એ માટે પોતાની રચનામાં શિવ-પાર્વતી, યાજ્ઞવલ્કય–ભારદ્વાજ અને ગરૂડ–કાકભુશુંડીના સંવાદ પૂરી કુશળતાથી ગોઠવી આવી કુશંકા કરનારની શી દશા થાય છે તે દૃષ્ટાંત રૂપે સમજાવી દીધું. રામ ભગવાનના અવતાર છે એ વાત રખેને વાચક કે શ્રોતા ભૂલી જાય એમ માની કાવ્યમાં વારંવાર, રસભંગ થવાનો ભય ઉત્પન્ન થતો હોવા છતાં, ભક્તિવિહ્વલ હૃદયના હર્ષોદ્ગાર ડગલે ને પગલે, આકાશમાંથી થતી પુષ્પવૃષ્ટિની જેમ જ વરસાવ્યા. અસુરોના નાશ માટે કૃતસંકલ્પ દેવતાઓની યોજના સાકાર કરવા માતા સરસ્વતી કમને પણ મંથરાની બુદ્ધિ ભ્રષ્ટ કરી ગયાં એમ વાત ગોઠવી. ઉત્તર કાંડમાં સીતાત્યાગના, કવિહૃદયને આકર્ષવા પૂરા સમર્થ એવા માર્મિક પ્રસંગનો સર્વથા ત્યાગ કરી વિવિધ આધ્યાત્મિક ગ્રન્થોના દોહનમાંથી સમન્વય કરીને સારવેલું તત્ત્વજ્ઞાન સામાન્ય જનસમૂહને સરળ ભાષામાં સુલભ કરી આપ્યું. પોતાના યુગમાં વ્યાપક, શૈવો અને વૈષ્ણવો વચ્ચેના કલહથી શિવ-કાંચી અને વિષ્ણુ-કાંચી રૂપે છિન્નભિન્ન થએલી દક્ષિણની પ્રખ્યાત કાંચી નગરીની જેમ ઉત્તરની કાશી નગરીનું પણ ન થાય એ માટે પોતાના કાવ્યમાં શિવને રામની ને રામને શિવની વારંવાર પ્રશંસા કરતા નિરૂપ્યા. ઘટનાપ્રધાન 'રામાયણ' નામને બદલીને 'રામચરિતમાનસ' એવું ચરિત્રપ્રધાન નામ આપી અપભ્રંશ ઇત્યાદિ પૂર્વવર્તી ભાષાઓનાં ચરિત કાવ્યો પરની પોતાની પસંદગી સ્પષ્ટ કરી આપી. એ જમાનામાં પ્રિન્ટિંગ પ્રેસ, સિનેમા, રેડિયો, અખબાર કે ટેલિવિઝન જેવાં સાધનો ન હોવાથી, રામકથા ઘરેઘરે પ્રસરાવવી હોય તો કથાવાર્તાનું જ માધ્યમ શ્રેષ્ઠ છે એવી પ્રતીતિ થવાથી સમસ્ત કાવ્યની રચના એવી રીતે ગોઠવી કે એનું માસિક કે સાપ્તાહિક પારાયણ થઈ શકે. પોતે યૌવનમાં કથા કરેલી એ અનુભવને લક્ષ્યમાં રાખી દોહા-ચોપાઈની લોકભોગ્ય સાંગીતિક શૈલીને આ મહાકાવ્યમાં અપનાવી. (કહે છે કે એમણે કેટલીક વ્યક્તિઓને કથાવાચકની તાલીમ પણ આપેલી.)

આમ, આરંભથી અંત સુધી 'રામચરિતમાનસ' સભાન રીતે લખાએલું યોજનાબદ્ધ કાવ્ય છે. શરૂઆતમાં જ નિવેદન કરી દીધું કે 'વિવિધ પુરાણો, નિગમાગમોની સમ્મતિવાળી, રામાયણ ને અન્ય એવા ગ્રંથોના આધારવાળી આ રામકથા, તુલસીએ પોતાના સુખસંતોષાર્થે મધુરમીઠી દેશભાષામાં રચી છે.' ભક્તોચિત નમ્રતાથી કહી દીધું કે 'કોરા કાગળ પર લખી દઉં છું કે કાવ્યશાસ્ત્ર અંગેનો જરાયે વિવેક મારામાં નથી.' પણ આ ગ્રન્થ વાંચનાર પ્રત્યેક સહૃદયને તરત જ ખયાલ આવી જાય છે કે રામકથાના પ્રચાર માટે કાવ્યનું માધ્યમ પસંદ કરનાર આ સંત ઉપર મા સરસ્વતીની કેવી અસીમ કૃપા છે! કવિતાના જે કાંઈ ગુણધર્મો પ્રાચીન સમયથી ચર્ચાતા આવ્યા છે તે બધાના ઉત્તમ નમૂના આ મહાગ્રન્થમાં

> કીરતિ ભનિતિ ભૂતિ ભલિ સોઈ
> સુરસરિ સમ સબ કહઁ હિત હોઈ

કીર્તિ, કવિતા અને સંપત્તિ તે જ ઉત્તમ છે જે પવિત્ર ગંગા નદીની જેમ સૌકોઈનું કલ્યાણ કરે.

'રામચરિત માનસ'ની ચતુર્થ શતાબ્દી નિમિત્તે ભારતે બહાર પાડેલી ખાસ ટપાલ-ટિકિટ પર આપેલી બાલકાંડની આ એક ચોપાઈમાં તુલસીદાસજી લોકહિતાર્થે કહેવાતી રામકથા માટેના કવિતાના માધ્યમને ગંગાની ઉપમા આપે છે. કીર્તિ અને સંપત્તિની વચ્ચે એમણે કવિતાને ગોઠવી છે. જનહિતકારી હોય તો જ એમને આ ત્રણે ખપે છે. કળા ખાતર કળાનો સંકુચિત અર્થ એમણે કર્યો નથી.

યત્રતત્ર સર્વત્ર સ્વાભાવિક રીતે જ વેરાએલા પડયા છે. મંગલાચરણમાં જ કવિ 'વાણી વિનાયકૌ' અને 'ક્વીશ્વરકપીશ્વરૌ'ને જે રીતે વંદે છે તે જ બતાવી આપે છે કે કેવી પ્રૌઢ શૈલીના આ કવિ સ્વામી છે! ભક્તિ કરતાં કવિતાના અધિક પ્રેમી એવા તુલસી-રસિકો તુરત આંગળી ચીંધે છે કે, 'જોયું? વિનાયક પછી અને વાણી પહેલાં છે, હનુમાન પછી અને વાલ્મીકિ પહેલાં છે!' ભક્તિ-રસિયાઓ અને કવિતા-રસિયાઓની આવી મીઠી સ્પર્ધા તો પહેલેથી જ ચાલી આવી છે. બન્નેને તુલસીદાસ ક્ષણે ક્ષણે તૃપ્ત કરે છે. વિનોબાજીએ યોગ્ય જ કહ્યું છે કે ધર્મને સમજવા માટે બાઈબલ ને સાહિત્યરસ પામવા માટે શેક્સપીઅર તમારે અંગ્રેજીમાં અલગ અલગ વાંચવા પડશે; પણ બન્નેને સાથે માણવા હોય તો 'રામચરિતમાનસ'થી વધુ સારો ગ્રન્થ મળવો મુશ્કેલ છે. આવા કેટલા યે દ્વન્દ્વાત્મક ભાવોના સુભગ સમન્વય માટે તો તુલસીદાસને કોઈ ન પહોંચે. તમામ ક્ષેત્રોના વિવિધ મતમતાંતરોને એમણે એવી કુશળ કારીગરીથી સાંધી આપ્યા છે કે ભેદ ગળી જાય અને અભેદ ઊપસી આવે.

સમન્વયવાદિતા તો તુલસીદાસનો પ્રમુખ ગુણધર્મ છે. આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદીએ યથાર્થ જ નોંધ્યું છે કે 'એમનું સમસ્ત કાવ્ય-સાહિત્ય સમન્વયની એક વિરાટ ચેષ્ટા છે. લોકનો શાસ્ત્ર સાથે, ગાર્હસ્થ્યનો વૈરાગ્ય સાથે, ભક્તિનો જ્ઞાન સાથે, લોકભાષાનો સંસ્કૃત સાથે, બ્રાહ્મણનો ચાંડાલ સાથે, નિર્ગુણનો સગુણ સાથે, કથાનો તત્ત્વજ્ઞાન સાથે, પાંડિત્યનો સહજતા સાથે સમન્વય એ તુલસીદાસની આગવી વિશેષતા છે. વાચકને એમાંથી જે પસંદ પડે તે લે, પણ બીજાની નિન્દા ન કરી શકે. પૂર્વવર્તી અને સમકાલીન કવિઓએ વાપરેલી તમામ કાવ્ય પદ્ધતિઓના ઉત્તમ નમૂનાઓને તેમણે રામકથાથી શોભાવ્યા છે. ચંદ બારોટ વગેરેની કવિત-છપ્પય પદ્ધતિ, કબીર-રહીમ વગેરેની દોહા પદ્ધતિ, વિદ્યાપતિ-સૂર-કબીર વગેરેની પદ પદ્ધતિ, જાયસી વગેરે સૂફી કવિઓની દોહા-ચોપાઈ પદ્ધતિને તેમણે કુશળતાથી પણ સાહજિક રીતે અપનાવી છે. તે સમયની બંને કાવ્યભાષાઓ, વ્રજ અને અવધીને તેમણે પૂરાં લાડ લડાવ્યાં છે, અલંકારપ્રેમીઓ પ્રસન્ન થાય અને આખું અલંકારશાસ્ત્ર રચી શકાય તેવી સામગ્રી તુલસી-સાહિત્યમાં છે. રસવાદીઓ પીતાં ન ધરાય એવો સૂક્ષ્મ કાવ્યરસ તુલસીએ પોતાની રચનાઓમાં પીરસ્યો છે.

પ્રાચીન કે અર્વાચીન કોઈ પણ રુચિને સંતર્પી શકવાની શક્તિ તુલસીદાસમાં છે. માત્ર ભક્તિથી જ રીઝી જનારાઓને 'વિનયપત્રિકા' લોભાવે છે. શુદ્ધ સાહિત્યના જ આગ્રહીઓને 'કવિતાવલી' ડોલાવે છે. 'માનસ' બન્ને અર્ધનારીશ્વરની અદાથી સાચવે છે. કબીરે પ્રસારેલા નિર્ગુણ રામના મહિમાને તુલસીદાસે બાલકાંડમાં અપનાવીને રામથી પણ વધારે રામનામને મહત્ત્વ આપવામાં સંકોચ નથી અનુભવ્યો. (એવા યે તુલસીપ્રેમીઓ છે કે જે આહ્વાન આપે છે કે તુલસી-રામાયણમાંથી એવી પંક્તિઓ શોધી દો જેમાં 'રામ' શબ્દનો 'ર્' કે 'મ્' અક્ષર ન આવતો હોય! આ લખનારે એ વ્યાયામ કરીને પ્રતીતિ કરી છે કે એવી પંક્તિઓ મળે છે ખરી, પણ ઓછી—બહુ ઓછી.) સુરદાસના લીલાપુરુષોત્તમ શ્રીકૃષ્ણને પોતાનાં સંગીતમય પદોથી તુલસીદાસ આરાધે છે; જો કે લોકવાયકાના તુલસીદાસ ભક્તોચિત હઠ કરીને વાંસળીના સ્થાને ધનુષ્ય—બાણ ધારણ કરાવીને જ પ્રણમે છે. ભગવાનના મર્યાદા—પુરુષોત્તમ રૂપનો પ્રચાર કરનાર તુલસીદાસને પોતાના ભારતભ્રમણ પછી સૂઝી ગયું છે કે દેશને તે સમયે વાંસળી વગાડી લીલાગાન કરનાર પ્રેમી પુરુષની નહિ પણ આદર્શસેવી, અસુરસંહારક, રામરાજ્ય સ્થાપનાર વીર ને વત્સલ રાષ્ટ્રનાયકની જરૂર છે. આ લક્ષ્ય સિદ્ધ કરવા તેમણે પોતાની તમામ શક્તિઓને કામે લગાડી છે. પ્રસંગ કે પાત્રને, લીટી—અર્ધી લીટી લસરકામાં લીલામાત્રેણ તાદૃશ્ય કરી દેનાર આ કવિએ આ મહાન રચનામાં ડગલે ને પગલે આત્મ-સંયમનાં જે દર્શન કરાવ્યાં છે તે તો વળી વિશેષ અદ્ભુત છે.

આ યોજનાબદ્ધ કાવ્યનો આરંભ આજથી ચાર સો વર્ષ પૂર્વે સંવત ૧૬૩૧ના ચૈત્ર સુદિ નોમે, રામજન્મના દિવસે, તુલસીએ અયોધ્યામાં કર્યો અને એની પૂર્ણાહુતિ બરાબર બે વર્ષ, સાત માસ અને છવ્વીસ દિવસ પછી સંવત ૧૬૩૪ના માગશર માસમાં શુક્લ પક્ષમાં, રામવિવાહના દિવસે, કાશીમાં કરી. એમ મનાય છે કે અયોધ્યાના વૈરાગી સાધુઓની અસહિષ્ણુતા અને સામ્પ્રદાયિકતાના અતિરેકે તેમને રામનગરી અયોધ્યા છોડવાની ફરજ પાડી. પણ ધર્મ અને વિદ્યાના કેન્દ્ર કાશીમાં વસનાર પંડિતોની ક્ષુદ્રતાનો પણ કંઈ પાર ન હતો. કાવ્ય સમાપ્ત કરીને લોકો સમક્ષ રજૂ થતાં તો એને અભૂતપૂર્વ આવકાર સાંપડયો. પણ તથાકથિત પવિત્ર ભાષા સંસ્કૃતમાં એ લખાએલું ન હોવાથી પંડિતોએ મોં મચકોડયાં. વિવિધ વિચારધારાઓના દૃઢ આગ્રહી વિદ્વાનોને પણ તુલસીનો સમન્વયવાદ પસંદ ન પડયો, અને જટિલ તેમજ દુ:સાધ્ય કર્મકાંડમાંથી વિશાળ જનસમૂહને મુક્ત થઈને સીધા સરળ ભક્તિમાર્ગને અપનાવવાની તેમની સલાહથી વિશાળ કર્મકાંડી વર્ગનું સ્થાપિત હિત જોખમાયું. પંડિત સમાજના આચાર્ય મધુસૂદન સરસ્વતીને પણ તુલસીદાસને ઓળખવામાં ઠીક ઠીક વાર લાગી; પણ જ્યારે તેમણે આ પ્રતિભાવાન પુરુષનું મહત્ત્વ પિછાણ્યું ત્યારે એમનાથી સહજ રીતે કહેવાઈ ગયું કે 'કાશી રૂપી આ આનંદકાનનમાં આ હાલતો ચાલતો તુલસીનો છોડ છે, જેની કવિતામંજરી રામરૂપી ભ્રમરથી આભૂષિત છે.' શિવ—રામનું અદ્વૈત વર્ણવનાર તુલસીનો ભારે વિરોધ તો કાશીના શૈવોએ કર્યો. તેમની પોતાની 'માનસ'ની હસ્તપ્રત ચોરી જવા માટે શૈવોએ સતત પ્રયત્ન કર્યો. દંતકથા પ્રમાણે તો સ્વયં રામને તુલસીદાસની કુટીરનું રક્ષણ કરવા સદૈવ પહેરો ભરવો પડતો. પ્રભુને એ કષ્ટમાંથી બચાવવા તુલસીદાસે બીજી એક હસ્તપ્રત તૈયાર કરીને પોતાના પરમ મિત્ર ટોડરમલ જમીનદારના સંરક્ષણ તળે મૂકી. ભગવાન શંકર 'માનસ' પર પ્રસન્ન છે કે નહિ તેની ખાતરી કરવા પુજારીઓએ ભગવાન કાશીવિશ્વનાથના મંદિરમાં મૂર્તિ સામે સૌથી નીચે રામચરિતમાનસ, એના ઉપર પુરાણો, એના ઉપર શાસ્ત્રો અને સૌથી ઉપર વેદ ગોઠવ્યા. મંદિરને માથું તાળું ને ગોઠવ્યો ચોકી પહેરો. પ્રાત:કાળે તાળું ખોલીને જોયું તો સૌથી ઉપર રામચરિતમાનસ પડેલું! પૂજારીઓએ પછી તુલસીદાસને માન્યતા આપી.

ટોડરમલ સાથે જ્ઞાનગોઠડી જામતી. અકબરના દરબારના કવિરત્ન ખાનખાનાન અબ્દુર્રહીમ ખાન પણ એ ગોષ્ઠીમાં ક્યારેક જોડાતા. પણ તેઓ અકબર કે જહાંગીરના દરબારમાં આવવા માટે તુલસીદાસને ન સમજાવી શક્યા. ભગવાનને છોડીને પ્રાકૃત નરનાં ગુણગાન ન ગાવાની પ્રતિજ્ઞા કરનાર તુલસીદાસે ટોડરમલની મૈત્રીથી લોભાઈને એના મૃત્યુ પછી સ્નેહસૂચક થોડી પંક્તિઓ લખી છે (એ સિવાય કોઈ પ્રાકૃતજનને પોતાની કવિતાના વિષય બનાવ્યા નથી.) ટોડરમલના વંશજોને મિલકતની વહેંચણી કરી આપી પંચનામા પર સાક્ષી રૂપે પોતાની સહી પણ કરી આપેલી. તારીખ પ્રમાણે ગણતાં ઈ. ૧૬૧૨ના સપ્ટેમ્બરની ૨૮-મી તારીખે લખાએલો આ દસ્તાવેજ આજે પણ કાશીના રાજાના સંગ્રહાલયમાં છે તેવી માન્યતા છે. રહીમ સાથેની એમની મૈત્રીના કેટલાક કિસ્સા બહુ પ્રચલિત છે. કહે છે કે એક દરિદ્ર બ્રાહ્મણ કન્યાદાનજોગી રકમ મેળવવા તુલસીદાસ પાસે આવ્યો. તુલસીદાસે તેને દોહાની એક પંક્તિ લખી આપીને રહીમ પાસે મોકલ્યો. રહીમે તુલસીદાસની કલમને ઓળખીને દોહાનું બીજું ચરણ લખી આપ્યું અને પુષ્કળ ધન આપીને વિદાય કર્યો. પહેલા ચરણમાં તુલસીએ લખ્યું હતું:

'સુરતિય, નરતિય, નાગતિય, સબ ચાહત યહ હોય:'

(એટલે કે 'સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ એમ ત્રણે લોકની સ્ત્રીઓ એમ ઈચ્છે છે કે...') આટલું લખીને તુલસીદાસે અધૂરો છોડેલો દોહો રહીમે આમ લખીને પૂરો કર્યો કે—

'ગોદ લિયે હુલસી ફિરે, તુલસી સો સુત હોય.'

(અર્થાત્ 'ત્રણે લોકની સ્ત્રીઓ ઇચ્છે છે કે અમે સૌ તુલસી જેવા પુત્રને ખોળામાં રમાડીને હુલસીની જેમ આનંદીએ.') કહે છે કે સુરદાસ, નંદદાસ વગેરે સમકાલીન કવિઓની પણ તુલસીદાસે મુલાકાત લીધેલી. જોનપુરના જૈન કવિ બનારસીદાસ જેને રામાયણની સ્તુતિ કરતું કાવ્ય લખી મોકલ્યું તો જવાબમાં તુલસીદાસે પાર્શ્વનાથની એક સુંદર સ્તુતિ લખી મોકલેલી. ઇતિહાસની દૃષ્ટિએ જે યથાર્થ નથી લાગતી એવી અનેક દંતકથાઓમાંની એક એ પણ છે કે પરિવારના ત્રાસથી કંટાળેલી મીરાંએ ઘર છોડવા અંગે તુલસીદાસની સલાહ માગી તો તુલસીદાસે સ્પષ્ટ લખી જણાવ્યું કે

'જાકે પ્રિય ન રામ વૈદેહી,
તજિયે તાહી કોટિ બૈરી સમ, જદ્યપિ પરમ સનેહી!'

અર્થાત્ 'જેમનાં હૃદયમાં રામસીતાનો વાસ નથી એ નિકટનાં સ્નેહી સગાં હોય તો ય મહાવેરી જેવાં ગણીને એમનો ત્યાગ કરવો.'

આ દિવસો, તુલસીદાસના કંઈક સુખચેનમાં વીત્યા હોય એમ લાગે છે. આ વખતે તુલસીદાસ ગોસાંઈ (=ગોસ્વામી) બન્યા હોય એવું અનુમાન છે. પરંતુ એ બધું પણ જલદી છોડીને સંન્યસ્ત લઈને કાશીના અસ્સીઘાટ પર રહ્યા એમ માનવા પ્રમાણ મળે છે.

તુલસીદાસે સ્થળે સ્થળે હનુમાનજીનાં મંદિરો બંધાવી શક્તિની ઉપાસના કરવાનો રાષ્ટ્રના યૌવનને માર્ગ ચીંધ્યો. રામલીલા રચી, એનું દિગ્દર્શન કરી, ગામેગામ એનું આયોજન થાય એવી વ્યવસ્થા પણ ઊભી કરી. તેમના જીવનકાળમાં જ તેઓ ઉત્તર ભારતમાં જાણીતા થઈ ચૂક્યા હતા. કથાવાચકોની ઊભી થએલી શ્રેણીઓએ ગામેગામ રામકથા પહોંચાડવાનું આરંભી દીધું હતું. રામાયણ-વાચકોની એક જાળ સમસ્ત ઉત્તર ભારતમાં ધીરે ધીરે પથરાઈ ગઈ એનું એક કારણ એની સંગીતમય શૈલી ગણાય. લખાતા શબ્દ કરતાં બોલાતા શબ્દની, અને બોલાતા શબ્દ કરતાં ગવાતા શબ્દની અસરકારકતા અનેક ગણી વધી જતી હોય છે. આજે તો ભારતમાં બહુ વંચાતા અને ખપતા ગ્રંથોમાં 'માનસ'નું સ્થાન ઘણું આગળપડતું છે. અંગ્રેજી અને અન્ય અનેક ભાષાઓમાં એના અનુવાદ થયા છે. પ્રો. બરાન્નિકૉફના અભિપ્રાય પ્રમાણે રશિયામાં માનસના અનુવાદની ખપત જબરદસ્ત છે. ઈ. ૧૮૮૯માં ઑસ્ટ્રિયાના વિયેના નગરમાં ભરાએલી પ્રાચ્યવિદ્યા વિશારદોની આંતરરાષ્ટ્રીય સભામાં ગ્રીઅર્સને તુલસીદાસનો પશ્ચિમને યોગ્ય પરિચય કરાવ્યો તે પહેલાંથી તેમની કીર્તિ ભારત બહાર તો પહોંચી ગએલી. માનસનાં વિવિધ દૃષ્ટિએ થતાં અધ્યયનોએ અનેકાનેક વિદ્વાનોને પીએચ.ડી.ની ઉપાધિ રળી આપી છે. ગયા વર્ષે સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે મળેલી ભારતીય હિંદી પરિષદમાં એક આખી ગોષ્ઠી તુલસી પર થએલા સંશોધનકાર્ય અંગે જ યોજાએલી. દિવસોના દિવસો ઓછા પડે એવી વિદ્વદ્ભોગ્ય ક્ષમતા તુલસીસાહિત્ય ધરાવે છે.

એમના નામે ચડેલા અનેક ગ્રંથોમાંથી બાર પ્રમાણભૂત મનાય છે. 'રામલીલાનહછૂ'માં સોહર છંદમાં રચાએલા વીસ પદોમાં વિવાહ સમયે મિથિલાની સ્ત્રીઓએ રામના નખ કાપતી વખતે જે વાગ્વિનોદ કર્યો તેનું લોકગીતઢબે સરળ વર્ણન છે. 'રામાજ્ઞાપ્રશ્ન' કવિતાનો ગ્રંથ નથી. અમુક કામમાં સફળતા મળશે કે નહિ એનો નિર્ણય કરવા માટે પ્રશ્ન પૂછીને જવાબ મેળવવાના આ ગ્રંથમાં પણ તુલસીદાસે લખી છે રામકથા જ. 'જાનકીમંગલ'માં સીતાના લગ્નનું વર્ણન છે. 'પાર્વતીમંગલ'માં શિવ-પાર્વતી-વિવાહનું વર્ણન છે. 'ગીતાવલી'માં રામજીવનનાં ૩૨૮ ગીત છે. 'કૃષ્ણગીતાવલી'માં કૃષ્ણજીવનનાં ૬૧ ગીતો છે. 'બરવૈ રામાયણ'માં બરવૈ છંદમાં રામકથા અને રામભક્તિના ૪૨ અને ૨૭ છંદ છે. 'દોહાવલી'માં 'માનસ'ના કેટલાક દોહા ઉપરાંત સ્વતંત્ર અન્ય દોહા પણ સંગૃહીત છે. 'વૈરાગ્ય સંદીપની'માં વૈરાગ્ય અને જ્ઞાનના ભાવવાળા છંદો છે, તો 'હનુમાન બાહુક'માં હનુમાનજીની સ્તુતિ છે. આ સ્તુતિ 'કવિતાવલી'ની સાથે છપાએલી અને સ્વતંત્ર છપાએલી પણ મળે છે. 'કવિતાવલી' છૂટક મુક્તકોનો રસપૂર્ણ સંગ્રહ છે. વખતોવખત તુલસીદાસે રામનાં સૌન્દર્ય, શીલ અને શક્તિનાં વર્ણન કાજે જે છંદો લખ્યા હશે તેનો શિષ્યોએ કરેલો આ સંગ્રહ છે. નખશીખ સુંદર કવિતાને માણવા માટે આ ગ્રંથ અદ્વિતીય છે. વિશેષ કરીને ભાવાનુકૂલ શબ્દરચના માટે 'સુંદર કાંડ' તો ખાસ સુંદરકાંડ છે. 'વિનયપત્રિકા'માં ભક્ત તુલસીદાસની આર્જવયુક્ત વાણી ચરમ સીમાએ પહોંચી છે. એનાં પદોમાં ભાવવિહ્વળતા ને તત્ત્વજ્ઞાન બંનેનો અનુભવ થાય છે. 'રામચરિતમાનસ', 'કવિતાવલી' અને 'વિનયપત્રિકા'ની ત્રિપુટી તુલસીદાસની કીર્તિને વધુ ને વધુ વ્યાપક બનાવવામાં યુગો સુધી સમર્થ રહેશે.

જીવનની અંતવેળાએ તુલસીદાસે ખૂબ શારીરિક પીડા વેઠેલી. ખાસ કરીને હાથના દુખાવાએ એમને ભારે દુ:ખી કર્યા હોય એમ લાગે છે. સંવત ૧૬૮૦ના શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની ત્રીજ અને શનિવારે તેમણે પોતાને અત્યંત પ્રિય એવી ગંગા નદીના તટે દેહ છોડયો.

તુલસીદાસ વર્ણાશ્રમના આગ્રહી સનાતન ધર્મમાં માનનાર પંડિત હતા એ આજે સહેજ ખૂંચે તેવી વાત લાગે છે. સરહપાદ, ગોરખનાથ અને કબીરદાસે સ્થૂલને બદલે સૂક્ષ્મને આરાધવાનો બોધ કરી ગતાનુગતિકતા, ઢોંગ-ફરેબ, અંધશ્રદ્ધા, વહેમ વગેરે પર કુઠારાઘાત કરીને બુદ્ધિપૂત સત્યનિષ્ઠ આચાર-વ્યવહારનું જે વાતાવરણ ઊભું કર્યું હતું તે માનસે ધોઈ નાખ્યું એમ આક્ષેપ કરનારાઓની વાણીમાં તથ્ય છે.

ભૂતકાળમાંથી પ્રેરણા લેવી એ બરાબર છે, પણ ભાવિ સમાજની કલ્પના પણ ભૂતકાલીન ભવ્ય સમાજના આધારે કરવી એ એક મર્યાદા જ ગણાય. તુલસીદાસના સમકાલીન શેક્સપીઅરે 'ધ ટૅમ્પેસ્ટ' નાટકમાં એરિયલના પાત્ર દ્વારા આવી રહેલી ઔદ્યોગિક-વૈજ્ઞાનિક ક્રાંતિના જાદુને પરખ્યું તેવું તુલસીદાસથી નથી થઈ શક્યું એના બચાવમાં બંનેના દેશની સાવ વિભિન્ન એવી પરિસ્થિતિ હતી એ સાચું છતાં જીવનમાં માનવતાવાદનું જ આચરણ કરનાર ભગવાન રામને ગુહ, કેવટ અને શબરી સાથે સમાન વ્યવહાર કરતા દેખાડનાર તુલસીદાસ વર્ણાશ્રમ ધર્મની પુનર્સ્થાપનાના મોહમાં નવી આવનારી હવાને જાણ્યેઅજાણ્યે થોડો સમય રોકનાર બન્યા. આજના બુદ્ધિવાદી યુગને એમનું પ્રચારકપણું (ભલે રામ જેવા રામનું) ખૂંચ્યા વિના રહેવું નથી. સીતા જેવા પાત્ર દ્વારા નારીનું ખરું મહત્ત્વ પ્રકટ કરનારા તુલસીદાસ બધે નારીના યોગ્ય પ્રશંસક રહ્યા નથી. જો કે એમનાં પાત્રો દ્વારા ઉચ્ચારાએલી કેટલીક ઉક્તિઓના આધારે અત્યારના નારીપૂજક લોકો એમની અતિ નિંદા કરે છે એ ખોટું છે, તો પણ સાચા વેદાંતીની જેમ નારીને માયાનું પ્રતીક માનનારા તુલસીદાસે આજનો નારીસમાજ પણ પ્રસન્ન રહે એવું વલણ માનસમાં કે અન્યત્ર સ્ત્રીઓ વિષે દાખવ્યું નથી.

પણ આ મર્યાદાઓ તો ક્ષુલ્લક છે. વાત એમ છે કે તેમના મહાન વ્યક્તિત્વથી અંજાઈ ને આપણે જ કાં તો એમના વિષે એવી આશા-અપેક્ષાઓ રાખતા થઈ જઈએ છીએ કે કાં તો આપણા આજના બૌદ્ધિક ત્રાજવે એમને તોળવા આપણે લલચાઈએ છીએ અને એ ક્યાંક ઊણા ઊતરે તો દુ:ખી થઈએ છીએ. બાકી તો ગ્રીઅર્સને કરેલું મૂલ્યાંકન બરાબર છે કે 'ભગવાન બુદ્ધ પછી ઉત્તર ભારતને ખરો લોકનાયક કોઈ મળ્યો હોય તો તે તુલસી જ છે.' □

'રામચરિતમાનસ'ની આ ચારસોમી જયંતી નિમિત્તે 'હિઝ માસ્ટર્સ વૉઈસ' કંપની મુરલી મનોહર શર્માએ બેસાડેલી તરજોમાં અને મુકેશ, વાણી જયરામ તથા અન્ય ગાયકોના સૂરમાં 'માનસ'ની એલ.પી. રેકૉર્ડ્સ બહાર પાડી રહી છે. આ રેકૉર્ડ્સ એક મધુર સંતર્પક અનુભવ કરાવે છે.

ઇ. ૧૯૩૦નું વર્ષ બેસી ગયું. ગાંધીજીએ કહ્યા પ્રમાણે અહિંસક માર્ગે નિર્દિષ્ટ સમયમાં આઝાદી હાંસિલ ન થઈ. સ્વાતંત્ર્યની લડતમાં હવે તડજોડનું સ્થાન ન રહ્યું. પ્રાપ્ત એ શસ્ત્રાસ્ત્ર વડે મુઠ્ઠીભર ક્રાંતિકારીઓએ થંભાવી રાખેલો વૈપ્લવિક કાર્યક્રમ પુનઃ આરંભી દીધો: પાંચ-પચ્ચીસ ગોરા સાહેબોને મારીને આઝાદી મેળવવાના તરંગી સ્વપ્નથી નહિ, પણ ટટ્ટાર સામી છાતીએ શહીદી વહોરીને નિઃશેષ આત્મવિસર્જન દ્વારા આ પરાધીન દેશના સૂતેલા ખમીરને જગાડવા એમણે મોતને ભેટવાનું શિક્ષણ શરૂ કર્યું. ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામની એ ભૂમિકા પર મંડાએલું આ એક પ્રકરણ છે. બંગાળના સુખ્યાત લેખક શૈલેશ દેએ એમાં સરફરોશીની તમન્નાથી થનગનતા ત્રણ તરુણોની કથા આલેખી છે.

વિનય-બાદલ-દિનેશ

અનુવાદક • સુકન્યા ઝવેરી

આ જ એ શહીદતીર્થ. આ જ આઠમી ડિસેમ્બર. એમના પ્રત્યે આજ શ્રદ્ધાંજલિ અર્પિત કરવાનો દિવસ.

ચૂપચાપ, ધીમે ધીમે આગળ વધ. જો, એમની નિંદર ઊડી ન જાય. આ પગથિયાં ચડી ઉપર જા—સીધી પહેલા માળ પર. તેઓ પણ તે દી આ જ રીતે પગથિયાં ચડીને ઉપર ચડયા હતા, મલ્લિકા!

આ જ છે એ ઐતિહાસિક અટારી, જ્યાં તે દિવસે 'બારામદા બૅટલ' ખેલાઈ હતી. ઊજવાયો હતો. સજવાયો હતો એક સાહસપૂર્ણ ચમત્કાર અધ્યાય, જે આજ પણ અમ્લાન, અક્ષય, અમર બની રહ્યો છે સ્વાધીનતા-સંગ્રામના ઇતિહાસનાં પાનાંઓ પર.

આ જો એમની છબી. તેઓ હતા ત્રણ જણ: વિનય, બાદલ અને દિનેશ. અહીં માથું નમાવ મલ્લિકા. પ્રણામ કર.

મૌન અતીત આજ મુખર બની ઊઠયો છે. કાન માંડીને સાંભળ. નીરખીને જો, અદશ્ય શાહીના અક્ષરે શું લખ્યુ છે અહીંના પ્રત્યેક ઈંટ-પથ્થર પર! લખ્યું છે: 'લોહીમાં મારા લાગી છે આજ સર્વનાશની ધૂન.' આ કંઈ બોલવા ખાતર બોલાએલા બોદા શબ્દો નથી. કેવળ ખાલી અવાજ જ નથી. સાચે જ તે દી બંગાળના તરુણોનું રક્ત સર્વનાશના નશાથી મત્ત થઈ ઊઠયું હતું, મલ્લિકા!

ઈસવી સન ૧૯૩૦ થી ૧૯૩૫. હસતે મુખડે મૃત્યુવંદના કરવાનો જે ગૌરવ-ઉજ્જ્વળ ઇતિહાસ આ કેટલાંક વર્ષમાં બગાળમાં રચાયો હતો, લાગે છે, તેની ક્યાં ય તુલના નથી.

ભારતવર્ષના અગ્નિયુગની વૈપ્લવિક કર્મધારા પહેલ પ્રથમ શરૂ થઈ હતી ઓગણીસમી સદીની આખરમાં. વીસમી સદીના પ્રથમ બે દસકામાં પણ તે અક્ષુણ્ણ હતી યથારીતિ. તે પછી એકદમ બધ.

શાને આવી અણછાજતી નિઃશબ્દતા? એનું કારણ શું? કારણ ગાંધીજી. ગાંધીજીનું ત્યારે એકમાત્ર લક્ષ્ય હતું વિભિન્ન વિપ્લવી પક્ષોને એકઠા કરવાનું. એ જો અલગ રહે તો એનો અર્થ એટલો જ કે દેશની શ્રેષ્ઠ યુવશક્તિના અવદાનથી વંચિત રહેવું. તે તો બને જ નહિ. ગમે તેમ કરીને કોઈ પણ રીતે એમને કૉંગ્રેસમાં આણવા જ રહ્યા.

પણ તેઓ એ વાત સાંભળે શાના? અહિંસક નીતિમાં તેઓને આસ્થા નહોતી. ચર્ચાની આપલે કે તડજોડથી તેઓ ટેવાએલા નહોતા. તેથી એ સંબંધે તો કોઈ સવાલ જ પેદા થતો નહોતો. કોણ એમને સમજાવી ફોસલાવીને પાસે આણી શકે? દેશબંધુ? હા, તેઓ જ એક એવી વ્યક્તિ હતા જેમના પર એમને થોડી આસ્થા હતી.

વાત ખોટી નહોતી મલ્લિકા. સાચે જ તે દી વિપ્લવીઓ શ્રદ્ધાભરી નજરે દેશબંધુ (ચિત્તરંજન દાસ)ને જોતા. અને દેશબંધુને પણ તેઓ પર એટલી જ લાગણી હતી. વિપ્લવીઓની વાત નીકળતાં ઉઘાડે છોગે જ તેઓ બોલતા: 'એમની નિષ્ઠા અને આત્મત્યાગનો વિચાર આવતાં જ મારા સકળ અહંકારના ચૂરેચૂરા થઈ જાય છે.'

સંદેશો મળતાં જ—સાદ પડતાં જ તે દી બધા જ ભેગા થયા હતા દેશબંધુને ઘેર. ગાંધીજી પણ ત્યાં હાજર થઈ ગયા હતા. તેમણે જ બધા વિપ્લવીઓને આમંત્રણ દીધું હતું: 'તમે બધા કૉંગ્રેસમાં જોડાઓ ભાઈઓ, કોઈ આઘા રહો મા.'

'Had India sword, I would have asked her to draw it. But she had no sword. I ask her to adopt nonviolent non-co-operation.' વધુ સ્પષ્ટ કરી ઉમેર્યું હતું: 'Non-violence may be accepted as a creed or policy. I am out to destroy this Satanic Government.'

રાજી થયા હતા બંગાળના વિપ્લવી નાયકગણ. પણ તો યે એક શર્તે: અખતરા ખાતર થોડા દિવસ વૈપ્લવિક કાર્યક્રમ બધ રાખવો; પણ જો અમને લાગશે કે નિર્દિષ્ટ સમયમાં આપ આપના દાવા પ્રમાણે ફળ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયા છો તો પછી અમે છુટ્ટા!

જોતજોતાંમાં વીતી ગયું ૧૯૨૯નું વર્ષ. ફરી ચંચળ બની ઊઠયા વિપ્લવી નાયકવૃંદ. ગાંધીજીએ વચન દીધુ હતું કે ૩૧મી ડિસેમ્બર સુધીમાં સ્વરાજ્ય મેળવી દેશે. પણ ક્યાં સ્વરાજ્ય ને શી વાત? ના, હવે મોડું કર્યે નહિ ચાલે. વાતોવાતોમાં ખૂબ સમય વીતી ગયો. હવે અમે અમારે રસ્તે જઈશું. ચાલો બધા સાબદા થઈ જાઓ. આવેદન-નિવેદનની આપલે નહિ, તડજોડ નહિ. સ્વાધીનતા તો અમારો જન્મસિદ્ધ હક્ક! પોતાની શક્તિ વડે જ અમે એ મેળવીશું.

આવી સાલ ૧૯૩૦. શરૂ થયો પ્રચંડ ખૂનખાર જંગ. આ થઈ તે દીના સંગ્રામની ભૂમિકા. વિનય-બાદલ-દિનેશની કથા તો એ ખૂનખાર જંગનો એક અંશમાત્ર. સવાલ એ પેદા થાય છે કે શા માટે વિપ્લવીઓનો આવો પ્રચંડ પ્રયાસ? સંખ્યામાં તેઓ મુઠ્ઠી ભર, ગણ્યાગાંઠયા. અસ્ત્રશસ્ત્ર યે સામાન્ય. એવી સામાન્ય મૂડી વડે બે-ચાર ગોરા સાહેબો માર્યે કંઈ દેશ સ્વાધીન થઈ જાય ખરો?

વિપ્લવીઓ કંઈ મૂરખ કે ભાવપ્રવણ નહોતા, મલ્લિકા. બેચાર સાહેબ માર્યે દેશ આઝાદ નહિ થાય એ વાત બીજા બધા કરતાં તેઓ જ વધુ સારી રીતે જાણતા હતા. તો પછી બધું જાણવા-જોવા છતાં શાની આ આપ્રાણ પ્રચેષ્ટા? શા માટે એક પછી એક નિઃશેષ આત્મવિસર્જન?

એનો જવાબ દીધો હતો વિપ્લવી નાયક બારીન ઘોષે: 'We did not mean or expect to liberate our country by killing a few Englishmen. We wanted to show people how to dare and die...આપણે વારંવાર માર ખાઈખાઈને ભાંગી પડયા છીએ. અધમૂઆ થઈ ગયા છીએ. અમારા નિઃશેષ આત્મવિસર્જન દ્વારા અમે એમને જગાડવા, જણાવવા માગીએ છીએ કે મૃત્યુ જરા યે ભયંકર નથી. તેથી ટટ્ટાર થઈ સામી છાતીએ આગળ વધો.'

વધુ સ્પષ્ટ કરીને બોલ્યા હતા પરદેશી કારાગારમાં પ્રથમ શહીદ

। ધીંગરા. ઇંગ્લૅન્ડની અદાલતમાં કહ્યું હતું : The only les-
quired in India at present is to learn how to
ıd the only way to teach it is by dying our-
. ભારતવર્ષમાં અત્યારે એક જ શિક્ષણ જરૂરી છે, અને એ છે
મેટવાનું શિક્ષણ, અને એ શિક્ષણનો પથ પણ એક જ છે, પોતે
ભેટી દેખાડવું.

એક જ વાત. એક જ વક્તવ્ય. સ્વરાજ્ય મેળવવા માટે સૌ પ્રથમ
થઈ મૃત્યુને જીતવું, કાયર, ડરપોક કે ભીરુ માટે સ્વાધીનતા નથી.
ત તો અક્ષરે અક્ષર સાચી છે, મલ્લિકા. એનું પ્રમાણ ઐતિહા-
ારત છોડો' આંદોલન. કોઈ તે દી મોતથી ડર્યું નહોતું. કોઈ પાછું
નહોતું. ઊલટાનાં દેશનાં લાખો નરનારીઓ તે દી નીડરતાથી
। બૅયૉનેટ સામે સામી છાતીએ આગળ વધ્યાં હતાં. હજારો નર-
। દી હસતે મુખે મૃત્યુને વર્યાં'તાં. પોલીસ ને મિલિટરીના બેપરવા
ડે ગોળીના વરસાદ સામે દુર્જેય સંકલ્પોથી છલકાતાં એક જ
ઉચ્ચારતાં હતાં : 'અંગ્રેજો ભારત છોડો—ક્વિટ ઇન્ડિયા.'
વેપ્લવીઓ જ તો હતા એ વાટના ભોમિયા ! હસતે મુખડે મૃત્યુને
ની કલા તો એમણે જ પોતાનાં નિઃશેષ આત્મવિસર્જન દઈ શી-
ી હતી.

લ તો હવે મૂળ વાત ઉપર આવું. 'લોહીમાં લાગી છે આજ સર્વ-
ી ધૂન' એવાં પોસ્ટરોથી આ મહાનગરીની છાતી છવાઈ ગઈ હતી.
મલાલ થઈ ગયાં હતાં વાટ–ઘાટ, ગલીકૂંચી. બધું જ લોહી જેવું
ધક ધક કરી કાંપી રહી હતી આ મહાનગરીની છાતી. સહુના મુ-
ં એક જ સવાલ, સહુના મનમાં એક જ ગુંજન. વાત શી હતી ?
ં હતાં આ બધાં પોસ્ટરો ? વાતચીતમાં કંઈક ભયંકરતાનો આ-
। વર્તાતો હતો. મનમાં થતું હતું જાણે કંઈક બનશે. અને સાચે જ
ું પણ હતું. કેવળ આ મહાનગરીનું જ નહિ, સમગ્ર બંગાળમાં
કનું લોહી, શોણિત તે દી લાલમલાલ થઈ ગયું હતું. આજ એ ઇતિ-
નું એક પાનું ફાડી તારી સામે રાખું છું મલ્લિકા.

એનો પૂરો ઇતિહાસ કહેવો એ મારા ગજા બહાર છે. હું તો શું પણ
ને માટેય એ શક્ય નથી; કેમ કે આ ઇતિહાસના નાયકોનો સૌથી મોટો
મ હતો 'મંત્રગુપ્તિ.' એટલે કે કોઈ વાત નહિ, કોઈ સવાલ નહિ;
ા નિઃશબ્દ સૈનિકની જેમ આગે બઢો. સાવધાનતા એવી કે માણસ
શું કાળો કાગડો પણ જાણતો નહિ. તેથી લોકચક્ષુની આડમાં ક્યાં
ા કેટલો રક્તપાત થયો હતો તેનો ઇતિહાસ કહેવો કોઈને ય માટે
ય નથી. જાણવા માગીએ તો ય કોઈની વ્યક્તિગત અભિજ્ઞતા યા
નાની, અનુમાનની પાંખે ઊડવા સિવાય કોઈ રસ્તો જ નથી.

તેથી જ અસંભવ પાછળ દોટ ન દેતાં હું કેવળ કિશોર મનની સ્વપ્ન-
લ આંખે જેને જોયો હતો, જેને અત્યંત પ્યાર કર્યો હતો, એ મારા
ણલામાં દેખેલા રાજકુંવરની વાત તને સંભળાવું છું. એ હિસાબે તું આ
હણીને ઇતિહાસ ન કહેતાં ઇતિહાસનો ભગ્નાંશ કહી શકે છે.

. સ. ૧૯૩૦. ત્યારે હું ઢાકાની નવકુમાર સ્કૂલમાં સાતમીમાં ભણતો.
પ્રિલનો મહિનો. હજુ સવાર પડ્યું જ હતું. શહેરનું કામકાજ રોજની
ા શરૂ જ થયું હતું. અચાનક એક ખબર સાંભળી. આખા શહેરમાં
હા મચી ગઈ. ગઈ રાતે, ૧૮મી એપ્રિલે માસ્ટર દા સૂર્યસેનના નેતૃત્વ
ળ ચટ્ટગ્રામ (ચિતાગૉંગ)ના વિપ્લવી વીરોએ એક અભાવનીય ઇતિ-
સ સર્જ્યો હતો : ચટ્ટગ્રામ સ્વતંત્ર ! આઝાદ ! મુક્ત ! બ્રિટિશ યૂનિ-
ન જૅકને બદલે ત્યાં ફરફર કરતો લહેરાતો હતો ભારતનો રાષ્ટ્રધ્વજ !

મલ્લિકા, એ સમાચાર સાંભળીને સારા યે શહેરમાં એ શી ઉત્તે-
ના ! એ શી ઉન્માદના ! સૌને મુખે એક જ વાત : 'શાબાશ ચટ્ટ-
મ ! શાબાશ માસ્ટર દા ! શાબાશ ચટ્ટગ્રામના વીર વિપ્લવી વૃંદ ! ખરું કરી દેખાડ્યું હોં !' પણ એ ઉત્સાહ ઝાઝા દિવસ ટક્યો નહિ, મલ્લિકા. શરૂ થયું ઘવાએલા બ્રિટિશ સિંહનું પ્રચંડ આક્રમણ અને નિર્મમ નિર્યાતન. તેમની ધારણા હતી કે ફરારી વિપ્લવીઓમાંના કોઈ ને કોઈ તે દી ઢાકામાં છુપાયા હતા; ઢાકામાં જ આશરો લીધો હતો. ગમે તે ભોગે એમનાં માથાં જોઈએ જ જોઈએ. શો એ પાશવિક અત્યાચાર ! 'બોલો ! ક્યાં છુપાવી રાખ્યા છે એમને ? કહેવું જ પડશે. નહિ તો તમારો છૂટકો નથી.' જો કે પાછળથી બધા જ પકડાઈ ગયા હતા એક એક કરીને. પણ તેથી કંઈ વિપ્લવ વ્યર્થ નહોતો ગયો.

સ્કૂલમાં અમે ત્રણ ગોઠિયા, હું, ગણેશ મિત્ર ને રંજિત બોઝ. એક વર્ગમાં ભણતા. તે દી હતો શનિવાર. અચાનક ગણેશ બોલ્યો : 'ચાલો મૅચ જોઈ આવીએ.' 'ક્યાં ?' 'મિટફોર્ડ મેડિકલ કૉલેજમાં. આજે ત્યાં ટેનિસની રમત ભારે મસ્ત થવાની છે.' અમે તો ઊપડ્યા. થોડી જ વારમાં હું તો તન્મયતાથી ડૂબી ગયો—ખેલ જોઈને નહિ, ખેલાડી જોઈને.

શો ઉજ્જ્વળ, બલિષ્ઠ અને પ્રાણશક્તિથી છલકાતો ખેલાડી ! બુદ્ધિદીપ્ત આંખો. પાતળા અધરોષ્ઠ. સુગઠિત દેહને ઘેરતી આભિજાત્યની છાપ. બધું મળીને એક અનિંદ્ય કાંતિપુરુષ જાણે ! કોઈ રાજકુંવર જ જોઈ લ્યોને ! રાજકુંવર સિવાય આવો સુંદર ચહેરો કોનો હોઈ શકે ? એ ખેલાડીને જોઈને મને એક જ ઉપમા યાદ આવતી : 'રાજકુંવર.' આજે હું તને એ રાજકુંવરની જ વાર્તા કહી સંભળાવીશ.

'શું હાઈક્લાસ રમે છે !' ગણેશ ગણગણ્યો. 'એનું નામ વિનય બોઝ. મેડિકલ કૉલેજના ચોથા વર્ષમાં ભણે છે. ખૂબ મોટા માણસનો દીકરો છે. ભણવામાં ખૂબ હોશિયાર.' 'તને શી ખબર ?' મેં પૂછ્યું.

'મારા ભાઈએ કહ્યું. વિક્રમપુરમાં ઘર છે. એના પિતાનું નામ રેવતીમોહન બોઝ. જમશેદપુરમાં રહે છે. ખાસ્સા મોટા શિકારી છે. શું એમનું નિશાન છે ! કોઈ દી ગોળી ખાલી નથી ગઈ.'

રમત પૂરી થઈ. શું મસ્ત રમ્યો'તો મારો એ રાજકુંવર ! જેનો જોટો નહોતો. એ બલિષ્ઠ હાથના ફટકા ! એક પછી એક ખેલાડી બહાર નીકળી રહ્યા હતા. રાજકુંવર મારી પાસેથી પસાર થતાં જ મારા મુખમાંથી સરી પડ્યું : 'શું કમાલનું રમો છો તમે !'

'એમ કે ?' સલજ્જ હાસ્ય ને મુખની આભા મળીને એક અદ્ભુત સૌંદર્ય રેખાચિત થતું હતું મારા રાજકુંવરના મુખ પર ! એ અવર્ણનીય !

'હા, સાચે જ ! મને ખૂબ ગમી તમારી રમત.'

'અચ્છા ? ખરેખર ?' આંખોમાં કૌતુક ચમકી ઊઠ્યું. રાજકુંવર બોલ્યો : 'પણ ટેનિસ રમવું કંઈ અઘરું નથી, પ્રયત્ન કરે તો તું યે રમી શકે.'

'હું પણ શીખીશ.' હું દૃઢતાપૂર્વક બોલ્યો : 'મને જરાક શીખવશોને ?'

'શા માટે નહિ ?' રાજકુંવરના સમસ્ત મુખ પર શિશુની સરળતા ! 'તું મારી પાસે ક્યારેક ક્યારેક આવતો રહેજે. આરમાની ટોલાનું સિનેમા હાઉસ જોયું છે ને ? હું એની સામે જ મેડિકલ મેસમાં રહું છું. ત્યાં આવજે સમજ્યોને ?'

હું તો નાચતો કૂદતો ઘેર આવ્યો—કલ્પનાના તરંગમાં રાચતો. જાણે હું પણ મોટો ટેનિસનો ખેલાડી થઈ ગયો હતો—રાજકુંવર જેવો જ !

રવિવાર સિવાય તો રજા મળે નહિ. તેથી હું તો ઊપડ્યો મેસે. પણ રાજકુંવર ક્યાં ? મેસમાંથી જવાબ મળ્યો : 'કોનું કામ છે—વિનયનું ? તો તો થઈ રહ્યું. એ ક્યારે આવે ને ક્યારે જાય, એ બીજા તો ઠીક, પોતે યે જાણતો નથી હોતો.' ફરી બીજે રવિવારે ગયો. ત્યારે ય ન મળ્યા. એ પછીના રવિવારે પણ નહિ.

મળ્યા એ, એ પછી થોડા દિવસ બાદ. 'સહાસ્યે મને આવકારતાં કહ્યું : 'આવ ! આવ ! સૉરી હં. હું અહીં નહોતો. વિક્રમપુર ગયો હતો. જોને ચાલી ચાલીને તો પગે ફોલ્લા પડ્યા છે !' 'ફરવા ગયા'તા ?'

'ના રે, બીમારને જોવા.' ખડખડાટ હસતાં રાજકુંવર બોલ્યા. અને

પછી તો જાતજાતની વાતો, દેશવિદેશની વાતો. વાતોનો જાણે અંત નહિ. મુગ્ધ થઈને તાકી રહ્યો રાજકુંવરના મુખભણી. આશ્ચર્ય! ક્યાં શું ચાલી રહ્યું હતું એનું બધું જ્ઞાન—બધા જ ખબર એને. એના સસ્કારસંપન્ન મનનો પાર પામવો કઠણ હતો. અચાનક એણે કહ્યું: 'જોઉં તારો હાથ? ટેનિસ રમવા માટે હાથમાં જોર જોઈએ ને હૈયામાં હામ જોઈએ. તું કસરત કરવી શરૂ કરી દે.' 'તમારામાં તો ખૂબ જોર છે.' મેં હિંમત એકઠી કરી કહ્યું: 'સાંભળ્યુ છે, તમારા બાપુજી તો બંદૂકનુ નિશાન તાકવામાં એક્કા છે. તમને ય આવડતું જ હશે!'

'મને? ના રે, બંદૂક જોઈને મારા તો મોતિયા જ મરી જાય!'

વાત મારા માન્યામાં ન આવી, મલ્લિકા—કે બંદૂક જોઈને મોતિયા મરી જાય. નક્કી મારી મશ્કરી જ કરતા હશે!

તે દિવસે ખૂબ વાતો થઈ હતી. એણે પૂછ્યુ: 'ભારતવર્ષનો ઇતિહાસ વાંચ્યો છે? બોલ જોઉં જલિયાંવાલા બાગ શાને માટે પ્રખ્યાત છે?'

મેં ઇતિહાસ તો વાંચ્યો હતો. હું તો ફટાફટ બોલવા માંડયો: 'ત્યાં જનરલ ડાયરે અસંખ્ય નિશસ્ત્ર ભારતવાસીઓને ગોળીઓથી વીંધી નાખ્યા હતા. અને તેના પ્રતિવાદરૂપે રવીન્દ્રનાથે પોતાનો 'નાઈટ'નો ખિતાબ પાછો વાળ્યો હતો...' 'કેમ અટક્યો?—પછી?'

'પછી તો ખબર નથી.' હું તો પસીનાથી રેબઝેબ! 'ખબર નથી? શી વાત છે? તે પછીની વાત તો છે અદ્દલ લે હું કહું: ડાયરના એ પૈશાચિક હત્યાકાંડની વિરુદ્ધ સમગ્ર ભારતવર્ષમાં પ્રતિવાદનો વંટોળ ઊઠયો. ત્યારે ડાયરે શું કહ્યું ખબર છે? દિલગીરી તો બાજુએ રહી; કહે કે દિલગીર હું છું,—પણ તે એટલા માટે કે મારી ગોળીઓ ખલાસ થઈ ગઈ હતી. નહિ તો, જેટલી વધુ હોત તેટલી વધુ વાપરત. ભૂલ થઈ ગઈ કે મશિનગન જોડે નહોતો લઈ ગયો.' હું તો કંપી ઊઠયો રાજકુંવરની વાત સાંભળીને! શી ભયકર વાત! ડાયર તે માણસ કે પિશાચ!

કેવળ ડાયર જ નહિ, એની જ વાતનો પડઘો પડયો ગવર્નરના મુખમાંથી. તેમણે કહ્યું: 'ના રે, એમાં અન્યાય શાનો? સારું કર્યું.' એ તો ઠીક; વિલાયતના હાઉસ ઑવ લૉર્ડ્ઝનો પણ એ જ મત હતો, તેઓએ ધન્યવાદ પાઠવ્યો, અને વિલાયતની અભિજાત શ્રેણીની મહિલાઓએ ધન્યવાદ એકલા જ નહિ પણ કૃતજ્ઞતા પ્રદર્શિત કરવા ત્રણ લાખ રૂપિયાનો ફાળો કરી અસાધારણ વીરત્વ માટે તેને ભેટ દીધો!

'વીરત્વ!' અચાનક રાજકુંવરની આંખો સળગી ઊઠી: 'હજારો લોકોને એક બંધ જગ્યામાં અટકાવી અન્યાયથી હત્યા કરવી એ વીરત્વ!'

તો યે ડાયરનો શો દોષ? બરાબર છે. પૃથ્વી પર પરાધીન જાતને જીવવાનો શો હક? મરવું જ ઉચિત!

પછી પરીક્ષાને લીધે હું જઈ શક્યો નહિ. વળી એક દી ગયો. તે દી એણે મને જોઇ અપ્રસન્નતાથી કહ્યું: 'શું જોઇએ છે? આજ મારે ખૂબ કામ છે?'

હું તો વિસ્મયે સ્તબ્ધ. આ જ હતો મારો પરીકથાનો રાજકુંવર? રીસથી મારી પાંપણોમાં પાણી ઊભરાયાં. હવે અહીં રહેવાથી શો ફાયદો?

હું જવા માંડયો. એણે મને બોલાવીને કહ્યું: 'સાંભળ,' અને મારા ખભા પર અસીમ મમતાપૂર્વક હાથ મૂકી બોલ્યા રાજકુંવર: 'જો ભાઈ, માઠું ન લગાડીશ. સાચે જ હું ખૂબ જ થાકી ગયો છું. અને ખૂબ જ કામમાં છું, અને જો હમણાં એકાદ મહિનો તો તું આવીશ જ નહિ.'

'કેમ? પરીક્ષા છે?' રીસ તો મારી વરાળ થઈ ઊડી ગઈ. 'પરીક્ષા?' અન્યમનસ્ક થઈ ગયા મારા રાજકુંવર: 'હા, પરીક્ષા—સૌથી મોટી પરીક્ષા. આ પરીક્ષા પાસ કરવી જરૂરી છે, હું ચોક્કસ પાસ થઈશ.'

ધીમે પગલે પાછો આવ્યો. મનમાં અસંખ્ય પ્રશ્નોનું તુમુલ ઘમસાણ. આજ કેમ આવી રહસ્યભરી વાતો અને વિચિત્ર ભેદભર્યું ચાલચલન? કંઈક વાત ચોક્કસ હતી. પણ રહસ્ય રહસ્ય જ રહ્યું.

ત્રણચાર દિવસ પછી. તારીખ હતી ૨૯મી ઑગસ્ટ. સમય સવારના અગિયાર. ક્લાસમાં હાજરી લેવાતી હતી. એવામાં હેડમાસ્તર અનાથબાબુએ આવી કહ્યું કે 'બધા એકીસાથે જોડીજોડી ટોળીબાંધીને ઘર ભેગા થઈ જાઓ. રસ્તામાં કંઈક થાય તો મન ખબર મોકલજો. હું ચાર વાગ્યા સુધી સ્કૂલમાં જ છું.'

બધ ય આશ્ચર્યચકિત! ઢાકામાં કોમી રમખાણોની–દંગલોની કંઈ નવાઈ નહોતી. ગમે તે ઘડીએ શરૂ થઈ જાય. એવું જ કંઈક હશે. ચાલો ઘેર જઈએ. આપણા ગણેશ પાસેથી બધુ જ જાણવા મળશે.

એવામાં ગણેશ જ દોડતો આવ્યો: 'ખબર છે, શું થયુ છે?–ધાંય! ધાંય!' જમણા હાથની એક આંગળીને પિસ્તોલના જેમ સામે ધરી ગણેશ બોલ્યો: 'બસ! ને બે સાહેબ ખલાસ!'

હજુ ચાર દિવસ પહેલા ડેલહાઉસી સ્ક્વેરમાં પોલીસ કમિશનર ચાર્લ્સ ટૅગાર્ટ ઉપર બૉમ્બ પડયો હતો. એવામાં પાછો આ કાંડ! કોણ મર્યું? આ ઘટના ક્યાં બની?

પણ બિચારા ગણેશને પણ ત્યારે કશી જ માહિતી નહોતી. સમાચાર પૂરા સાંભળવા તો મળ્યા સાંજના. તે પણ ગણેશ પાસેથી જ તો! ઘટના સાધારણ નહોતી. સાચે જ મહત્ત્વપૂર્ણ. સાહેબ પણ મામૂલી નહિ. એક હતા બંગાળના ઇન્સ્પેક્ટર જનરલ ઑવ પોલીસ ખુદ મિ. એફ. જે. લોમેન, અને બીજા ઢાકાના સુપરિન્ટેન્ડેન્ટ ઑવ પોલીસ કુખ્યાત મિ. ઈ. હડસન. ઢાકામાં હિંદુમુસ્લિમ હુલ્લડ કરાવવામાં એનો જોટો નહોતો.

વાતમાં અતિશયોક્તિ નથી, મલ્લિકા. એ હડસને શું નહોતુ કર્યું? શું બાકી રાખ્યું તું? અરે, સમસ્ત ઢાકા શહેરમાં એના જેવો નરપિશાચ બીજો કોઇએ ક્યારે જોયો નહોતો. જો, એનો નમૂનો તને માસિક 'ભારત વર્ષ'માંથી વર્ણવું છું. જેને બન્યાને માંડ મહિનો થયો હશે.

'લાઠીમારથી નિર્દોષ છાત્રનુ મોત; ગઈ ૨૧મી જુલાઇએ ઢાકા ઈન્ટરમીડિયેટ કૉલેજ સામે પિકેટિંગ ચાલતું હતું. તે જ સમયે આ શોચનીય દુઘટના બની. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ઘટનાસ્થળે એક પઠાણનું ટોળું લઈ આવ્યા અને પિકેટરો પર અને જનતા પર લાઠી ચલાવી લોકોના ટોળાને વિખેરી નાખ્યું. લાઠીમારથી ખૂબ લોકો ઘાયલ થયા ને અજિત ભટ્ટાચાર્ય નામના એક વિદ્યાર્થી ખૂબ જ ગંભીર રીતે ઘવાઇને તે જ રાતે માર્યો ગયો. હજુ હમણાં જ એ આઈ. એ. પાસ કરી યુનિવર્સિટીમાં દાખલ થવા જતો હતો. મૃત વિદ્યાર્થીના ભાઇએ ઢાકા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. હડસનને એ માટે જવાબદાર ગણી કેસ માંડયો, પણ કોર્ટે કહ્યું કે ગવર્નમેન્ટની પરવાનગી સિવાય પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પર કેસ દાખલ કરી શકાય નહિ, તેથી ગવર્નમેન્ટ પાસે અનુમતિ માગી છે. એ આવેદનનું પરિણામ શું આવશે તે તો ખબર નથી, પણ જે જીવન નાશ પામ્યું છે એ તો કોઈ હિસાબે પાછું આવશે નહિ. પણ શું આ અત્યાચારનો કોઈ પ્રતિકાર નથી? માની લો કે પિકેટિંગ બ્રિટિશ સરકારના કાનૂન અનુસાર ગુનો કહેવાય છે, અને પિકેટરો તો એનું પરિણામ જાણીને જ એ કાર્યમાં અગ્રસર થાય છે. પણ બિચારા નિર્દોષ રાહદારીને શી ખબર કે રસ્તા પર ચાલવા માટે પણ દંડ સહેવો પડશે? સત્યાગ્રહીઓ તો નિઃશસ્ત્ર તેમને સજા કરવા માટે જેલખાનાં છે, પેનલ કોડમાં હજારો ધારા છે. સાત સાત ઑર્ડિનન્સ છે. અને સરકાર પકડવા ચાહે ત્યારે તેઓ સામે મોંએ પકડાઈ જાય છે. તો પણ આ રીતે સમસ્ત ભારતમાં લાઠીચાર્જ કરીને સરકાર પ્રમાણ આપે છે કે સહુથી મોટો છે લાઠીચાર્જ!'

એ જ હડસન. લોમેન સાથે સાથે તે યે આજ ધૂળમાં લેટી પડયો હતો એક અચૂક ગોળીના નિશાને. બંગાળના કોઈ છોકરાએ જણાવી દીધું હતું કે અમને ય જવાબ દેતાં આવડે છે.

કલ્પના સાચી હતી. જેલ પોલીસના સુપરિન્ટેન્ડેન્ટ મિ. વાડ બીમાર હતા. ચિકિત્સા માટે તેઓ મિટફોર્ડ મેડિકલ સ્કૂલ ઑસ્પિટલમાં દાખલ થયા હતા. તેમને જોવા માટે હડસન લોમેન સાથે આવ્યા હતા.

કહેવાની જરૂર નથી કે ત્યાં ચાંપતા કડક બંદોબસ્તમાં જરા યે ખામી-ત્રૂટી નહોતી. ઉપરાંત સાદા વેશમાં ગુપ્તચરો કેટલા હતા એનો અંદાજ કાઢવા પણ મુશ્કેલ હતો. તો યે કંઈ વળ્યું નહિ. પાછા ફરતાં ઑસ્પિટલના દાદર પર પગ મૂકતાં જ સામેના દેવદારુ વૃક્ષની આડમાંથી ગર્જી ઊઠી મૃત્યુદૂતની પિસ્તોલ : 'ધાંય! ધાંય!' અને સાથે સાથે જ બંને જમીનદોસ્ત! લોમેન માટે તો પ્રશ્ન જ નહોતો ઊભો થતો. હડસન બચશે કે નહિ એ કહેવું કઠણ હતું; કેમ કે ઘા ખૂબ ઘેરો ને સ્થિતિ ખૂબ જ ગંભીર હતી. બચે તો યે આજીવન પંગુ થવાનો વારો હતો.

ઘટના જેટલી આકસ્મિક તેટલી જ અસ્વાભાવિક હતી. આજુબાજુના બધા જ લોકો વિભ્રાંત—દિશાશૂન્ય થઈ ગયા હતા; આ શું ખરેખર બની ગયું! વિશ્વાસે પડતો નહોતો. વિભ્રાંત થયા નહોતા માત્ર એક સામે ઊભેલા સરકારી કૉન્ટ્રૅક્ટર સત્યેન સેન. ઈનામ અને ખિતાબના લોભે તેઓ મૃત્યુદૂતને ઝપટ મારી પકડવા દોડયા. પણ બધું જ વ્યર્થ.

કુસ્તીના દાવપેચમાં મૃત્યુદૂત અસાધારણ કુશળ અને અભિજ્ઞ. તેથી ઝાપટ મારી પકડે તે પહેલાં જ અચાનક બેસી ગયો ને તરત જડબા પર એક દીધો ફેરવીને એવો તો મુક્કો, કે બસ એક મુક્કામાં જ વીર પુંગવનો ખિતાબ મેળવવાનાં સ્વપ્નાંનો મહેલ, જમીનદોસ્ત થઈ ગયો.

હો હા સાંભળીને બાગનો માળી અને નોકરચાકરમાંથી પણ કોઈ-કોઈ દોડી આવ્યા હતા, પણ મૃત્યુદૂતને પકડવા કરતાં જાન લઈને નાસવામાં જ ઉત્સાહ વધુ દેખાતો હતો. કેવળ આટલું બોલતા સંભળાયા : 'વો તો પહેલે નંબર કા ડાકુ હૈ.'

એટલી વારમાં તો મૃત્યુદૂત અદ્‌ભુત કુશળતાથી ચડી ગયો ઑસ્પિટલની ઊંચી દીવાલ પર. સામે એક ગૃહસ્થના મકાનની ટાંકી હતી. નિમિષમાં જ મૃત્યુદૂત પાણીની ટાંકી પર ટટ્ટાર ઊભો રહ્યો, અને પછી એક કૂદકે અદૃશ્ય થઈ ગયો મકાનની અંદર. ફરી દેખાયો નહિ.

એટલી વારમાં શાસકવૃંદમાં તો હો હા થઈ ગઈ. ખબર પડતાં જ કલકત્તાના વિખ્યાત સર્જન લેફ્ટેનંટ કર્નલ ડબ્લ્યુ. એલ. હૅાર્નેટ બે કુશળ નર્સ સાથે વિમાને ચડીને દોડી આવ્યા. એવો કાબેલ સર્જન સાચે જ ભારતવર્ષમાં વિરલ હતો. પણ બધું જ ફોકટ, એકત્રીસમી તારીખે લોમેને ઢાકાની ધરતી પર આખરી શ્વાસ છોડયો.

તે દી ચારે તરફ કેવી એ સ્તબ્ધતા—સન્નાટો છાયો હતો. રસ્તા પર લોકોની આવજા પણ થંભી ગઈ હતી. તે દી અમંગળની આશંકામાં નાનાં નાનાં છોકરાં રડવાનું યે ભૂલી ગયાં હતાં.

છૂપી પોલીસનો મોટો કર્તા નિહત! આ આઘાતને બ્રિટિશ સિંહ ચૂપચાપ સહી લેશે નહિ એ તો ઉઘાડી વાત હતી. પ્રતિઘાત કઈ દિશામાંથી આવશે એની તો શી ખબર પડે?

અનુમાન મિથ્યા નહોતું. બીજે દિવસે જ આવીને ગણેશે કહ્યું : 'ખબર છે? મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓને પોલીસોએ બેફામ, બેરહમ બેશુમાર પીટયા હતા. કોઈને ય છોડયા નહોતા. એટલા બધા લોકો જખમી થયા હતા કે ઑસ્પિટલમાં રાખવાની યે જગ્યા નહોતી.'

'તે એમને માર્યા શું કામ? એમણે થોડો લોમેનને માર્યો છે?' મેં ક્ષુબ્ધતાથી કહ્યું.

'પોલીસ તો એ સાંભળવા જ ક્યાં માગે છે? કહે છે કે ઘટના જ્યારે મેડિકલ કૉલેજમાં બની છે ત્યારે કોઈ ચોક્કસ એમાં ભળેલું છે; નહિ તો આ જ સમયે લોમેન આવશે એમ પેલા માણસને ખબર કેમ પડી? નક્કી અહીંથી જ કોઈએ જણાવ્યું હશે. તેથી જ તો સાચાખોટાનો—સારાખરાબનો વિચાર ન કરતાં બધાને જ પીટી સોરી નાખ્યા. કેટલા બધાના હાથપગ ભાંગ્યા છે! એ તો ઠીક, હોસ્ટેલમાં ધૂસી છોકરાઓનો બધો સરસામાન ભાંગીતોડીને ચૂરેચૂરા કરી નાખ્યો છે.'

મારી છાતી તો આશંકાથી ધડકી ઊઠી. સર્વનાશ! રાજકુંવર પણ તો ત્યાં હતા. એને તો કંઈ નહિ થયું હોય ને? મલ્લિકા, મારું તો મન માને નહિ. થાય કે પંખી હોત તો એક વાર ઊડીને જાત, પણ હિંમત નહોતી દોડી જવાની.

પહેલ પ્રથમ તો એમણે જ મને ત્યાં જવાની ના પાડી હતી. બીજું વડીલોની સખ્ત મનાઈ. સ્કૂલમાંથી છૂટી સીધા ઘેર આવવાનું. આડુંઅવળું ક્યાંય જવાનું બંધ. બીજે દી ગણેશે જે વાત કરી તે તો માની શકાય એવી જ નહોતી: 'અતિશય નિર્મમ પ્રહારથી જર્જરિત થઈ એક જણે આતતાયીનું નામ કહી દીધું હતું. એણે પોતાની સગી આંખે ગોળી મારતાં એને જોયો હતો. અને તરત જ પોલીસે કૉલેજ મૅગેઝીનમાંથી તેની તસવીર લઈને પોલીસ થાણાં, રેલવે સ્ટેશન વગેરે સ્થાને ટીંગાડવી શરૂ કરી હતી, જેથી એ ભાગી જઈ ન શકે.'

'તો આપણે ત્યાં નથી લગાડી?' મેં પૂછ્યું. 'તે લગાડશે, હવે.' ગણેશ નિર્વિકાર : 'મારા ભાઈએ કહ્યું છે કે સુત્રાપુર, ગેન્ડારિયા, વાડી, બાંગ્લા બજાર બધે જ લાગી ગઈ છે. એકાદ બે દીમાં આપણે ત્યાંય લાગી જશે.'

તે જ દી સાંજની વાત છે. નિશાળમાંથી છૂટી ઘેર પાછો ફરતો હતો. અચાનક ત્રણ રસ્તાના ત્રિભેટે ભીંત પર પોસ્ટર જોઈને નજર થંભી ગઈ! ઉપર મોટા મોટા અક્ષરે લખ્યું હતું: 'લોમેનનો હત્યારો. હત્યાકારને જે પકડી આપશે એને દસ હજાર રૂપિયા ઈનામ. પરિચય ખાનગી રાખવામાં આવશે. નિકટના થાણામાં ખબર આપો.'

પણ આ શું? પોસ્ટર ઉપર આ કોની છબી હતી? પહેલાં તો મને થયું આ મારા અસ્વસ્થ ચિત્તનો વિભ્રમ, માયા, દિવાસ્વપ્ન તો નથી ને! નજર નાખી. ના, ભૂલ નહોતી; જરા યે ભૂલ નહોતી. આટલે પાસેથી દૃષ્ટિભ્રમ થાય શાનો! આ તો મારો રાજકુંવર! હું તો ઊભો જ રહી ગયો. કેવળ મનમાં થતું હતું આ શું સત્ય હતું?

તે રાતે મને ઊંઘ ન આવી. નિદ્રા અને જાગ્રતિની વચ્ચેની તંદ્રા-અવસ્થામાં રાત વીતતી હતી. મારા રાજકુંવરની છબી મારી આંખો સમક્ષ તરવરી ઊઠી. કહેતા હતા: 'પરીક્ષા? હા પરીક્ષા,—સૌથી મોટી પરીક્ષા. આ પરીક્ષા પાસ કરવી ખૂબ જરૂરી છે હું ચોક્કસ પાસ થઈશ.' એ ખરેખર પાસ થઈ ગયા હતા—સન્માન સાથે જીવનની સૌથી મોટી પરીક્ષા એણે વિચલિત થયા વિના પાસ કરી હતી.

તંદ્રામાં રાત વીતી, એ જ બધાં સ્વપ્ન. જોતજોતાંમાં અંધકાર ફીકો થઈ ગયો. આકાશમાં દેખા દીધી પ્રત્યૂષની રક્તરંગી આભાએ. પ્રભાતના સૂર્ય ભણી હાથ જોડી અજ્ઞાતસારે જ મનોમન બોલી ઊઠયો : 'હે ભગવાન, મારા રાજકુંવર ન પકડાય. પોલીસ એનો કોઈ દી પત્તો ન મેળવી શકે.' ને ખરેખર પોલીસને પત્તો લાગ્યો નહોતો. એટલી દોડધામ, એટલી જાગ્રતિ છતાં ય માણસ જાણે હવામાં ગાયબ થઈ ગયો હતો!

પણ એનું પરિણામ ભયંકર આવ્યું. નિષ્ફળતાની જ્વાળામાં પોલીસ પાગલ બની ઊઠી. અત્યાચાર શરૂ થયો. ઈંગિત મળતાં ભેગું મળી ગયું નામચીન ગુંડાનું દળ. અને કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં! ઍંગ્લોઇન્ડિયન સમાજ પણ બાકી રહ્યો નહિ. જાણે તેઓ સ્વયં બ્રિટિશ સામ્રાજ્યના પ્રતિનિધિ ન હોય? મારપીટ, ગુંડાગીરી અને અત્યાચારનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. તે દી બંગાળની છાતી પર જે વીત્યું'તું એની તુલના નથી.

શું નહોતું કર્યું? સ્ત્રીઓને નગ્ન કરી મારી હતી. તેમના સ્તન ઝાલી ઊઠબેસ કરાવી હતી. શું બાકી રાખ્યું હતું? તે દી'ના પૈશાચિક અત્યાચારોની વાત સાંભળી તમે લજ્જાથી, ઘૃણાથી ધ્રુજી ઊઠશો. તમને માન્યામાં નહિ આવે, કેમ કે તમે વાંચ્યું છે ને કે અંગ્રેજો તો બહાદુર! સ્ત્રી-સન્માનમાં એમની જોડ નથી! હા, એ ય વાંચ્યું હશે કે બૂરી વાલામને તીરે નિહત વિપ્લવી વીર જતીનને ટોપી ઉતારી શ્રદ્ધાંજલિ અર્પી હતી ખુદ પોલીસ કમિશનર ચાર્લ્સ ટૅગાર્ટે. એ બધો (અનુ. પૃ. ૩૬૪)

એક તીર્થસ્વરૂપ શ્રદ્ધામૂર્તિ

મારાં મોટી બા

(વિશિષ્ટ વ્યક્તિચિત્ર)

લેખક · મુકુન્દરાય વિ. પારાશર્ય

સન ૧૯૩૦માં મારો ભાઈ ગિરીશ ચાર-છ માસનો હતો ને બીમાર હતો. એક રાત્રે ગિરીશને હીંચકો નાખવાનું મને સોંપી મારાં બા રસોડું ધોવા ગએલાં. મેં હાલરડું ગાતાં ગાતાં હીંચકા નાખવા શરૂ કર્યા ને એ જંપી ગયો, એટલે મેં ગાવું બંધ કર્યું ને હીંચકાવવું છોડી ઓસરીમાં આવ્યો. મોટીબાએ પૂછ્યું: 'ભાઈ, કેમ હીંચકાવવું બંધ કર્યું?'

મેં કહ્યું: 'ગિરીશ ઊંઘી ગયો છે.' મોટીબાએ કહ્યું: 'ભલે ઊંઘી ગયો. હાલરડું વચમાંથી બંધ ન કરવું. ગાતા હોઈએ તો હાલરડું પૂરું થય ત્યાં સુધી હીંચકો નાખવો.' મેં કહ્યું: 'એ ઊંઘી ગયો છે પછી હીંચકા નાખવાનો ને હાલરડું ગાવાનો શો અથ?'

મોટીબાએ કહ્યું: 'અરથની મને ખબર નથી. એ તારા બાપને ને કાકાને પૂછ. મને એટલી ખબર પડે કે હાલરડું પૂરું થાય ત્યાં સુધી હીંચકો ચાલુ રાખીએ તો છોકરું નિરાંતે ઊંઘે. ધચકોડીન હીંચકા નાખીએ કે મોટેથી બોલીએ તો છોકરું ઊંઘમા ઝબકે. છોકરું ભરઊંઘમાં હોય ને હેત કરીએ એની યે છોકરાં પર સારી અસર થાય તું હીંચકા નાખ, હાલરડું ગા, હું સાંભળું.' મેં હીંચકો નાખતાં હાલરડું પૂરું ગાઈ લીધું.

એ વાતને ચારપાંચ વર્ષે મારી સાતઆઠ વર્ષની બહેન કરુણાને સખત ટાઇફૉઈડ થએલો. સન્નિપાત જેવું થઈ ગએલું. સવારે મારા પિતા તેના પાસે જયશંકરનો તથા નારાયણકવચનો પાઠ બોલીને કરતા ને રાત્રે મારાં મોટીબા ઓશીકે બેસી માથે હાથ ફેરવતાં રામરક્ષાસ્તોત્ર તથા બીજાં પદો ગાતાં. એક રાત્રે એ બહેન ઊંઘમાં આવેલી તે વખતે મોટીબા આવી ઓશીકે બેઠાં. મેં કહ્યું: 'મોટીબા, એ ઊંઘમાં આવી છે. ન બોલીએ તો ઊંઘી જશે.'

'ઊંઘમાં આવી હોય ત્યારે ન બોલીએ તે વધારે સારું. પણ ભગવાનનું નામ સાંભળતાં સાંભળતા સૂશે તો વધારે સારી ઊંઘ આવશે ને ઝટ સાજી થાશે.' કહી મોટીબા એની માથે હાથ ફેરવતાં સ્તોત્ર બોલવા લાગ્યાં ને તે ઊંઘી ગઈ છતાં મોટીબાએ સ્તોત્ર અધૂરું ન મૂક્યું.

એ પછી મારા પોતાના મંદવાડ વખતે પણ એ જ રીતે માથે હાથ ફેરવતાં સ્તોત્રપાઠ કરતાં. પછીથી મને એમણે સમજાવેલું કે છોકરાં ઊંઘી ગયાં હોય ત્યારે આપણે જે કાંઈ બોલીએ તેની અસર તેના મન પર થાય જ. માટે સારું જ બોલવું; ને ભગવાનના નામથી વધુ સારું બીજું કાંઈ નથી. કોટડામાં લાડુ વહુ હતાં. બીચારીને દમનું ભારે દરદ હતું. પણ એના ઘરમાં બીજું બાઈ માણસ નહિ. કામ કરવું પડે. ઈ કે'તાં કે પરોઢિયે ઘંટીએ બેસું ત્યારે શ્વાસ ચડયો હોય એટલે ગાઈ તો ન શકું. ને ઘર નાનું. પડખામાં જ છોકરાં સૂતાં હોય. એમ થાય, સમજાય કે ઘંટીના ઘઘરાટથી છોકરાંને ગોઠતું નથી, ખલેલ પડે છે. એટલે હવે દી'એ દળણું દળું છું. આમ કામે પહોંચાતું નથી. પણ શું કરું? નકર છોકરાંનું સવાર બગડે. મારા બાપ કે'તા, માના પેટમાં છોકરું હોય ત્યારે પણ એ બધું સાંભળે છે ને એના સંસ્કાર પામે છે. ગર્ભમાં હતા ત્યારે શુકદેવજીએ ભાગવત સાંભળેલું ને જન્મીને ચાલી નીકળ્યા.'

મેં કહ્યું: 'એ તો પુરાણની વાતો થઈ. ઇતિહાસ નથી.'

'ભલે ઈ વારતા રહી.' મારાં મોટીબાએ કહ્યું: 'પણ હું મારી યે વાત કરું. મારી માને મારી પહેલાં ત્રણ દીકરા થએલા. જન્મીને વરસ દોઢ વરસના થાય થાય ને મરી જાય. મારી માને જામનગરમાં પ્રેમકુંવર નામે કાકી હતાં. તેમણે મારી માને કહ્યું: 'અમે અમારી જાતરા કરી છે ને મરજાદ પાળીએ છીએ. આ ઠાકોરજીને જો તું સવારસાંજ હાલરડાં ગાતી હીંચકાવ્યા કરીશ તો વાલુ, તારાં છોકરાં જીવતાં રે'શે.' મારી માએ તેમ કર્યું. હું એ વખતે મારી માના પેટમાં હતી. મારી મા જીવી ત્યાં સુધી રોજ એમ કરતી. મારા પછીનાં બે ભાંડરડાં. એમ અમે ત્રણે ય જીવ્યાં ને છીએ તેવાં થયાં.'

નિશાળની બપોરની એક કલાકની છુટીમાં ઘેર આવી રોજ પેઠે એક દિવસ અમે ભાગ ખાતાં'તાં. (બાળકોને રોઢે ખાવા માટે ઘઉં બાજરાના ખાખરા, ઘસિયો કે એવું કંઈક બનાવી રખાતું તેને 'ભાગ' કહેતાં.) તે વખતે મોટીબાએ કહ્યું: 'સાંભળો છોકરાંઉ, જુઓ જોઉં, કોઈ ભૂખ્યુ રસ્તા પર ખાવાનું માગે છે. એને આપો.'

ખાતાં ખાતાં ડેલી ઉઘાડી મેં જોયું ને પાછા ઓસરીએ આવી કહ્યું: 'કોક ભિખારી છે, ડોસો નથી કે' છે સવારનો માગુ છું, ભૂખ્યો છું, કઈક આપો. ઈ ખોટો છે, માગવાનો ધંધો લઈ બેઠો છે.'

'તેં કેમ જાણ્યુ કે ઈ ખોટે છે? મોટીબાએ પથારીમાં બેઠાં થઈ જઈ પૂછ્યું. મેં કહ્યું: 'કે' છે કે સવારથી માગુ છું. અત્યાર સુધી કોઈ ન આપે એવું હોય?' મોટીબાએ પૂછ્યુ: 'તેં આપ્યુ? અત્યાર સુધી આપણા જેવાં જ મળ્યાં હોય તો ન યે મળ્યુ હોય.'

'તો શું હું ખરાબ છું?' મેં પૂછ્યું.

'ખરાબની વાત નથી, બેટા; સારા માણસથી પણ ભૂલ થઈ જાય. કોઈએ આપ્યું નહિ હોય તો હવે કોક દેશે એમ સમજી આપણે ન દઈએ એ ભૂલ. એ ભૂલ થાય તે ખરાબ. પણ પહેલાં કોક એને ખાવા દઈ આવો.'

મારાં બાએ કહ્યું: 'એને આપ્યું. બા તેને રોટલી અથાણું આપી આવેલાં. એ ફળીમાં દૂર બેસી ખાતો'તો. મારા પિત્રાઈ ભાઈએ કહ્યું: 'આ લોકો કામના ચોર છે. ભીખના ધંધો લઈ બેઠા છે.' મેં કહ્યું: 'આ દેશ જેટલા ભિખારી દુનિયામાં ક્યાંય નથી. આપણા દેશનેતાઓ કહે છે કે એને ખાવાનું ન દેવું જોઇએ. એને કે'વું જોઈએ કે કામ કરો.'

'કામ આપો તો કામ કરે.' મોટીબાએ કહ્યું: 'પણ પૈસા હોય જ નહિ ને માણસ ભૂખ્યું થાય ન માગે ત્યારે એને શા માટે ખાવાનું યે ન દેવું?'

'ભીખની આદત પડી જાય.' મેં કહ્યું: 'એ કામના આળસુ હોય છે.'

'તમને કોઈને આમ રોટલો ભીખવો ગમે?' 'મોટીબાએ પૂછ્યું: 'ને કે' જોઉં કે એ માણસો ભીખ માગવામાં આળસ કરે છે? જો એમાં આળસ ન કરતાં હોય તો બીજા કામમાં શું કામ કરે? કામ કરે તો પૈસા ને તેમાંથી અનાજ લઈ ગમે તે કરી ખવાય. ભીખમાં ગમે તેવું મળે તે ન ખાવું પડે. માટે દેવું.'

હું મૂંઝાયો. મેં કહ્યું: 'પણ ભિખારીમાં કયું માણસ કેવું હોય એની કેમ ખબર ખડે? માગનાર ગમે તે હોય તો એમ કંઈ દેવાય?'

'દેવાય. જે કોઈ ભૂખ્યું હોય ને માગે તેને દેવાય.' મોટીબાએ કહ્યું: 'દુશ્મન પણ ભૂખ્યો હોય ને ખાવા માગે તો દેવું જોઈએ. એ જીવદયા છે.'

પછીની વાત મોટીબાએ ઘણી વાર કરી હોવાથી મને સ્પષ્ટ થઈ છે. ભીખ માગવી એ બહુ ખરાબ છે, એ મારી વાતનો જવાબ દેતાં તેમણે સમજાવેલું: 'માણસ માગે તે ખરાબ. એને માગવું પડે એવી હાલતમાં મુકાયો હોય તો એની એ હાલત ખરાબ. એ બાબત માગનારે વિચારવાની છે. પણ જેની પાસે હોય તેણે આંગણે ભૂખ્યું માગવા આવે તો ય તેને ન આપે એ તો એથી યે ખરાબ. ભીખ માગનારની નિંદા સહુ કરે છે પણ જે માણસ બીજાને આપે નહિ, ઘેર ભીખવા આવે તેના પર પણ દયા ન ઊપજે એ માણસ કેટલો નપાવટ ગણાય એનો વિચાર કર, ભાઈ! જીવ તો બધા ય સરખા. ગોગ્રાસ દેવો, કૂતરાં-કાગડાને ચાનકી-ચણ

નાખવી, કીડીઆરું પૂરવું એ તો બધાયનો ધરમ છે. ભૂખ્યાં માણસને જો આપણે ન દઈએ તો એ ભૂખ્યાં માણસો એવા જીવમાંથી યે ગયાં?'

દરમિયાન મારાં બાએ મારા હાથમાં કળશો દઈ કહ્યું: 'આ પાણી પેલાને પાઈ આવ.' મેં જઈને પાણી પાયું. એ ગયો એટલે ડેલી વાસી પાછો આવ્યો. મારી પાસે કોઈ દલીલ ન હતી. છોકરવેળામાંથી બોલ્યો તેમાંથી મોટીબાએ વાત કરી. એ સમજવાની યે શક્તિ ત્યારે ન હતી. મોટીબાએ કહેલું: 'આમ દેતા રે'વું જોઈએ, બેટા! એ ગયો ત્યારે કેવું બોલતો'તો! આંતરડી ઠરી હશે.'

ઈ. સ. ૧૯૩૩થી '૩૭ અમે સિહોર રહેતાં. હું ભાવનગરની સામળદાસ કૉલેજમાં ભણતો. એ દિવસોમાં રોજ રાત્રે મોટીબા પાસે કલાક દોઢ કલાક એકાદ ગ્રંથનું વાચન થતું. મારા પિતા સહિત ઘરમાં સહુ કામથી પરવારી સાંભળવા બેસતાં. હું ઘેર હોઉં ત્યારે વાંચવાનું મારે શિર પણ આવતું. ત્યારે તુલસીકૃત રામચરિતમાનસ પૂરું કરી મહાભારતના શાંતિપર્વનું મોક્ષધર્મપર્વ વંચાતું હતું. એક રાતે વાચન પૂરું થયા પછી મોટીબાએ મને કહ્યું: 'તું હવે રુદ્રી શીખી જાય તો મને સાંભળવી ગમે.'

મેં કહ્યું: 'અર્થ સમજ્યા વગર રુદ્રી કરવામાં હું માનતો નથી. તમે હમણાં પેલા વૃદ્ધ, અભણ, જેને ઉચ્ચાર પણ સાચા આવડતા નથી એવા બ્રાહ્મણ પાસે રુદ્રી કરાવો છો તેવી રુદ્રી મારે કરવી નથી.'

મોટીબાએ કહ્યું: 'તું ભલે જે દી અર્થ સમજાય તે દી રુદ્રી કરજે. પણ તેમાં એ મા'રાજનું ઓછું દેવાની જરૂર નથી. એ બીચારા ભાવથી રુદ્રી કરે છે.' મેં કહ્યું. 'એકલો ભાવ શા કામનો? મુખ્ય તો અર્થ સમજવો જોઈએ ને?'

મોટીબાએ કહ્યું: 'અર્થ એટલે શું? તું સમજાવ. તું અર્થ કોને કહે છે?'

'તમે સાવ કેવું પૂછો છો?' મેં કહ્યું: 'અર્થ એટલે અર્થ, જે થતો હોય તે. શબ્દોનો અર્થ ને તેમાંથી આખા વાક્યનો અર્થ.'

'ના, જો.' તેમણે કહ્યું: 'હું યે આ અભણ શુક્લજી જેવી છું. હું તો કંઈ ભણી નથી. મને તો વાંચતાં ય નથી આવડતું. હું નાની હતી ત્યારે જાગું તે પહેલાં મારા બાપ પૂજામાં બેઠા હોય ને પાઠ બોલતા હોય. ઘરકામ કરતા મારાં બા તેમાં સાથ પુરાવતાં ધીમેધીમે બોલતાં હોય. એ સંભળાય એ એવું વહાલું લાગતું કે આજે ય એના પડઘા સંભળાય છે. તેની સાથે બોલતાં બોલતાં રામરક્ષાસ્તોત્ર, નારાયણકવચ, વિષ્ણુસહસ્ર નામ, મેં કંઠે કર્યાં ને વધારે તારા દાદા પાસેથી શીખી કંઠે કર્યાં તે હજી યે બોલું છું. મને ભણેલાની પેઠે અર્થ કરતાં આવડતા નથી, પણ ભગવાનનું નામ લેવાય છે ને તેમાં આનંદ આવે છે. એ નામસ્મરણ પ્રભુ દે છે ને આનંદ પણ તે જ આપે છે, એવો વિચાર તો મોહ પમાડે છે. મેં એક વાર તારા દાદાને પૂછેલું કે સ્ત્રીઓથી તેમજ શૂદ્રોથી વેદ ન ભણાય એટલે એને તો મુક્તિનો અધિકાર નહિ જ ને? ત્યારે તેમણે મને સમજાવેલું કે એવું કંઈ નથી. વેદ ભણેલા માટે જેટલાં મુક્તિનાં દ્વાર સંતોને ને બ્રાહ્મણો માટે ખુલ્લાં છે તેટલાં જ સ્ત્રીઓ અને શૂદ્રો માટે ખુલ્લાં છે. વેદના અર્થ બહુ બુદ્ધિવાનને મહામહેનતે પણ સરખા સમજાય નહિ એવું છે. સ્ત્રીઓને તથા શૂદ્રોને રોજ કામ વધારે રહેતું હોય, વળી પરાધીન જેવાં હોય એટલે તેમણે વેદ સમજવાની કડાકૂટમાં પડી, માંડ મળેલો વખત બગાડવો નહિ, એ હેતુ ન ભણવા પાછળ હશે. બીજા હેતુ હોય તો પણ એટલું લાગે છે કે વેદ ભણી જવાથી મુક્તિ મળતી

નથી, મન ભગવાનમાં જ રાખવાથી મળે છે. વેદપાઠ થતો સંભળાય ત્યારે સતયુગના ઋષિમુનિઓ વનમાં રહીને ભગવાનની જે શબ્દોથી સ્તુતિ કરતા તે જ આ શબ્દો છે, એ ઋષિઓની ભાવના કેવી હશે, એવા વિચારથી મન ભીનું થાય છે ને ખૂબ આનંદ આવે છે. તારા દાદા કહેતા કે અર્થ સમજાય કે ન સમજાય પણ ભક્તિભાવથી પાઠ કરવાનું ઘણું ફળ છે. આ સંબંધમાં એ ચૈતન્ય મહાપ્રભુનો દાખલો આપતા: ચૈતન્ય મહાપ્રભુ કોઈ યાત્રાર્થે જતા હતા. માર્ગમાં તેમણે એક વૃદ્ધ બ્રાહ્મણને આસન લગાવી પાઠ કરતા જોયા. પોતાની સામે શ્રીકૃષ્ણની મૂર્તિ પધરાવી તે ભગવદ્‌ગીતાનો પાઠ કરતા હતા ને પાઠ કરતાં તેની આંખમાંથી એકધારાં આંસુ ચાલ્યાં જતાં હતાં. ચૈતન્ય મહાપ્રભુ તો એ જોઈને ત્યાં પાસે જ બેસી ગયા. પાઠ એ રીતે પૂરો થયો ત્યારે વૃદ્ધ બ્રાહ્મણ રોતારોતા મૂર્તિને પગે લાગ્યા. તે સ્વસ્થ થયા ત્યારે ચૈતન્ય મહાપ્રભુએ તેમને પૂછ્યું: 'મહારાજ! આપ ગીતાનું ઊંડું રહસ્ય સમજો છો એમ લાગે છે. તો ગીતાનો આપ શો અર્થ કરો છો તે સમજાવશો?' પેલા બ્રાહ્મણે કહ્યું: 'ભાઈ હું કાંઈ સમજતો નથી. હું સંસ્કૃત ભણ્યો નથી.' ચૈતન્ય મહાપ્રભુએ કહ્યું: 'ભાવાવેશ એવો હતો કે આપ અર્થ જાણતા હો.'

બ્રાહ્મણે કહ્યું: 'એ મને ખબર નથી, ભાઈ! હું તો કંઈ નથી સમજતો. ફક્ત જ્યારેજ્યારે ગીતા વાંચું છું ત્યારે મને દેખાય છે કે અર્જુન જીવનમાં ખૂબ મૂંઝાઈ ગયો છે, પરમ કલ્યાણનો માર્ગ ન સૂઝવાથી ભગવાનને શરણે પડીને ઉદ્ધાર માગે છે અને ભગવાન તેના પર કરુણા કરી તેને ઉપદેશ આપે છે. અર્જુન એ ઉપદેશ આતુર થઈને ઝીલે છે. એ ઉપદેશ શો છે એની મને ખબર નથી. ફક્ત ભગવાનની કૃપાથી જ ઉદ્ધાર છે એ બધું વારંવાર મને દેખાયા કરે છે. બીજું કાંઈ હું સમજતો નથી.'

આ સાંભળી ચૈતન્ય મહાપ્રભુ ગદ્‌ગદિત થઈ ગયા ને એ બ્રાહ્મણને પગે લાગી કહ્યું: 'મહારાજ! આપ ગીતાનો અર્થ ખરેખરો સમજ્યા છો. વ્યાકરણ ભણેલા મોટા પંડિતો ને આચાર્યો જે નથી સમજ્યા, નથી પકડી શક્યા એ ખરું તત્ત્વ આપ સમજ્યા છો, પામ્યા છો.'

એટલે અર્થ ન સમજાય તો યે ભગવાનનું નામ લેવામાં લાભ જ છે. ભાવ હોય ને ઉપરાંત અર્થ સમજાય તો વધારે સારુ. પણ અર્થ સમજાય-નહિ તો શરમાવા જેવું નથી. બુદ્ધિથી અર્થ સમજાય ને વ્યવહાર સરખો ચાલે, સરળ ચાલે, એ વાણીનો અર્થ. આમ અર્થ શબ્દોમાં નથી, વાક્યોમાં નથી, વાણીમાં નથી પણ અર્થ બોલનારના મનમાં છે. બોલનાર જે ભાવથી, જે હેતુથી બોલે છે તે જ તેનો એકમાત્ર સાચો અર્થ છે.'

આ પ્રસંગને આધારે એ પછી વીસપચીસ વર્ષે મેં નીચેની કડી લખી:

એ મૂકની ભક્તિ પિછાનનારને ન શબ્દ-બાહુલ્ય તણી તમા કશી.
'હે રામ!' એ આર્ત પુકારમાં યે સમગ્ર રામાયણ છે ભરેલી.

'સિલ્વર બ્લેઈઝ'ની રહસ્યકથાના પ્રશ્નનો ઉત્તર (પૃ. ૩૬૫)

હોમ્સને પહેલી જ શંકા કૂતરાના શાંત વર્તનથી થઈ. સિલ્વર બ્લેઈઝને ઘોડારની બહાર લઈ જનાર માણસ એનો જાણીતા હોય તો જ એ શાંત રહી શકે; અન્યથા એ જરૂર ભસ્યો હોત. અને પછી એ શંકા સાથે પોતે કરેલી તપાસની ચકાસણી કરવા એણે ઘેટાં સાચવનાર છોકરાને પૂછી જોયું અને ખાતરી થઈ ગઈ કે સ્ટ્રેઇકરે ઘોડાને ઘાયલ કરતાં પહેલાં પેલા નાજુક ચપ્પા વડે ઘેટાંઓ પર અજમાયશ કરી લીધી હતી. કોઈ અજાણ્યાના નામનું મોટી રકમનું બિલ પણ સ્ટ્રેઈકરે પોતાના ખિસ્સામાં રાખવાની શી જરૂર હતી?

[સર આર્થર કૉનન ડૉઈલની એક રહસ્યકથા પરથી અદ્રીશ વર્ધને બંગાળીમાં રચેલી કોયડાકથા પરથી]

૦૦૦ પ્રાચીન સિક્કા ૯

લેખક • ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

આહત સિક્કાઓ : નાનાંમોટાં રાજ્યોના

આહત (અડી-છાપ) સિક્કા એ ભારતના સહુથી પ્રાચીન ઉપલબ્ધ સિક્કા છે. એના પર કંઈ લખાણુ નહિ પણુ માત્ર અમુક ચિહ્નો જ જોવા મળે છે. પહેલાં આ ચિહ્નોનું તાત્પર્ય કળાતું નહોતું, પરંતુ તેનાં સૂક્ષ્મ અધ્યયન બાદ હવે એ સમસ્યા ઉકેલાઈ છે અને સિક્કાઓ પરના વિવિધ સજ્ઞા-સમૂહો પરથી કયા સિક્કા કયા રાજ્યે અને ક્યારે પડાવેલા તે અનુમાની શકાય છે.


કેટલાક પ્રકારના આહત સિક્કા અમુકઅમુક પ્રદેશમાંથી જ મળ્યા છે. જ્યારે બીજા કેટલાક પ્રકારના સિક્કા સમગ્ર દેશમાંથી મળ્યા છે. ભારતયુદ્ધ* પછી જે જનપદો અને મહાજનપદો (નાનામોટાં રાજ્યો) વિકસ્યાં તે દરેક રાજ્યના અલગઅલગ સિક્કા હતા. એના પરનાં ચિહ્નો સાદાં અને કલાની દૃષ્ટિએ પ્રાથમિક કક્ષાનાં છે. આ સિક્કા વધુ પ્રાચીન છે ને માત્ર જે તે પ્રદેશમાંથી જ મળે છે. આગળ જતાં મગધ સામ્રાજ્ય વિકસ્યું ને ઘણાં રાજ્યો તેમાં વિલીન થઈ ગયાં. આ સામ્રાજ્યોના સિક્કા વિશાળ વિસ્તારમાં—અને સમય જતાં લગભગ આખા દેશમાં પ્રચલિત થયા હતા. એના પરનાં ચિહ્નો આલેખન તથા સંયોજનની દૃષ્ટિએ વિકસિત કક્ષાનાં છે.

શૂરસેન (મથુરાની આસપાસનો વ્રજ-પ્રદેશ), ઉત્તર પંચાલ (રોહિલખંડ, ગંગાની ઉત્તરપૂર્વે, બરેલી જિલ્લો), દક્ષિણ પંચાલ (ગંગાની દક્ષિણે ચંબલ-યમુનાના સગમ સુધી), વત્સ (ગંગાની દક્ષિણે પ્રયાગ સુધી), કુણાલ (પ્રાય: અયોધ્યાની ઉત્તરપશ્ચિમે આવેલા વર્તમાન ગોંડા-બહરાઈચ જિલ્લા), કોશલ (ગંગાની ઉત્તરે ગોમતી અને ગંડક વચ્ચેનો અયોધ્યાની આસપાસનો પ્રદેશ), કાશી (વારાણસીની આસપાસનો પ્રદેશ), મલ્લ (કોશલની પૂર્વે, ગોરખપુરની દક્ષિણપૂર્વે વર્તમાન દેવરિયા જિલ્લાની આસપાસ), મગધ (ગંગાની દક્ષિણે, બિહારના પટણા અને ગયા જિલ્લા), વંગ (બંગાળ), કલિંગ (ઓરિસાનો વૈતરણી નદીથી આંધ્ર પ્રદેશની સીમા સુધીનો પ્રદેશ), આંધ્ર (ગોદાવરી-કૃષ્ણાનો દોઆબ), અશ્મક (ગોદાવરીની દક્ષિણે અને આંધ્રની પશ્ચિમે આવેલો પ્રદેશ), મૂલક (અશ્મકની પશ્ચિમે આવેલો પ્રદેશ), સુરાષ્ટ્ર (વર્તમાન સૌરાષ્ટ્ર) અને ગંધાર (પશ્ચિમે પાકિસ્તાનના વાયવ્ય સરહદ પ્રાંતની પાર અને પૂર્વે પશ્ચિમ પંજાબની પાર વિસ્તરતો પ્રદેશ)—એ જનપદોના સિક્કા પ્રાપ્ત થયા છે.

એ પૈકી શૂરસેન, ઉત્તર પચાલ, દક્ષિણ પંચાલ. કુણાલ, સુરાષ્ટ્ર અને અશ્મકના સિક્કાઓ પર એકેક જ ચિહ્ન જોવા મળે છે. આ ચિહ્નો જુદા જુદા સ્વરૂપનાં છે. શૂરસેન, પંચાલ અને સુરાષ્ટ્રના સિક્કા પહેલાં ધાતુના પતરામાંથી ટુકડા કાપી, પછી તેના પર ચિહ્ન પાડીને બનાવેલા છે. જ્યારે અશ્મક અને કુણાલ રાજ્યના સિક્કા ગાળેલી ધાતુને સપાટ પાથરી એ હજી નરમ હોય ત્યારે ચિહ્ન પાડીને બનાવ્યા છે.

અશ્મક રાજ્યના સિક્કા જાડા, ગોળ અથવા લંબગોળ અને વચ્ચેથી દબાએલા હોય છે ને દબાએલી સપાટી પર સારી રીતે ઉપસાવેલું ગોળ મુદ્રાંકન હોય છે. એ ચિહ્ન એક મોટી ગરગડીને બે અલગ પટાથી જોડેલી બે નાની ગરગડી જેવું દેખાય છે. આ સિક્કા ૯૯ થી ૧૦૮ ગ્રેનનું, ૪૫ થી ૫૮ ગ્રેનનું અને ૨૧ થી ૨૩ ગ્રેનનું તોલમાન ધરાવે છે. (એ પ્રાય: ૬૪ રતીનો દ્વિ-કાર્ષાપણ, ૩૨ રતીનો કાર્ષાપણ અને ૧૬ રતીનો અર્ધ-કાર્ષાપણ હશે.) આ સિક્કાઓના પૃષ્ઠ ભાગ કોરો હોય છે. કુણાલ રાજ્યના સિક્કા પણ જાડા, પરંતુ આકારમાં અનિયમિત હોય છે. એમાં પણ ચિહ્ન ઊંડા ગોળ મુદ્રાંકનમાં ઊપસાવીને પાડયું હોય છે. એમાં એક વચલા ચિહ્નની આસપાસ ચારેક નાનાં ચિહ્ન નજરે પડે છે. વચલું ચિહ્ન ત્રિદલ

* કૌરવ પાડવો ભરત જાતિના હતા. તેમની વચ્ચે ભરતો ભરતો વચ્ચે થએલા યુદ્ધને ભારત યુદ્ધ કહે છે. 'ભારતયુદ્ધ સંવત' નામે સંવત પણ હતો.




પ્રાચીન ભારતના આહત સિક્કાના પ્રાપ્તિ પ્રદેશો

પ્રાચીન ભારતના કેટલાક આહત સિક્કા



આશ્મક, કોશલ અને આંધ્ર રાજ્યના સિક્કા




ઉત્તર મૌર્યકાલના એક સિક્કાની બંને બાજુ



ગાંધારનો સિક્કો અને ઉ. પંચાલનો સિક્કો





આગળની બાજુ પરની સંજ્ઞાઓ | પાછળની બાજુ પરની સંજ્ઞાઓ

△ કોશલ રાજ્યનો એક સિક્કો (ડાબી બાજુ) અને તેના પરની આગળપાછળની સંજ્ઞાઓ △

પદ્મ જેવું દેખાય છે. મોટા સિક્કા ૧૦૫ ગ્રેનનું અને નાના સિક્કા ૫૦ ગ્રેનનું તોલમાન ધરાવે છે.

સુરાષ્ટ્રના ચાંદીના આહત સિક્કા લગભગ ૧૫ ગ્રેનના (આશરે ૮ રતીના) નાના પાતળા સિક્કા છે. એમાં વચ્ચે વૃષભનું મુખ્ય ચિહ્ન ને એની આસપાસ કેટલાંક નાનાં ચિહ્નો હોય છે. આવા ૫૮ આહત સિક્કાઓનો એક નિધિ ૧૯મી સદીના છેલ્લા ચરણમાં ત્યારના વડોદરા રાજ્યમાં મળેલો ને એ હાલ વડોદરા મ્યૂઝિયમમાં છે. એક બીજો નિધિ બનાસકાંઠા જિલ્લાના વડિયા ગામમાં મળેલો. તાંબાના છૂટાછવાયા આહત સિક્કા અમરેલી, હાથબ, કામરેજ, કારવણ, મોઢેરા, વડનગર વગેરે સ્થળોએ મળ્યા છે. એના અગ્રભાગ પર પાંચ ચિહ્ન હોય છે ને એ સિક્કા ઉજ્જન, ભીલસા અને વિદિશામાંથી મળેલા આહત સિક્કા જેવા છે.

શૂરસેન, ઉત્તર પંચાલ અને દક્ષિણ પંચાલના આહત સિક્કા લગભગ ૨૫ ગ્રેનના મળ્યા છે. (એ ૧૬ રતીના અર્ધ-કાર્ષાપણ લાગે છે.) શૂરસેન અને ઉત્તર પંચાલના સિક્કા નાના અને જાડા છે. શૂરસેનના સિક્કા પર બે પર્વતની ટોચ પર ઊભેલા પ્રાણીનું ચિહ્ન હોય છે. આ બંને રાજ્યોના સિક્કાઓનો પૃષ્ઠભાગ લગભગ કોરો હોય છે. ઉત્તર પંચાલ રાજ્યના સિક્કાના અગ્ર ભાગ પર મત્સ્ય, વૃષભ, ગજ કે ગજારૂઢ માનવનું ચિહ્ન મુખ્ય હોય છે, જ્યારે દક્ષિણ પંચાલના સિક્કામાં અગ્ર ભાગ પર ટપકાંનું બનેલું, ભરેલું વર્તુલ, પોલું વર્તુલ કંકર, રેખા, ચોરસ વગેરે ભૌમિતિક ચિહ્નો હોય છે, ને તેના પૃષ્ઠ ભાગ પર અનેક નાનાંનાનાં ચિહ્નો પાડેલાં હોય છે.

ગંધાર પ્રદેશમાં સારી સંખ્યામાં આહત સિક્કા મળ્યા છે. એમાંના મોટા સિક્કા ૨.૫ થી ૪.૫ સે. મી લાંબી અને સરેરાશ ૧.૦ સે. મી. પહોળી પટ્ટી જેવા આકારના છે. એના દરેક છેડા પાસેના એક ચિહ્નમાં નાભિવાળુ વર્તુલ અને એની આસપાસ ત્રિશૂળનાં પાંખિયાં હોય છે. આ ચિહ્નની છાપ એ પટ્ટી ગરમ હોય ત્યારે દબાવાતી હશે, અને તેથી આ સિક્કા જરા વળેલા અને વચ્ચે દબાએલા હોય છે. અડીમાંની મુદ્રા વધારે પહોળી હોઈ, પટ્ટી પર ચિહ્નની છાપ ભાગ્યે જ પૂરી પડે છે. સિક્કા શરૂઆતમાં ૧૮૦ ગ્રેનથી કંઈક વધુ તોલ ધરાવે છે, પરંતુ પછી ઘસારો લાગતાં ૧૮૦થી ૧૫૦ ગ્રેન જેટલા થાય છે. કેટલીક વાર અગ્રભાગ પર, અર્થાત્ અંતર્ગોળ બાજુ પર, બે મુખ્ય ચિહ્નોની વચ્ચે કેટલાંક નાનાં ચિહ્નો નજરે પડે છે, જે ફેર ચકાસણી સમયે પછીથી પાડયાં હોય છે. આ પ્રદેશ ઈ. પૂર્વે ૬ઠ્ઠી સદીના અંતથી ઈ. પૂ. ૪થી સદીના મધ્ય સુધી ઈરાની સામ્રાજ્યની અંતર્ગત હતો. તેથી ત્યાંના સિક્કા ઈરાનનું તોલમાન ધરાવે છે એવું કેટલાક માને છે. ૧૮૦ ગ્રેનના સિક્કા બે સિગ્લૉઇ બરાબર છે, જ્યારે ૯૦ ગ્રેનના સિક્કા એક સિગ્લૉસ બરાબર છે. આ ઉપરાંત ૪૩, ૨૦ અને ૭ ગ્રેનના નાના સિક્કા પણ મળ્યા છે. ૯૦ ને એથી ઓછા ગ્રેનના સિક્કા ગોળ ને પ્યાલા ઘાટના હોય છે ને એના અગ્રભાગ પર એ જ ચિહ્ન પાડેલું હોય છે. બધા સિક્કાઓનો પૃષ્ઠભાગ કોરો હોય છે. તક્ષશિલાનાં ખંડેરોમાંથી ઈ. ૧૯૧૨માં ૧૬૭ સિક્કાનો ને ૧૯૨૪માં ૧૧૬૭ સિક્કાનો નિધિ મળેલો. એની સાથે મળેલા ગ્રીક રાજાઓના લખાણવાળા તાજા અનુકાલીન સિક્કાઓ પરથી આ નિધિઓ ઈ. પૂ. ૩જી સદીમાં (અનુક્રમે એના છેલ્લા અને પહેલા ચરણમાં) દટાયા હોવાનું માલૂમ પડ્યું છે.

વંગ રાજ્યના સિક્કા પાતળા અને લંબચોરસ છે. એ લગભગ ૧.૨૫ સે. મી. લાંબા અને ૫૦ થી ૫૨ ગ્રેન વજનના છે. એના પર ત્રણ ચિહ્ન પાડેલાં છે: (૧) એક તૂતકવાળું વહાણ, (૨) ચક્ર—પૈડું, અને (૩) વચ્ચે બેવડું વર્તુલ અને એની આસપાસ છ બાણાકાર ભુજાઓ.

બાકીનાં આઠ રાજ્યોના સિક્કા ચાર-ચાર ચિહ્નોવાળા છે. આ ચિહ્નોમાં કાં તો બબ્બે ચિહ્નોની બે જોડી છે, અથવા તો એક ચિહ્નની જોડી અને બીજા બે અલગઅલગ ચિહ્નો અર્થાત્ કુલ ત્રણ પ્રકારના ચિહ્નો છે, અથવા તો ચારેય જુદાંજુદાં ચિહ્નો પણ જોવા મળે છે.

આંધ્ર રાજ્યના સિક્કા નાના, પાતળા અને અનિયમિત આકારના છે. એના પરનાં ચિહ્નોમાં વામાભિમુખ કે દક્ષિણાભિમુખ હાથી, રૂઢ સ્વરૂપનું વૃક્ષ કે કેટલીક વાર વૃષભ જોવા મળે છે. અન્ય ચિહ્નોમાં વર્તુલ, વૃષભ-શિર, ટપકાં, તરંગાકાર રેખાઓ વગેરેની બનેલી ભૌમિતિક આકૃતિઓ છે. આ સિક્કાઓ લગભગ ૨૦ ગ્રેનના છે. કલિંગ રાજ્યના સિક્કા આંધ્ર રાજ્યના સિક્કા સાથે ઘણું સામ્ય ધરાવે છે.

મૂલક રાજ્યના સિક્કા નાના, જાડા અને ગોળ છે. લગભગ ૬૫ ગ્રેનના આ સિક્કાના અગ્રભાગે ચાર ચિહ્ન છે. એમાં અર્ધ લંબગોળ રેખાઓના બનેલા એક ચિહ્નની જોડી ઉપરાંત છ કિરણોવાળું બિંબ અને પર્વત પર ઊડતું બતક જેવું પંખી નજરે પડે છે.

વત્સ રાજ્યના સિક્કા પાતળા, લગભગ ૨.૫ સે. મી. જેટલા પહોળા અને ગોળ આકારના છે. એ ૫૦ થી ૫૪ ગ્રેનનું તોલમાન અને ચિહ્નોમાં ભૌમિતિક આકૃતિઓ, પ્રાણીઓ, ગૂંચળા, ષટ્ભુજ આકૃતિઓ ને વીંછી જેવા આકારો ધરાવે છે.

કોશલ રાજ્યના સિક્કા બે પ્રકારના છે. એના પૂર્વકાલીન સિક્કા પહોળા, પાતળા અને ગોળ છે. એના પૃષ્ઠભાગ પર નાનાંમોટાં અનેક ચિહ્નો અંકિત કરેલાં હોઈ, એનો અગ્રભાગ થોડો ઉપસેલો લાગે છે. ઉત્તરકાલીન સિક્કા મધ્યમ જાડાઈના છે, ને એના પૃષ્ઠભાગ પર પણ નાનાં ચિહ્નો મળે છે, પરંતુ એનાથી અગ્રભાગ ઊપસી આવતો નથી. આ સિક્કાઓ પર વિશેષતઃ ભૌમિતિક આકૃતિઓ તથા હાથી, વૃષભ અને સસલાની આકૃતિઓ મળે છે. કેટલીક વાર વિવિધ વૃક્ષો પણ નજરે પડે છે. પણ આ સિક્કાઓ પર આસપાસ આવી (ഗ) ત્રણ આકૃતિઓવાળા નાના વર્તુલનું ચિહ્ન અનોખું તરી આવે છે.

કાશી રાજ્યના સિક્કા પહોળા, પાતળા અને ગોળ છે. એમાં ચિહ્ન એવી રીતે પાડવામાં આવ્યાં છે કે સિક્કા વચ્ચેથી દબાએલા-રકાબી જેવા લાગે. એમાં ફૂલવેલનાં ગૂંચળાંની એક જોડી અને પદ્મ જેવી આકૃતિની એક જોડી જોવા મળે છે. એ ઉપરાંત કેટલાક નાનાં ચિહ્નો પણ હોય છે. આ સિક્કાઓનો પૃષ્ઠભાગ કોરો હોય છે.

મલ્લ રાજ્યના સિક્કા બે પ્રકારના છે. કેટલાક સિક્કા નાના જાડા અને ૬૫ ગ્રેન વજનના છે. એના પર સાદી રેખાઓનાં બનેલાં બે મોટાંનાનાં ચિહ્નો હોય છે. બીજા પ્રકારના સિક્કાઓ ૪૮–૫૦ ગ્રેનના મોટા અને ૧૦-૧૨ ગ્રેનના નાના છે. મોટા સિક્કા પર ચાર અને નાના પર બે ચિહ્નો જોવા મળે છે. આ ચિહ્નો સાદી ભૌમિતિક આકૃતિઓનાં છે (ચાલુ)

કેવળ કૉલેજિયનોને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને સુધ્ધાં આકર્ષી રહેલી ડૉ. **મધુસૂદન પારેખની** લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૪થો • પ્રકરણ ૭મું

શેક્સ્પીઅરના સમકાલીનો : બેન જૉન્સન અને બીજા

શેક્સ્પીઅરના સમકાલીન નાટ્યકારોમાં સૌથી વિલક્ષણ પ્રતિભાસંપન્ન કોઈ હોય તો તે બેન જૉન્સન(Ben Jonson) છે. એના જેવો હઠાગ્રહી સર્જક અંગ્રેજી સાહિત્યમાં બીજો જડે તેમ નથી. એની જિંદગી (ઈ.૧૫૭૩–૧૬૮૭)એટલે ચિત્રાત્મક ને હિંસક ઘટનાઓની હારમાળા. એનો મિજાજ તેજ, દુશ્મનો પણ એના અનેક. એક પ્રસંગે દ્વંદ્વયુદ્ધમાં એક અભિનેતાને મારી નાખેલો ને કારાવાસ વેઠેલો. થોડો સમય રોમન કૅથોલિક સંપ્રદાયમાં ભળ્યો, માર્સ્ટન (Marston) અને ડેકર (Dekker) જેવા નાટ્યકારો સાથે કલમયુદ્ધો ખેલ્યાં, પગપાળા સ્કૉટલૅન્ડનો પ્રવાસ કર્યો, તખ્તાનું આયોજન કરનાર ઇનાગો જેઈમ્સ (Inigo James) સાથે પણ ઝગડો કર્યો—આ સર્વ ઘટનાઓ એની વિચિત્ર પ્રકૃતિની પ્રતીતિ કરાવે છે. ઈલિઝાબેથનો વિદ્યાકળા વિજ્ઞાનનો વસંતી કાળ પણ તેણે નીરખ્યો ને એ યુગથી સાવ ભિન્ન ચાર્લ્સ પહેલાના વાતાવરણનો અનુભવ પણ તેણે લીધો.

બેન જૉન્સન કેમ્બ્રિજનો સ્નાતક, સાચો વિદ્વાન. અભ્યાસકાળ દરમિયાન અને તે પછી પણ હાથમાં નોંધપોથી રાખી પ્રશિષ્ટ સર્જકોનાં મનપસંદ લખાણોની તે નોંધ કરતો જ હોય. ઇતિહાસમાં પણ એનો જીવંત રસ. એની કૃતિઓમાં ભૂતકાલીન કે સમકાલીન સમાજ એ વિગતે અને વિશુદ્ધપણે આલેખતો. પ્રજાની રીતરસમોનાં વિગતપ્રચુર ચિત્રો એનાં નાટકોમાં અવશ્ય ધ્યાનપાત્ર બની રહે.

શેક્સ્પીઅર અને બેન જૉન્સન

શેક્સ્પીઅર કરતાં એની પ્રકૃતિ અને સર્જનપદ્ધતિ સાવ વિભિન્ન. જો સાંપ્રત સાહિત્યપ્રવાહનો પ્રતિકાર એ મૌલિકતાનો માપદંડ હોય તો શેક્સ્પીઅર કરતાં બેન જૉન્સનની મૌલિકતા વિશેષ ગણાય. શેક્સ્પીઅરે એના યુગનાં થીએટરોની મર્યાદા પારખી લીધી હતી. પ્રજાની સાંસ્કારિક રુચિ વિષેનું માપ પણ એના મનમાં બરાબર હતું. પણ તેણે સ્મિતપૂર્વક એ બધી મર્યાદા સ્વીકારી લીધી—સહી લીધી. એણે તખ્તાની ક્ચાશો વિષે કે પ્રજાની સંસ્કારવૃત્તિ વિષે કશી રકઝક કરી નહિ. એનો દૃષ્ટિકોણ સમભાવયુક્ત રહ્યો. બેન જૉન્સન આવી સહિષ્ણુતા દાખવે તેવી પ્રકૃતિનો નહોતો. પ્રાચીન સર્જકોના ગાઢ સંપર્ક દ્વારા તેણે પોતાની રુચિ ઘડી હતી. પ્રશિષ્ટ સર્જકોના સંસ્કાર એના ચિત્તમાં દૃઢપણે અંકિત થયા હતા. એમાંથી બંધાએલો એનો આત્મવિશ્વાસ ગર્વની સીમા સુધી પહોંચી જતો હતો. ઈલિઝાબેથ યુગના થીએટરનો તેણે તુચ્છકાર કરી દીધો અને અંગ્રેજી રંગભૂમિને નવેસરથી ઘાટ આપવાનો નિર્ધાર કર્યો. એ પોતાના યુગમાં, અને તે પછીના કાળમાં પણ, શેક્સ્પીઅરને સામે પલ્લે જ બેઠો છે. શેક્સ્પીઅર સાંપ્રત પ્રવાહની સાથે તર્યો, બેન જૉન્સને સામે પૂરે તરવાનું સાહસ કર્યું. પ્રજાની અભિરુચિને પણ તેણે કટાક્ષનાં તીર લગાવીને કોચી નાખી; તેના નવઘડતરનો પુરુષાર્થ આરંભ્યો. નાટક વિષે તેણે નવા સિદ્ધાંતો રજૂ કર્યા, કૉમેડી અને કટાક્ષનાટકના પ્રયોગો કર્યા, તેના સમકાલીનો સાથે બાખડ્યો, દુશ્મનોને રંગભૂમિ પર રજૂ કરીને ફજેત કર્યા, આત્મપ્રશંસા કરવામાં પણ કચાશ રાખી નહિ.

બેન જૉન્સન સાચે જ વિચક્ષણ નાટ્યકાર છે. એનાં નાટકો અભ્યાસદૃષ્ટિએ પણ મૂલ્યવાન છે. શેક્સ્પીઅરની સર્જક પ્રતિભાએ બેન જૉન્સનની નાટ્યકલાનો ગ્રાસ કર્યો એમ આજના વાચકને લાગે. પણ સત્તરમી સદીમાં વિવેચકો અને સામાજિકો શેક્સ્પીઅરની કલાપ્રતિભાથી ખાસ અંજાઈ ગયા નહોતા. બેન જૉન્સને સાહિત્યિક સજ્જનોને પોતાના નાટ્ય વિષેના, રંગભૂમિ અંગેના નવા સિદ્ધાંતો ભારપૂર્વક ઠસાવ્યા હતા. એમની પાસેથી તેણે પોતાની નવીનતાભરી કૃતિઓ માટે અભિનંદનના કર બરાબર વસૂલ કર્યા હતા. એના આત્મવિશ્વાસે અને આગ્રહી સ્વભાવે સાહિત્યિક વર્તુલમાં એના વિષે એક અહોભાવની વૃત્તિ જન્માવી હતી. પોતાની કૃતિઓ વિષે તે વિદ્વાનોનાં ચિત્તમાં વિશિષ્ટ મુદ્રા ઊપસાવી શક્યો. શેક્સ્પીઅરની સર્જકકલા વિષેનો અહોભાવ તો પછીના યુગોમાં વધવા માંડ્યો, પણ બેન જૉન્સનને તો આરંભથી જ નાટ્યવિવેચકોએ વધાવી લીધો. નાટ્ય સિદ્ધાંતોને લક્ષમાં રાખીને રચાએલાં એનાં નાટકોનું પૃથક્કરણ કરવાનું ડ્રાયડન જેવા વિવેચકને પણ ખૂબ અનુકૂળ આવ્યું. શેક્સ્પીઅરનાં નાટકો તો નિયમોના વર્તુલન ઉલ્લંઘી જનારાં હતાં!

બેન જૉન્સનનાં સુખાંત નાટકો (Comedies)

બેન જૉન્સન પ્રકૃતિએ કટાક્ષકાર હતો અને શિક્ષણે તેને વાસ્તવદર્શી બનાવ્યો. તત્કાલીન સમાજની ફૅશન અને કૃત્રિમ રીતરસમો પર કટાક્ષનાં તાતાં તીર ચલાવવાં એ તેની મોજ હતી. કોઈક પ્રકારની માનસિક નિર્બળતાવાળાં, ધૂની પાત્રોનું તે એની કૉમેડીઝમાં નિરૂપણ કરતો. એની જાણીતી કૉમેડીઝમાં પહેલી ‘એવરી મૅન ઈન હિઝ હ્યૂમર’ (Every Man in his Humour) ઈ. ૧૫૯૮માં પ્રગટ થઈ. તેમાં કૉમેડી વિષેનાં તેનાં વલણો પ્રગટ થતાં જોઇ શકાય છે. એ નાટકનું દૃશ્ય પહેલાં તો ઈટાલીનું હતું, પણ જૉન્સને તરત જ પોતાનાં પાત્રો સાચુકલાં, અંગ્રેજી સમાજમાંથી, પોતાના પ્રત્યક્ષ નિરીક્ષણમાંથી રચાયાં છે તેની પ્રતીતિ કરાવવા ઈટાલીનું દૃશ્ય બદલીને લંડનનું કરી દીધું. એમાં અનેક ધૂની પાત્રો તેણે ભેગાં કર્યાં છે. શેક્સ્પીઅર તેમજ બીજા નાટ્યકારો તો માત્ર પોતાનાં ગૌણ પાત્રોમાં ધૂન કે મૂર્ખામીનું આરોપણ કરતા; જૉન્સન નાટકનાં ગૌણ ઉપરાંત ખાસ તો મુખ્ય પાત્રોને તરંગી અને હાસ્યાસ્પદ બનાવે છે. પણ એનાં નાટકોમાં મુશ્કેલી એ છે કે બધી રચના ને પાત્રોનું નિરૂપણ આયાસપૂર્વકનું લાગે છે. અને ખાસ તો એ કે એ પ્રસન્ન હાસ્યકાર નથી, કઠોર કટાક્ષકાર છે. રોમૅન્ટિસિઝમનાં તત્ત્વ તે કાળજીપૂર્વક બાકાત રાખે છે અને પ્રશિષ્ટોની પ્રણાલિકાને ચુસ્તપણે અનુસરે છે. સપ્રમાણતાની એ ખાસ કાળજી રાખે છે.

એની બીજી કૉમેડી ‘એવરી મૅન આઉટ ઑવ હિઝ હ્યૂમર’ (૧૫૯૯)માં નિષ્ઠુર ન્યાયાધીશના હેસિયતથી સમાજમાં જે કંઈ મૂર્ખાઈભર્યું અનિષ્ટ છે તેને પ્રહારવાનો તે સંકલ્પ કરે છે :

I'll strip the ragged follies of the time,
Naked, as at their brith અને
with a whip of steel
Print wounding lashes in their iron ribs.

જૉન્સન આ અરસામાં માર્સ્ટન (Marston) અને બીજા કેટલાક સમકાલીન નાટ્યકારો સાથે ઝગડી પડેલો. આ લડાઈ war of theatres તરીકે જાણીતી છે. પોતાના શત્રુઓનો તુચ્છકાર કરવા તેણે ધ પોએટૅસ્ટર (The Poetaster)–ઈ. ૧૬૦૧–નાટક રચ્યું. એમાં દૃશ્ય રોમનું છે. હૉરેસ (જૉન્સન પોતે) રોમની સાહિત્યસૃષ્ટિમાં વર્જિલ અને ઑગસ્ટસ સીઝરના મિત્ર તરીકે ગૌરવપૂર્વક વિહરે છે. અને ક્રિસ્પીનસ તથા ડીમેટ્રીઅસ જેવા અધમ કવિઓ (માર્સ્ટન અને ડેકર) તેની અદેખાઈ કરનારા દુશ્મનો છે. આ આખું રોમન રૂપક જૉન્સને આત્મપ્રશંસા કે પ્રતિષ્ઠા માટે જ રચ્યું છે અને નાટકનો કટાક્ષ સીમિત બની રહે છે.

આત્મગૌરવ માટે લૅટિન કવિતાનો તેણે ઉપયોગ કર્યો છે.

જૉન્સનની આ બધી રચનાઓ અપક્વ છે. તેની સાચી સફળતા 'વૉલ્પોની ઑર ધ ફૉક્સ' (૧૬૦૫), 'એપીસીન ઑર ધ સાઇલૅન્ટ વૂમન' (૧૬૦૯) અને 'ઍલ્કેમિસ્ટ' (૧૬૧૦) જેવી કૉમેડી રચવામાં છે. આ સર્વમાં વૉલ્પોની (Volpone) એની સમર્થ અને મૉરૅલિટી પ્લેઈઝની પ્રણાલિકા જાળવનારી છે. એમાં વેનિસના એક વેપારીની સુવર્ણઘેલછાની મજાક છે. એ બુઢ્ઢો અને ખૂબ શ્રીમંત છે. એનો કોઈ વારસદાર નથી, છતાં કાંચનની માયામાં એ લુબ્ધ છે—ઘેલો છે. નાટકનો કટાક્ષસૂર એની પ્રભાતપ્રાર્થનામાં તરત જ પ્રગટ થઈ જાય છે:

Good morning to the day; and next, my gold!
Open the shrine, that I may see my saint.

એનો સુવર્ણલોભ વધતો જ જાય છે. એ નિ:સંતાન છે એટલે ઘણા સંબંધીઓ અને મિત્રોની દાનત તેના વારસા પર છે. વૉલ્પોની લોભપૂર્વક એમની બદદાનતનો લાભ ઉઠાવવા જીવલેણ માંદગીમાં સપડાયાનો ઢોંગ કરે છે. વૉલ્પોનીનો નોકર મૉસ્કા (Mosca) એ બધા ઉમેદવારોની લાલચનો બરાબર લાભ લે છે. વૉલ્પોનીનો અંત હવે નજીકમાં છે એમ સમજી તેને પ્રસન્ન કરવા માટે સૌ કીમતી ભેટસોગાદો લાવે છે. જૉન્સન આ બધા લોભિયાઓની મનોવૃત્તિનો સુરેખ ચિતાર રજૂ કરે છે. મૉસ્કા એમની આકાંક્ષાઓને બહેલાવે છે અને એમને બરાબર નિચોવી લે છે. એક ઉમેદવાર તો વૉલ્પોની પ્રત્યેની પોતાની નિષ્ઠા દર્શાવવા માટે સગા દીકરાને વારસામાંથી રદબાતલ કરી વૉલ્પોનીને પોતાનો વારસદાર ઠરાવે છે! બીજો એનાથી પણ વધુ નિષ્ઠા દાખવવા એની ખૂબસૂરત વધૂને વૉલ્પોનીને સમર્પણ કરે છે. એ સમયે તે યુવતી સીલિયા (Celia)ની વેદના અને ભીતિ નાટકમાં કરુણતાનું ઘેરું તત્ત્વ દાખલ કરી દે છે. નાટકમાં બધાં પાત્રો એકબીજાને છેતરવા જાય છે-અને બધા છેતરાય છે! વૉલ્પોની અને મૉસ્કાની શઠતા પકડાઈ જાય છે અને તે સજા પામે છે. માણસ લોભવૃત્તિમાં કેવી કરામતો કરે છે, તે કેટલી હદે નીચે પડતો જાય છે તેનું તીવ્ર કટાક્ષમય ચિત્રણ આ નાટકમાં છે. વસ્તુગૂંથણીમાં જૉન્સનની કુશળતા એમાં ધ્યાન ખેંચે છે. સમગ્ર રચનામાં ખૂટતું તત્ત્વ તે હાસ્ય છે. કટાક્ષની ઉગ્રતામાં હાસ્યરસ શોષાઈ ગયો છે.

'એપીસીન' જૉન્સન આગળના નાટકની જાણે ભૂલ સુધારતો હોય તેમ ખડખડાટ હાસ્યને પ્રાધાન્ય આપે છે. ડ્રાયડન આ નાટકની રચના પર વારી ગયો હતો અને નમૂના રૂપ કૉમેડી લેખે એનું ઉમળકાભેર વિવેચન કર્યું હતું. આ કૉમેડીમાં જૉન્સને માણસના દુર્ગુણ પર તીવ્ર કટાક્ષ કરવાને બદલે દંભી અને મૂર્ખાઓની વર્તણુકની મજાક ઉડાવવાનું પસંદ કર્યું છે. મૉરોઝ (Morose) આ નાટકનું મુખ્ય પાત્ર છે. તેની ધૂન અથવા તો વિચિત્રતા એ છે કે કોઈ પણ જાતનો અવાજ તે સહી શકતો નથી. એની આસપાસ એ શાંતિનું—મૌનનું વાતાવરણ જાળવી રાખે છે. નોકરોને પણ અવાજ કરીને નહિ પણ ઈશારતથી માલિક સાથે વાત કરવાનો હુકમ છે. એનો એક ભત્રીજો છે. એને પોતાનો વારસો ન જાય તે માટે એ એક મૂગી કન્યાને પરણી લાવે છે. પણ એ છોકરી તો ભારે વાચાળ નીકળે છે અને વાતોનો કલશોર મચાવી એનું માથું પકવી નાખે છે. એનો ભત્રીજો સારી એવી રકમના બદલામાં એ છોકરી સાથે છૂટાછેડા ગોઠવી આપે છે. અંતે ખબર પડે છે કે એની એ પરણેતર તો છોકરો હતી—છોકરીનો વેશ ભજવવા ભત્રીજાની જ યોજનાથી આવી હતી!

આ નાટક ફારસની કક્ષાએ પહોંચી ગયું છે. આવા ફારસ પ્રકારના નાટકમાં પણ જૉન્સન એનો સંચિત થએલો જ્ઞાનભંડાર ઠાલવ્યા વિના રહી શક્યો નથી. એક વિવેચકે કહ્યું છે તેમ '...he is too industrious and too learned to evoke light laughter.'

'ઍલ્કેમિસ્ટ'માં વળી પાછો જૉન્સન બદમાશો અને લોભી દંભી પર તીવ્ર કટાક્ષપ્રહાર કરતો 'સૅટાયરિક કૉમેડી' તરફ વળે છે. એમાં ફેઈસ (Face) નામનો એક નોકર એના શેઠની ગેરહાજરીમાં સટલ (Subtle) નામના કીમિયાગરને લઈ આવે છે અને સોનું બનાવી આપવાના દાવો કરનારા એ ધુતારાની જાળમાં લોભિયા ફસાય છે. વિષયવસ્તુની દૃષ્ટિએ આ નાટકનું 'વૉલ્પોની' સાથે સામ્ય છે. પણ આ નાટકમાં અંતે કાવ્યન્યાય જળવાતો નથી. ફેઈસનો માલિક લવિટ (Lovewit) પાછો ફરે છે, ફેઈસ તેને બધી પરિસ્થિતિનો મર્મ સમજાવે છે અને પેલા લોભિયાઓએ ફેઈસને ધીરેલા નાણાં આ શેઠ પોતે હજમ કરી જાય છે. નાટકનો આ વિચિત્ર-વિકૃત અંત સમાજ ઉપર એક વિશેષ ટીકા રૂપ બને છે.

'બાર્થોલોમ્યુ ફૅર' (ઈ. ૧૬૧૪) પણ તેની પરિપક્વ શક્તિનો પરિચય આપતી સૅટાયરિક કૉમેડી છે. આ નાટકમાં સંકલના દૃઢ નથી. પાત્રોનાં વાણીવર્તન અને તેમની મૂર્ખાઈમાંથી પ્રગટતું હાસ્ય એ જ નાટકનું મુખ્ય આકર્ષણ છે. જૉન્સનની બધી કૉમેડીમાં લંડનના સમાજજીવનમાંથી વીણેલી વિગતો હોય છે. પણ 'બાર્થોલોમ્યુ ફૅર'માં તે સૌથી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

એ પછી થોડાં વર્ષોના વિરામ બાદ તેણે 'ધ ડેવિલ ઈઝ ઍન ઍસ', 'ધ ન્યૂ ઈન', 'ધ મૅગ્નેટિક લેઈડી', 'અ ટેઈલ ઑવ અ ટબ' ઇત્યાદિ કૉમેડી રચી છે પણ તે સામાન્ય કક્ષાની છે.

જૉન્સનનાં કરુણાંત નાટકો

જૉન્સને, કદાચ શેક્સપીઅરના 'જુલિયસ સીઝર' નાટકની સફળતા જોઇને, રોમના ઇતિહાસમાંથી વિષયવસ્તુ લઇને ટ્રૅજેડી સેજાનસ (Sejanus)–૧૬૦૩–અને કૅટિલાઈન (Catiline)–૧૬૧૧–રચી છે. પણ શેક્સપીઅર કરતાં તેનો આ વિષયની બાબતમાં અભિગમ સાવ નિરાળો છે. એક તો તેણે રોમના ઇતિહાસમાંથી અલ્પખ્યાત વસ્તુ પસંદ કર્યું છે, અને 'સેજાનસ'માં તો મૂળ લૅટિન સ્રોતનો આધાર લઈ તેણે ત્રિવિધ વિગતો ખચી છે. પ્રસ્તાવનામાં પણ તેણે પોતે કયા લૅટિન લેખકોની સામગ્રીનો ઉપયોગ કર્યો તેની વિગત નોંધી છે. તેમ છતાં પ્રશિષ્ટ સાહિત્યની પ્રણાલિકાના પુરસ્કર્તા જૉન્સને અહીં સમયની એકતા (unity of time)નું પાલન કર્યું નથી. ઐતિહાસિક નાટકમાં તેણે ઇતિહાસની વિગતોની બાબતમાં ભારે ચોકસાઈ દાખવી છે. સેજાનસ'માં સંકલના સુશ્લિષ્ટ છે અને ઘટના આકર્ષક છે, ઇતિહાસ નિષ્ઠાપૂર્વક આલેખાયો છે, લેખકની વિદ્વત્તાની પ્રબળ છાપ ઊપસે છે. પણ ઈતિહાસનાં ચિત્રણો પાત્રોને ઢાંકી દે છે. પાત્રો જીવંત બની શકતાં નથી.

'કૅટિલાઈન' આગળની કૃતિ કરતાં કલાદૃષ્ટિએ ઊણી ઊતરે છે. એમાં પાત્રચિત્રણ ખૂબ નબળું છે. એની સંકલના પણ સરળ નથી. બંને નાટકોમાં ઇતિહાસનિષ્ઠા પ્રાધાન્ય ભોગવે છે.

બેન જૉન્સન, આમ, શેક્સપીઅરના એક પ્રતિભાસંપન્ન સમકાલીન નાટ્યકાર તરીકે ઉપસ્થિત થાય છે. એના યુગમાં એ પ્રણેતા હતો. અલબત્ત એણે એના જમાનાને નાટકની બાબતમાં, રંગભૂમિની બાબતમાં નવા વિચારો, નવા સિદ્ધાંતો આપ્યા, પ્રજાની રુચિને ટપારી—તિરસ્કારીને પણ તેણે નવો ઘાટ આપ્યો. પ્રશિષ્ટ કૃતિઓમાંથી જ તેણે પ્રેરણા લીધી. સત્તરમા સૈકામાં તો તેની કલાની અને વિદ્વત્તાની વિવેચકો પણ વાહવાહ પોકારતા હતા. તેમ છતાં શેક્સપીઅરની કલામાં સ્વાભાવિકતા હતી, બેન જૉન્સનની કલામાં આયાસ પ્રગટ છે. આજનો વાચક બેન જૉન્સનની ચોકસાઇભરી વિદ્વત્તાનો આદર ભલે કરે, તો પણ પ્રેમ તો શેક્સપીઅરની કલાને જ કરશે. ડ્રાયડને આ સંદર્ભમાં લખ્યું છે:

If I would compare him with Shakespeare, I must acknowledge him the more correct poet, but Shakespeare the greater wit. Shakespeare was the Homer, or father of our dramatic poets, Jonson was the Virgil, the pattern of elaborate writing. I admire him but I love Shakespeare.

(ચાલુ)

આત્મગૌરવ માટે લૅટિન કવિતાનો તેણે ઉપયોગ કર્યો છે.

જૉન્સનની આ બધી રચનાઓ અપક્વ છે. તેની સાચી સફળતા 'વૉલ્પોની ઑર ધ ફૉક્સ' (૧૬૦૫), 'એપીસીન ઑર ધ સાઇલૅન્ટ વૂમન' (૧૬૦૯) અને 'ઍલ્કેમિસ્ટ' (૧૬૧૦) જેવી કૉમેડી રચવામાં છે. આ સર્વમાં વૉલ્પોની (Volpone) એની સમર્થ અને મૉરૅલિટી પ્લેઈઝની પ્રણાલિકા જાળવનારી છે. એમાં વેનિસના એક વેપારીની સુવર્ણઘેલછાની મજાક છે. એ બુઢ્ઢો અને ખૂબ શ્રીમંત છે. એનો કોઈ વારસદાર નથી, છતાં કાંચનની માયામાં એ લુબ્ધ છે—ઘેલો છે. નાટકનો કટાક્ષસૂર એની પ્રભાતપ્રાર્થનામાં તરત જ પ્રગટ થઈ જાય છે:

Good morning to the day; and next, my gold!
Open the shrine, that I may see my saint.

એનો સુવર્ણલોભ વધતો જ જાય છે. એ નિઃસંતાન છે એટલે ઘણા સંબંધીઓ અને મિત્રોની દાનત તેના વારસા પર છે. વૉલ્પોની લોભપૂર્વક એમની બદદાનતનો લાભ ઉઠાવવા જીવલેણ માંદગીમાં સપડાયાનો ઢોંગ કરે છે. વૉલ્પોનીનો નોકર મૉસ્કા (Mosca) એ બધા ઉમેદવારોની લાલચનો બરાબર લાભ લે છે. વૉલ્પોનીનો અંત હવે નજીકમાં છે એમ સમજી તેને પ્રસન્ન કરવા માટે સૌ કીમતી ભેટસોગાદો લાવે છે. જૉન્સન આ બધા લોભિયાઓની મનોવૃત્તિનો સુરેખ ચિતાર રજૂ કરે છે. મૉસ્કા એમની આકાંક્ષાઓને બહેલાવે છે અને એમને બરાબર નિચોવી લે છે. એક ઉમેદવાર તો વૉલ્પોની પ્રત્યેની પોતાની નિષ્ઠા દર્શાવવા માટે સગા દીકરાને વારસામાંથી રદબાતલ કરી વૉલ્પોનીને પોતાનો વારસદાર ઠરાવે છે! બીજો એનાથી પણ વધુ નિષ્ઠા દાખવવા એની ખૂબસૂરત વધૂને વૉલ્પોનીને સમર્પણ કરે છે. એ સમયે તે યુવતી સીલિયા (Celia)ની વેદના અને ભીતિ નાટકમાં કરુણતાનું ઘેરું તત્ત્વ દાખલ કરી દે છે. નાટકમાં બધાં પાત્રો એકબીજાને છેતરવા જાય છે-અને બધા છેતરાય છે! વૉલ્પોની અને મૉસ્કાની શઠતા પકડાઈ જાય છે અને તે સજા પામે છે. માણસ લોભવૃત્તિમાં કેવી કરામતો કરે છે, તે કેટલી હદે નીચે પડતો જાય છે તેનું તીવ્ર કટાક્ષમય ચિત્રણ આ નાટકમાં છે. વસ્તુગૂંથણીમાં જૉન્સનની કુશળતા એમાં ધ્યાન ખેંચે છે. સમગ્ર રચનામાં ખૂટતું તત્ત્વ તે હાસ્ય છે. કટાક્ષની ઉગ્રતામાં હાસ્યરસ શોષાઈ ગયો છે.

'એપીસીન' જૉન્સન આગળના નાટકની જાણે ભૂલ સુધારતો હોય તેમ ખડખડાટ હાસ્યને પ્રાધાન્ય આપે છે. ડ્રાયડન આ નાટકની રચના પર વારી ગયો હતો અને નમૂના રૂપ કૉમેડી લેખે એનું ઉમળકાભેર વિવેચન કર્યું હતું. આ કૉમેડીમાં જૉન્સને માણસના દુર્ગુણ પર તીવ્ર કટાક્ષ કરવાને બદલે દંભી અને મૂર્ખાઓની વર્તણુકની મજાક ઉડાવવાનું પસંદ કર્યું છે. મૉરોઝ (Morose) આ નાટકનું મુખ્ય પાત્ર છે. તેની ધૂન અથવા તો વિચિત્રતા એ છે કે કોઈ પણ જાતનો અવાજ તે સહી શકતો નથી. એની આસપાસ એ શાંતિનું—મૌનનું વાતાવરણ જાળવી રાખે છે. નોકરોને પણ અવાજ કરીને નહિ પણ ઈશારતથી માલિક સાથે વાત કરવાનો હુકમ છે. એનો એક ભત્રીજો છે. એને પોતાનો વારસો ન જાય તે માટે એ એક મૂગી કન્યાને પરણી લાવે છે. પણ એ છોકરી તો ભારે વાચાળ નીકળે છે અને વાતોનો કલશોર મચાવી એનું માથું પકવી નાખે છે. એનો ભત્રીજો સારી એવી રકમના બદલામાં એ છોકરી સાથે છૂટાછેડા ગોઠવી આપે છે. અંતે ખબર પડે છે કે એની એ પરણેતર તો છોકરો હતી—છોકરીનો વેશ ભજવવા ભત્રીજાની જ યોજનાથી આવી હતી!

આ નાટક ફારસની કક્ષાએ પહોંચી ગયું છે. આવા ફારસ પ્રકારના નાટકમાં પણ જૉન્સન એનો સંચિત થએલો જ્ઞાનભંડાર ઠાલવ્યા વિના રહી શક્યો નથી. એક વિવેચકે કહ્યું છે તેમ '...he is too industrious and too learned to evoke light laughter.'

'ઍલ્કેમિસ્ટ'માં વળી પાછો જૉન્સન બદમાશો અને લોભી દંભી પર તીવ્ર કટાક્ષપ્રહાર કરતો 'સૅટાયરિક કૉમેડી' તરફ વળે છે. એમાં ફેઈસ (Face) નામનો એક નોકર એના શેઠની ગેરહાજરીમાં સટલ (Subtle) નામના કીમિયાગરને લઈ આવે છે અને સોનું બનાવી આપવાના દાવો કરનારા એ ધુતારાની જાળમાં લોભિયા ફસાય છે. વિષયવસ્તુની દૃષ્ટિએ આ નાટકનું 'વૉલ્પોની' સાથે સામ્ય છે. પણ આ નાટકમાં અંતે કાવ્યન્યાય જળવાતો નથી. ફેઈસનો માલિક લવિટ (Lovewit) પાછો ફરે છે, ફેઈસ તેને બધી પરિસ્થિતિનો મર્મ સમજાવે છે અને પેલા લોભિયાઓએ ફેઈસને ધીરેલા નાણાં આ શેઠ પોતે હજમ કરી જાય છે. નાટકનો આ વિચિત્ર-વિકૃત અંત સમાજ ઉપર એક વિશેષ ટીકા રૂપ બને છે.

'બાર્થોલોમ્યુ ફૅર' (ઈ. ૧૬૧૪) પણ તેની પરિપક્વ શક્તિનો પરિચય આપતી સૅટાયરિક કૉમેડી છે. આ નાટકમાં સંકલના દૃઢ નથી. પાત્રોનાં વાણીવર્તન અને તેમની મૂર્ખાઈમાંથી પ્રગટતું હાસ્ય એ જ નાટકનું મુખ્ય આકર્ષણ છે. જૉન્સનની બધી કૉમેડીમાં લંડનના સમાજજીવનમાંથી વીણેલી વિગતો હોય છે. પણ 'બાર્થોલોમ્યુ ફૅર'માં તે સૌથી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

એ પછી થોડાં વર્ષોના વિરામ બાદ તેણે 'ધ ડેવિલ ઈઝ ઍન ઍસ', 'ધ ન્યૂ ઈન', 'ધ મૅગ્નેટિક લેઈડી', 'અ ટેઈલ ઑવ અ ટબ' ઇત્યાદિ કૉમેડી રચી છે પણ તે સામાન્ય કક્ષાની છે.

જૉન્સનનાં કરુણાંત નાટકો

જૉન્સને, કદાચ શેક્સ્પીઅરના 'જુલિયસ સીઝર' નાટકની સફળતા જોઈને, રોમના ઇતિહાસમાંથી વિષયવસ્તુ લઈને ટ્રૅજેડી સેજાનસ (Sejanus)–૧૬૦૩–અને કૅટિલાઈન (Catiline)–૧૬૧૧–રચી છે. પણ શેક્સ્પીઅર કરતાં તેનો આ વિષયની બાબતમાં અભિગમ સાવ નિરાળો છે. એક તો તેણે રોમના ઇતિહાસમાંથી અલ્પખ્યાત વસ્તુ પસંદ કર્યું છે, અને 'સેજાનસ'માં તો મૂળ લૅટિન સ્રોતનો આધાર લઈ તેણે વિવિધ વિગતો ખચી છે. પ્રસ્તાવનામાં પણ તેણે પોતે ક્યા લૅટિન લેખકોની સામગ્રીનો ઉપયોગ કર્યો તેની વિગત નોંધી છે. તેમ છતાં પ્રશિષ્ટ સાહિત્યની પ્રણાલિકાના પુરસ્કર્તા જૉન્સને અહીં સમયની એકતા (unity of time)નું પાલન કર્યું નથી. ઐતિહાસિક નાટકમાં તેણે ઇતિહાસની વિગતોની બાબતમાં ભારે ચોક્સાઈ દાખવી છે. સેજાનસ'માં સંકલના સુશ્લિષ્ટ છે અને ઘટના આકર્ષક છે, ઇતિહાસ નિષ્ઠાપૂર્વક આલેખાયો છે, લેખકની વિદ્વત્તાની પ્રબળ છાપ ઊપસે છે. પણ ઇતિહાસનાં ચિત્રણો પાત્રોને ઢાંકી દે છે. પાત્રો જીવંત બની શકતાં નથી.

'કૅટિલાઈન' આગળની કૃતિ કરતાં કલાદૃષ્ટિએ ઊણી ઊતરે છે. એમાં પાત્રચિત્રણ ખૂબ નબળું છે. એની સંકલના પણ સરળ નથી. બંને નાટકોમાં ઇતિહાસનિષ્ઠા પ્રાધાન્ય ભોગવે છે.

બેન જૉન્સન, આમ, શેક્સ્પીઅરના એક પ્રતિભાસંપન્ન સમકાલીન નાટ્યકાર તરીકે ઉપસ્થિત થાય છે. એના યુગમાં એ પ્રણેતા હતો. અલબત્ત એણે એના જમાનાને નાટકની બાબતમાં, રંગભૂમિની બાબતમાં નવા વિચારો, નવા સિદ્ધાંતો આપ્યા, પ્રજાની રુચિને ટપારી—તિરસ્કારીને પણ તેણે નવો ઘાટ આપ્યો. પ્રશિષ્ટ કૃતિઓમાંથી જ તેણે પ્રેરણા લીધી. સત્તરમા સૈકામાં તો તેની કલાની અને વિદ્વત્તાની વિવેચકો પણ વાહવાહ પોકારતા હતા. તેમ છતાં શેક્સ્પીઅરની કલામાં સ્વાભાવિકતા હતી, બેન જૉન્સનની કલામાં આયાસ પ્રગટ છે. આજનો વાચક બેન જૉન્સનની ચોક્સાઇભરી વિદ્વત્તાનો આદર ભલે કરે, તો પણ પ્રેમ તો શેક્સ્પીઅરની કલાને જ કરશે. ડ્રાયડને આ સંદર્ભમાં લખ્યું છે:

If I would compare him with Shakespeare, I must acknowledge him the more correct poet, but Shakespeare the greater wit. Shakespeare was the Homer, or father of our dramatic poets, Jonson was the Virgil, the pattern of elaborate writing. I admire him but I love Shakespeare.

(ચાલુ)





△ કૉન્ટેમ્પરરી આર્ટ ગૅલેરી. મૂળ તો એ નિવાસસ્થાન, પણ સ્થપતિ શરદ શેઠે એનું સુંદર રૂપાંતર કર્યું છે. (જમણી બાજુ) ગૅલેરીના ભોંયતળ પરના નાનકડા પણ પ્રદર્શન માટે સગવડભર્યા બે ખંડ.

કલાવાર્તા

કૉન્ટેમ્પરરી આર્ટ ગૅલેરી

સમકાલીન કલાકારોની કૃતિઓ પ્રદર્શિત કરી સામાન્ય નાગરિકોમાં કલારસ પ્રસારવાના ઉદ્દેશથી છેલ્લાં ત્રણેક વર્ષથી અમદાવાદમાં 'કૉન્ટેમ્પરરી આર્ટિસ્ટ્સ' નામનું એક જૂથ કામ કરી રહ્યું છે. હવે એ પ્રવૃત્તિને વિસ્તારીને ચિત્ર, શિલ્પ, સંગીત, નૃત્ય, નાટ્ય આદિ ક્ષેત્રના કલાકારો પોતાની કલાભિવ્યક્તિ સરળતાથી રજૂ કરી શકે એવા સદ્-હેતુથી એણે વધુ નક્કર સ્વરૂપ ધારણ કર્યું છે. હમણાં થોડા સમય પર ચિત્ર-શિલ્પ-પ્રદર્શન, નાટ્યપ્રયોગ અને કથ્થક નૃત્યની વિશિષ્ટતા સમજાવતા નૃત્ય-પ્રયોગ સહિત ત્રણ દિવસની સુંદર ઉજવણી સાથે એના કેન્દ્ર સમ 'કૉન્ટેમ્પટરરી આર્ટ ગૅલેરી'નું ઉદ્‌ઘાટન થયું. આમ તો એ જ સ્થળ પર પણ જરા પાછળના ભાગમાં એક મોટા ગરાજમાં ઘટિત ફેરફાર અને વ્યવસ્થા સાથે આ અગાઉ એનો આરંભ થયો હતો, પણ હવે અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં શહેર તથા પરાવિસ્તારમાંથી સૌકોઈને આવવા-જવામાં સરળ બને એવા આ કેન્દ્રસ્થ સ્થળે ધોરી માર્ગ પર નવા સ્થાને એને ફેરવવામાં આવી છે.

અમદાવાદના એક ગર્ભશ્રીમંત કલારસિક ચિત્રકાર ભાઈ અમિતકુમાર અંબાલાલ આ પ્રવૃત્તિના પ્રાણ અને સ્થાપક છે. કેટલાક મિત્રો સાથે એમણે સાંપ્રતકાલીન કલાકારોનું એક અવિધિસરનું જૂથ ઊભું કરી એનો પ્રારંભ કર્યો હતો. ત્યાં સંસ્થાકીય નિયમોના બંધન વિના પોતપોતાની રીતે કલાસાધના કરી રહેલા કલાકારો અવારનવાર સાથે મળી પોતાની કૃતિઓ પ્રદર્શિત કરતા રહે છે. પોતાની પાસેની સગવડ-સમૃદ્ધિનો કલા અર્થે સદ્‌ઉપયોગ કરી ભાઈ અમિતકુમારે સ્થાપેલી આ ગૅલેરીથી હવે સમકાલીન કલાકારોને એક સારી સગવડ ને નગરની પ્રજાને સુંદર લાભ પ્રાપ્ત થયો છે.

અહીં નાનામોટા સૌ કલાકારો ને કવિલેખકો અવારનવાર એકત્ર થતા રહે, કલાપ્રદર્શનો, સાહિત્યનાં વાચનપઠન કે ચર્ચા-વાર્તા કરે યા નૃત્ય-નાટ્ય-અભિનય વગેરે રજૂ કરી શકે એવો આની પાછળ એક ખયાલ છે, અને એને અનુષંગી પ્રવૃત્તિઓ અહીં ચાલે છે. કોઈ પણ પ્રકારના ધુમધડાકા કે જાહેરાતોથી પર રહી મૂકપણે આ સંસ્થા પોતાની રીતે કલાની સેવા કરી રહી છે. રસ અને આનંદનો સહ-અનુભવ એ જ એનો હેતુ છે.

બે માળના નાનકડા એક મકાનમાં ઘટિત અને સુયોગ્ય ફેરફાર કરીને તૈયાર કરેલી આ ગૅલેરીમાં ભોંયતળિયે ચિત્ર-શિલ્પ પ્રદર્શિત કરી શકાય એવા સગવડભર્યા બે નાના ખંડ છે અને તેની ઉપરના માળે સોએક જણ સમક્ષ નૃત્ય-નાટક કે વ્યાખ્યાન-વાર્તા માટે એક ટચુકડી વ્યાસપીઠ સાથેનો મોટો ખંડ છે.


સર્જકશક્તિ ધરાવતા સૌ કોઈ માટે શૈક્ષણિક હેતુ સાથેની નવી કલાપ્રવૃત્તિ વિકસાવવાનું પણ આ સંસ્થા વિચારે છે. કલા, સાહિત્ય ને શિક્ષણના ત્રણે ક્ષેત્રમાં સર્જકતા અને ચેતનાનો સંચાર કરવાના ધ્યેય સાથે મૂક પણ નિશ્ચિત સ્વરૂપે કાર્ય કરતી આ પ્રકારની આ શહેરમાં હાલ તો આવી આ એક જ સંસ્થા છે. એના સ્થાપક અમિતકુમારે પોતાની સંપત્તિનો આ રીતે જે સુંદર વિનિયોગ કર્યો છે એ અને એમની આ પ્રવૃત્તિઓમાં એમના કુટુંબીઓનો જે સાથ-સહકાર મળ્યો છે તે ખરેખર અભિનંદનીય અને અનુકરણીય છે. □

શ્રીમતી આરતી દાસ ▷



જયંત સિદ્ધપુરા





હિમાચ્છાદિત પહાડો, હરિયાળી ભૂમિ, ઝળહળતી જળસપાટી અને આ બધાં પર ઝળુંબતાં વાદળો તથા એની યે પારના આકાશના મનોભૂમિ ઉપર પડેલા પ્રભાવ પરથી સર્જેલાં સ્વપ્નમય પ્રાકૃતિક દૃશ્યોનાં આલેખનો દ્વારા આગવી કલાભિવ્યક્તિ પ્રકટ કરતાં શ્રીમતી આરતી દાસે બહુ ઓછા સમયમાં પોતાની કલાસાધના સિદ્ધ કરી છે.

એમનો જન્મ કલકત્તામાં. દાર્જીલિંગ અને કલકત્તામાં ભણીને અંગ્રેજી સાહિત્ય સાથે એમ. એ. થયાં છે. બચપણથી જ ચિત્રકળા પ્રતિ આકર્ષણ તો હતું, અને દાર્જીલિંગના નિવાસ દરમિયાન ત્યાંના સૌંદર્યરાશિએ એમના માનસ પર અજબ પ્રભાવ પાડ્યો. એક તેલ કંપનીના આધકારીનાં પત્ની તરીકે મુંબાઈ આવી વસ્યાં પછી એમણે ભૂલાભાઈ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટમાં શ્રીમતી પ્રફુલ્લા (જોષી) દહાણુકર (જુઓ 'કુમાર' અંક ૫૮૯) પાસે ચિત્રકળાની તાલીમ લીધી અને ત્યાર બાદ આપસૂઝથી કલાસાધના આગળ ધપાવી.

બહુધા સ્મૃતિભંડારમાંથી તારવેલા વિષય પરનાં એમનાં ચિત્રોમાં મનોભૂમિ પરનો પ્રભાવ વ્યક્ત થાય છે. આ રીતે એમની અભિવ્યક્તિ પ્રભાવવાદી (ઈમ્પ્રેશનિસ્ટિક) છે. કોરા ચિત્રફલક સમક્ષ ઊભા રહેતાં એમના અંતરમાં ઊપસતાં ચિત્રાત્મક સ્વરૂપો તેઓ પ્રકટ કરવા લાગે છે. આથી ઘણી વાર ચિત્રના આરંભમાં ધાર્યા કરતાં અંતમાં કંઈ જુદાં જ સ્વરૂપો એમની કૃતિમાં પ્રકટે છે. આમ તો તેઓ અનેક વિષયને આલેખે છે, પણ દૃશ્યચિત્રો તરફ એમનો કંઈક વિશેષ ભાવ જણાય છે. ચિત્રાલેખનમાં પીંછી, પૅલેટ-નાઈફ, હાથનાં આંગળાં ને રેળાતા પાતળા પ્રવાહી જેવા રંગોની અજમાયશ પણ

◐ ઉપર: સંધ્યાકાળે નદીતટ. નીચે સામેના પાનાથી અનુક્રમે: વર્ષા, જલઆવૃત ઝૂંપડાં ને ફૂલદાન. શ્રીમતી દાસની પ્રભાવવાદી ચિત્રકૃતિઓ.





તેઓ કરે છે. અંતર્પ્રેરણાના બળે આલેખાતી એમની કૃતિઓમાં રંગવિધાન અને સંયોજન બંને અલગ તરી આવે એટલાં આગવાં છે.

છેક ઈ. ૧૯૬૫થી તેઓ ચિત્ર-પ્રદર્શનોમાં ભાગ લેતાં રહ્યાં છે. ઈ. ૧૯૬૬, '૬૭, '૬૯, '૭૦ ને '૭૩માં એમણે મુંબઈમાં પોતાનાં ચિત્રો પ્રદર્શિત કર્યાં હતાં. ઈ. ૧૯૬૯માં પોતાના ભાઈને મળવા કૅનેડા ગયાં ત્યારે ત્યાં અને સંયુક્ત રાજ્યોમાં એમની કૃતિઓ પ્રદર્શિત કરી હતી જે સારો આવકાર પામી હતી.

સ્વભાવે હસમુખાં, નમ્ર ને મિતભાષી પણ મળતાવડાં શ્રીમતી આરતી દાસે બે સંતાન અને રવીન્દ્ર સંગીતથી ગુંજતા મોભાદાર ઘરનાં ગૃહિણી તરીકેની બધી જવાબદારીઓ સંભાળવા સાથે બહુ ઓછા સમયગાળામાં અને લગભગ આપબળે કરેલી કલાસાધનામાં જે પ્રતિભા ને પ્રતિષ્ઠા મેળવી છે એ કોઈ પણ કલારસિક સ્ત્રીને માટે પ્રેરક છે. □

ટિકિટ-સંગ્રહ







ગયા માસમાં ઑગસ્ટમાં બહાર પડેલી ભારતની ત્રણ ખાસ ટિકિટ. (૧) ભારતમાં 'ઉપગ્રહ-શૈક્ષણિક-ટેલિવિઝન પ્રયોગ'ના પ્રારંભનિમિત્તની. પરિવાર-નિયોજન, કૃષિ, સ્વાસ્થ્ય ને શિક્ષણ વિષયક માહિતી પ્રસારણની દ્યોતક વિવિધરંગી પટ્ટીઓ પર આ ચારેય વિષયની સૂચક સંજ્ઞાઓ તથા નીચે ઉપગ્રહ દ્વારા પરાવર્તિત ટેલિવિઝન સંકેતો ઝીલતા ઍન્ટિનાનું એના પર આલેખન છે. જમણી બાજુ મથાળેની ટિકિટ ભક્તિ સંપ્રદાયના તમિળ સંત અરુણગિરિનાથની યાદમાં બહાર પડી છે. પોતાના પાપમય પ્રારંભિક જીવનને આધ્યાત્મિકતા પ્રતિ વાળીને એમણે અદ્વૈતના તત્ત્વજ્ઞાનની ગહનતાને 'તિરુપ્પુગષ' નામે ઓળખાતી એમની લગભગ ૧૩૦૦ ગીતરચનાઓ આજે યે અત્યંત ભાવપૂર્વક તમિળનાડુમાં વ્યાપકપણે ગવાય છે. ત્રીજી ટિકિટ 'નામિબિયા દિન' નિમિત્તની છે. □

અનુસંધાન] **વિનય-બાદલ-દિનેશ** [પૃ. ૩૫૫થી

જ દંભ! ડોળ કેવળ! નહિ તો તેમણે પોતાને સગે હાથે ચટ્ટગ્રામના વીર વિપ્લવીઓને આશ્રય દેવા માટે સુહાસિની ગાંગુલીને જોરથી લાફો મારી જખ્મી ન કર્યાં હોત. બીજું પ્રમાણ: કબૂલત મેળવવા એ સુસભ્ય અંગ્રેજ સરકારની પોલીસે વિધવા મહિલા નનીબાલા દેવીને નગ્ન કરી તેના દેહમાં મરચું વાટીને ભરી દીધું હતું! વીરની જાત ને? એટલે જ!

તે દિવસે સમસ્ત ઢાકા શહેર પર અત્યાચાર અને નૃશંસતાનું વાવાઝોડું વહી ગયું. પણ તો ય ક્યાં રાજકુંવર? પોલીસ ખોળી શકી નહિ. તો પછી ક્યાં ગયો રાજકુંવર? અદૃશ્ય થઈ ગયો?

ઑસ્પિટલની દીવાલ કૂદીને બાજુના ગૃહસ્થના મકાનમાં પેઠો. તે પછી તરત જ જાહેર રસ્તા પર! ડાહ્યા છોકરાની જેમ, જાણે કશું થયું જ નથી એમ જ! ને પછી ગયા ક્યાં, મેસમાં? ઊંહું! રિવૉલ્વર અને પગનાં ચંપલ તો ભાગાભાગીમાં ક્યાંય રહી ગયાં હતાં. અને હવે કામે શું હતું? પણ તો હવે જવું ક્યાં! એવામાં સામેથી ખાલી ઘોડાગાડી નીકળી. રાજકુંવરે પૂછ્યું: 'એ ય ગાડીવાળા, આવવું છે?'

'ક્યાં જવું છે!' 'બક્સીબજાર.'

'ચાલો બેસો; પૂરા પાંચ પૈસા પડશે.' 'ઠીક છે, ચાલ.'

ઘોડાગાડીમાં બેસી સીધા બક્સીબજાર-મણિ સેનને ઘેર. મણિ સેન દળના જ માણસ. મણિ સેન તો સમજી ગયા કે રાજકુંવરને હવે નિરાપદ પહોંચાડવાની વ્યવસ્થા કરવાની એ જ અત્યારે તો સૌથી મોટું કર્તવ્ય હતું. એમાં ત્રૂટી ચાલશે નહિ. પણ એ માટે પૈસાની જરૂર હતી. ક્યાંથી લાવવા પૈસા? સામે જ હતું વિપ્લવી નાયિકા શ્રીસંઘનાં અનન્ય પરિચાલિકા લીલા નાગરનું ઘર. એ તો ઊપડયા: 'લીલાદી, થોડાક રૂપિયા જોઈશે.' લીલાદીદીએ રૂપિયા તાબડતોબ એક પણ સવાલ પૂછયા વિના જ ગણી દીધા. આ ગો દી મણિ સેનને ઘેર. સાંજના દળના નેતા સુપતિ રાયની મેસમાં. પણ રાત્રે? રાત્રે રાજકુંવરને ક્યાં રાખવો? શું કરવું? બીજા એમના જ નામેરી એક વિનય બોઝ આગળ આવ્યા. બંને વિનય બોઝ જઈ પહોંચ્યા, સગત ટોલીના શશાંક દત્તને ઘેર.

નિઃસ્તબ્ધ નીરવ રાત્રી. ચારે તરફ અકલ્પ્ય સૂનકાર. એક જ પથારીમાં પડખે સૂતા હતા બે વિનય. રાતના પહોર એક પછી એક પસાર થતા હતા લાગતું હતું સમસ્ત પૃથ્વી નીંદરને ખોળે પોઢી ગઇ હતી. નીંદ નહોતી કેવળ આ નવા વિનયની આંખોમાં. આંખો બંધ, પણ ઊંઘ ક્યાં આવતી હતી? હજારોએક ચિન્તા; માથા પર કર્તવ્યનો બોજ, ત્યાં ઊંઘને અવકાશ હોય? અને રાજકુંવર? એ તો મજાની નીંદરને ખોળે પોઢી ગયા હતા. મુખ પર હતી નિશ્ચિંત, નિરુદ્વેગ જીવનની સુપ્ત પ્રશાંતિ. કોણ કહી શકે કે આ નિશ્ચિંત માનવ હતો આટલા મહાન કાર્યના મહાનાયક?

આ બાજુ જ્યો તષ જોવારદાર, શૈલેશ રાય, તેજોમય ઘોષ, મણિ સેન, જટુભાઈ, રમાપતિ મિત્ર, ભૂપેન સરકાર, નેપાલ સેન, ભોલા બસાક, જીવન દત્ત, પ્રભાત નાગ વગેરે બધા જ ગિરફતાર થઈ ગયા. માત્ર વિનય બોઝ હજુ પકડાયો નહોતો. પણ એને યે કેટલી વાર? આખું શહેર પોલીસે ઘેરી લીધું હતું. હવે એમાંથી એ બચવાનો કેટલી ક્ષણ? (ચાલુ)

સિલ્વર બ્લેઇઝ

—અનુ. સુકન્યા ઝવેરી—

સવારે હોમ્સે એકાએક જાહેર કર્યું: 'વૉટ્સન, મને લાગે છે કે મારે જાતે જ જવું પડશે.'

'જવું પડશે? ક્યાં?' આશ્ચર્ય પામી મેં પૂછ્યું.

'ડાર્ટમૂર-કિંગ્સ પાઈલૅન્ડ.'

હવે મને નવાઈ ન લાગી. એ વખતે બધે ત્યાં બની ગએલા રહસ્યમય બનાવની જ ચર્ચા ચાલી રહી હતી. શેરલૉક હોમ્સ પર પણ એની કંઈ જ અસર ન પડે એ તો કેમ બને? 'વેસેક્સ કપ'ની ઘોડા-દોડમાં જેના પર ઘણાનો મદાર હતો એ વિખ્યાત ઘોડો 'સિલ્વર બ્લેઈઝ' ગુમ થઈ ગયો હતો અને એને કેળવનાર-ટ્રેનર જ્હૉન સ્ટ્રેઈકરનું ખૂન થયું હતું.

મેં પણ સાથે જવાની ઇચ્છા દર્શાવી ને હોમ્સે એ આનંદથી વધાવી લઈ મને સાથે લીધો. ગાડીમાં એમણે મને આ બનાવ અંગે વાત કરી:

'સિલ્વર બ્લેઈઝ' એક ઉમદા ઓલાદનો ઉત્તમ ઘોડો છે. કર્નલ રૉસને એણે રેઈસમાં ઘણા પૈસા કમાઈ આપ્યા છે. વેસેક્સ કપની શરતમાં એની જીત લગભગ નિશ્ચિત મનાતી હોઈ એના ઉપર લોકો સારી પેઠે રમનાર હતા, અને સિલ્વર બ્લેઈઝે હજી સુધી તો પોતાના પર રમનારાઓને નિરાશ કર્યા નથી; અને એટલે સ્વાભાવિક છે કે આ ઘોડાને શરતમાં દોડતો રોકવામાં કે એ હારે એવું કંઈ કરવામાં પણ ઘણાનું હિત સંકળાએલું છે. કર્નલ રૉસ પણ આ બધું સમજે છે એટલે એણે પણ પોતાના ઘોડા—ખાસ કરીને આ ઘોડા—ની જાળવણી ને સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરેલી છે. જ્હૉન સ્ટ્રેઈકર કર્નલના ઘોડાને શરતમાં દોડવાની તાલીમ આપે છે. અગાઉ એ કર્નલનો જૉકી હતો. પછી શરીર ભારે થવા માંડતાં છેલ્લાં સાતેક વર્ષથી ટ્રેનર તરીકે કર્નલને ત્યાં જ રહ્યો છે. એના હાથ નીચે બીજા ત્રણ માણસો પણ છે. વારાફરતી આ ત્રણે જણ રોજ રાતે ઘોડારની ચોકી કરે છે. ત્રણે જણ કર્નલની એ ઘોડારમાં જ રહે છે. સ્ટ્રેઈકર પરણેલો હોઈ પત્ની ને એક નોકરાણી સાથે ઘોડારથી સહેજ દૂર એક નાનકડી બંગલીમાં રહે છે કર્નલ પાસે ચારેક ઘોડા જ છે પણ એમાં સિલ્વર બ્લેઈઝ એકે હજારા જેવો છે. આજુબાજુ લગભગ નહિવત્ વસતિ જ છે. બેએક માઈલ દૂર લૉર્ડ બૅકવૉટરની કૅપલ્ટનની મોટી ઘોડાર છે, જેની દેખભાળ ને ઘોડાની તાલીમ વગેરેનો ભાર સાઈલસ બ્રાઉન નામે એક ટ્રેનર પર છે. ક્વચિત્ આ ખાલીખમ વિસ્તારમાં જિપ્સીઓ ડેરાતંબૂ નાખે છે. કર્નલના બધા માણસો વર્ષોથી ત્યાં કામ કરે છે અને એમની પ્રામાણિકતા અંગે કદી કોઈ ફરિયાદ ઊભી થઈ નથી.

ગયા સોમવારે રાતે ઘોડાઓને કવાયત કરાવી, પાણી પાઈ ઘોડારમાં બાંધી નવેક વાગ્યે તબેલાને તાળું લગાડી દેવાએલું. ત્યાં રહેતા ત્રણમાંના બે જણ સ્ટ્રેઈકરને ત્યાં વાળુ કરવા ગયા અને ત્રીજો નેડ હંટર ચોકી કરતો ઘોડાર પર જ રોકાયો. નવેક વાગ્યા પછી સ્ટ્રેઈકરની નોકરાણી એડિથ હંટર માટે ભાણું લઇને ઘોડાર તરફ જવા નીકળી. ભાણામાં તે દિવસે 'મટન કરી' હતી. પાણીની વ્યવસ્થા ઘોડાર પર જ છે અને જેનો ચોકીનો વારો હોય એને રાતે દારૂ પીવાની ત્યાં મનાઈ છે.

એડિથ ઘોડાર પર પહોંચે એ અગાઉ માર્ગમાં જ એક માણસે એને રોકી અને દસ પાઉન્ડની નોટ બતાવી ફરજ પરના માણસ વિષે પૂછતાછ કરવા માંડી. ગભરાઇને એડિથ ઘોડાર ભણી નાઠી. પેલો માણસ પણ એની પાછળ ત્યાં પહોંચી ગયો અને હંટરને ત્યાં બેઠેલો જોઈ કર્નલના ઘોડાઓ—ખાસ કરીને સિલ્વર બ્લેઈઝ ને બાયર્ડ વિષે કેટલીક વિગતો જાણવા પ્રયાસ કર્યો. એના ગળે ગલપટ્ટો વીંટેલો હતો અને હાથમાં સીસાનો ગઠ્ઠો જડેલી લાકડી હતી.

લગભગ દરેક ઘોડદોડ અગાઉ અવારનવાર આવી રીતે માણસો ઘોડા વિષે જાણવા યા કંઈ ચિત્રવિચિત્ર સૂચનો સાથે આવતા જ રહે છે. હંટર આ માણસના સવાલોથી ઉશ્કેરાયો અને એને તગડી મૂકવા ઘોડારના ચોકિયાત કૂતરાને એના પર છોડી મૂકવા ઊઠ્યો. એડિથ ત્યાંથી ઘર તરફ નાઠી. જતાં જતાં એણે પાછળ જોયું ત્યારે પેલો માણસ હંટરની બેઠક પાસેની બારીમાં વાંકો વળી રહ્યો હતો પણ એકાદ મિનિટમાં કૂતરાને છૂટો કરી હંટર પાછો ફર્યો ત્યારે એ માણસ ત્યાં નહોતો. અલબત્ત, હંટરે તબેલો બંધ જ રાખ્યો હતો અને પેલી બારીમાંથી અંદર પેસાય તેમ નહોતું. સ્ટ્રેઈકરને આ વાતની જાણ થઈ ત્યારે એ અત્યંત બેચેન બની ગયો. મોડી રાત્રે એકાદ વાગ્યે સ્ટ્રેઈકરની પત્નીએ જોયુ કે એનો પતિ બહાર જઈ રહ્યો હતો. પૂછતાં અણે કહ્યું કે એને ઘોડાની ચિંતા થતી હતી એટલે જાતે જઇને એમને જોઈ આવવા એ જતો હતો. બહાર વરસાદ હતો એટલે પત્નીએ એને રોનાઈ જવા કહ્યું પણ એ તો રેઈનકોટ લઈ ઊપડ્યો. જતાં જતાં ટેબલ પર પડેલું એક ચપ્પુ પણ એ સાથે લેતો ગયો. થોડા દિવસ અગાઉ સ્ટ્રેઈકર આ ચપ્પુ લાવ્યો હતો.

સવારે પણ સ્ટ્રેઈકરને ઘેર પાછો ફરેલો ન જોઈ એની પત્ની ઘોડાર પર તપાસ કરવા ગઈ તો ત્યાં હંટર ખુરશી પર જ બેભાન પડ્યો હતો અને એના બંને સાથીદારો માળિયા પર ઘોરતા હતા. તબેલામાં સિલ્વર બ્લેઈઝ અને સ્ટ્રેઈકર નહોતા. કદાચ એ ઘોડાને લઈ બહાર ગયો હોય; પણ હંટરને બેભાન જોઈ સૌએ તપાસ આદરી. પાએક માઈલ દૂર એક ઢાળ પાસે ઝાંખરા પર સ્ટ્રેઈકરનો રેઈનકોટ મળી આવ્યો. પાસેના એક મોટા ખાડામાં સ્ટ્રેઈકર પોતે પણ ઊંધે માથે પડ્યો હતો. માથા પર ઘા પડવાથી એની ખોપરીમાં સખત વાગવાથી એ મરી ગયો જણાતો હતો. એના હાથમાં પેલું નાનું ચપ્પુ હતું ને એની સાથળ ચીરાઈ જઈ ત્યાંથી લોહી વહ્યું હતું. પેલું ચપ્પુ પણ લોહીવાળું હતું. પાસે જ એક ગલપટ્ટો પડ્યો હતો, જેને ભાનમાં આવ્યા બાદ હંટરે તથા નોકરાણી એડિથે પેલા રાતે આવેલા માણસનો હોવાનું જણાવ્યું. હંટરનું માનવું હતું કે પોતે કૂતરો છોડવા ગયો ત્યારે એડિથે આણેલા એના ભાણામાં પેલા માણસે કોઈ કેફી પદાર્થ નાખી દઈ એને બેભાન બનાવ્યો હશે.

સ્ટ્રેઈકરની લાશ જ્યાંથી મળી એ ખાડાની આસપાસ સિલ્વર બ્લેઈઝના ડાબલાનાં નિશાન પણ હતાં, પણ ઘોડાનો હજી સુધી ક્યાંય પત્તો નથી. ઈન્સ્પેકટર ગ્રેગરી પાસે આ કેસ છે. પેલા ગલપટ્ટાના માલિક અજાણ્યા માણસને એણે ખોળી કાઢ્યો છે. ફિટ્ઝરૉય સિમ્પ્સન એનું નામ છે. આમ તો એ શિક્ષિત અને ખાનદાન છે. પૈસાદાર પણ છે. ગ્રેગરીએ એની ધરપકડ કરી છે. એડિથ ને હંટરને લાંચ આપીને કર્નલના ઘોડા વિષે માહિતી મેળવવાના પોતાના પ્રયાસને તો એણે કબૂલ્યો છે, પણ સિલ્વર બ્લેઈઝના ગુમ થવા અંગે કે સ્ટ્રેઈકરના ખૂન વિષે એ તદ્દન અજાણ હોવાનું કહે છે. એ રાતે વરસાદમાં ભીંજાએલાં એનાં કપડાં, એની પાસેની સીસાના ગઠ્ઠાવાળી લાકડી અને સ્ટ્રેઈકર પાસેથી મળેલો એનો ગળપટ્ટો એની વિરુદ્ધ પુરાવો આપે છે, જ્યારે બીજી બાજુ એના અંગ પર સ્ટ્રેઈકર સાથે ઝપાઝપી થયાનું કોઈ ચિહ્ન નથી. સ્ટ્રેઈકરના હાથમાંના લોહીવાળા ચપ્પુનો એક ઉઝરડો સરખો સિમ્પ્સનને થયો જણાતો નથી.'

'એવું ન બને કે સ્ટ્રેઈકરના શરીર પરનો ઘા એના પોતાના જ ચપ્પુનો હોય?' મેં પૂછ્યું. 'માત્ર શક્ય જ નહિ, કદાચ એમ જ થયું હશે.' હોમ્સે પણ કબૂલ્યું.

કિંગ્સ પાઈલૅન્ડ પહોંચ્યા ત્યારે ઈન્સ્પેકટર ગ્રેગરી અને કર્નલ રૉસ અમને લેવા સ્ટેશને આવેલા. પ્રાથમિક પરિચય પતાવી અમે સીધા બનાવના સ્થળે ગયા. રસ્તે ઈન્સ્પેકટરે પોતે કરેલી તપાસ ને તારણ અંગે વાત કરી. સ્ટ્રેઈકરના ઘા અંગે તો ઈન્સ્પેકટરનું માનવું પણ અમારી

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૫૭

કાનના રોગ

સામાન્ય રીતે કાનના રોગ વધુ પ્રમાણમાં જોવા મળે છે: કાનનો દુખાવો ને કાન પાકવો. પ્રાય: આ બંને વચ્ચે પણ સમાનતા હોય છે. કાનમાં મેલ ભરાઈ રહે, કાનમાં પાક થાય, કાનમાંથી પરુ નીકળે, કાનમાં ફોડલી થાય, કે સોજો આવે વગેરે કારણને લઇને પણ કાનનો દુખાવો થાય છે. નીચેના ઉપચાર થોડા દિવસ કરવા છતાં લાભ ન જણાય તો કાનના નિષ્ણાતની સલાહ લેવી.

ઉપચાર

૧) પૂરતા પ્રકાશમાં કાનની અંદર જોઈ ઉપરનાંમાંથી કયા કારણે કાનનો દુખાવો છે તે જાણી લેવું. ૨) કાનમાં મેલ, પરુ કે પાણી હોય તો સળી ઉપર રૂ વીંટી હળવે હાથે કાન સાફ કરવો. ૩) અજમો તથા લસણને કચરી તેલ તેલમાં કકડાવી તેનાં સહેવાતાં ગરમ ટીપાં કાનમાં નાખવાં. ૪) આકડાના પાનનો રસ, ધતૂરાના પાનનો રસ, મરવા (ડમરા)ના પાનનો રસ, ગલગોટાના પાનના રસ, કે લસણનો રસ સીધો જ અથવા તેને તેલમા પકાવી કાનમાં ટીપાં પાડવાં. ૫) કોડીની ભસ્મ કાનમા નાખી ઉપર કોપરેલનાં ટીપાં પાડવાં. ૬) સિંધવના ચૂર્ણને કાનમાં નાખી ઉપર બકરીના મૂત્રનાં ટીપાં પાડવાં ૭) ઔષધયુક્ત તૈયાર તેલ વાપરવું હોય તો બાલ બિલ્વાદિ તેલ, અપામાર્ગ ક્ષાર તેલ, પંચગુણ તેલ, જાત્યાદિ તેલ, ક્ષાર તેલ, કર્ણશૂલહર તેલ, કુભી તેલ કે નિંબ તેલનો ઉપયોગ કરવો. ૮) વેદના ઓછી કરવા અને પાક ન થાય તે માટે સારીવાદિ વટી, અગ્નિતુંડી વટી, વિષતંદુ વટી, ત્રિફલા ગૂગળ, કૈશોર ગૂગળ આપી શકાય. ૯) કાનની અંદર ઘરનું તલનું, સરસવનું કે એરંડિયું અથવા છેલ્લે શીંગતેલ પણ ગરમ કરી રોજ નાખવું જોઈએ. ૧૦) કાનમાં કોઈ સળી નાખી ખોતરવું ખતરનાક છે. ૧૧) ઠંડે પાણીએ માથે નહાવું નહિ. ૧૨) કાનમાં રૂનાં પૂમડાં મૂકી રાખવાં. ૧૩) દહીં, છાશ, ગળપણ, ખટાશ ને ભારે પદાર્થો ખાવા નહિ.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

જેમ જ હતું. એ માનતા હતા કે સિમ્પ્સને નોકરોને લાંચ આપવા પ્રયાસ કર્યો, હંટરના ભાણામાં કંઈ કેફી પદાર્થ નાખી એને બેભાન બનાવ્યો, ને પછી મોડી રાત્રે એ ફરી બહાર નીકળ્યો ત્યારે વરસાદમાં ભીંજાએલાં એનાં કપડાં મળ્યાં હતાં એ, એની પાસેની લાકડી કે જેના વડે એણે સ્ટ્રેઈકરને માથામાં માર્યું હશે ને સ્ટ્રેઈકરના શબ પાસેથી મળેલો એનો ગલપટ્ટો, આ બધા પુરાવા એને કોર્ટમાં રજૂ કરવા માટે પૂરતા હતા.

પણ હોમ્સે ઊભા કરેલા પ્રશ્નો પણ વિચારવા જેવા હતા. સિમ્પ્સને સિલ્વર બ્લેઈઝને ઉઠાવી જવાનું જોખમ શા માટે વહોર્યું? જો એને એ ઘોડાને ઘાયલ કરવો હોય તો ઘોડારમાં જ કેમ ન કર્યો? એની પાસેથી ઘોડારની ચાવી મળી છે? હંટરને આપેલો કેફી પદાર્થ એણે ક્યાંથી કાઢ્યો? અને ખાસ તો એ કે આ પ્રદેશમાં એ અજાણ્યો હોવા છતાં એણે ઘોડો અને એ પણ આવો ખ્યાતનામ ઘોડો રાતોરાત ક્યાં સંતાડી દીધો?

ઈન્સ્પેક્ટર પાસે આનો એટલો જ ખુલાસો હતો કે સિમ્પસન અગાઉ પણ આ તરફ આવી ગએલો છે, પેલો કેફી પદાર્થ એ કદાચ લંડનથી જ લઈ આવ્યો હશે અને ચાવી તો કામ પતી ગયે આ વિશાળ વગડામાં ગમે ત્યાં ફેંકી દઈ શકાય. 'અને ગલપટ્ટો?' હોમ્સે પૂછ્યું.

'એ એનો જ છે. પણ રાતે એ ક્યાંક પડી ગયો હશે એમ એ કહે છે.' ઈન્સ્પેક્ટરે કહ્યું, અને ઉમેર્યું : 'વળી એક નવો મુદ્દો પણ મળ્યો છે. ખૂનની રાતે અહીંથી થોડે દૂર કેટલાક જિપ્સીઓએ રાતવાસો કરેલો. સિમ્પસને એમની સાથે કંઈ સમજણ કરી હોય એવું ન બને? બીજે જ દિવસે તેઓ અહીંથી ઊપડી ગયા છે. કદાચ ઘોડો પણ તેઓ પાસે હોય.'

પણ કર્નલે કહ્યું કે એણે આસપાસ દસેક માઈલમાં બધે જ તપાસ કરાવી છે. બીજી ઘોડારો પણ જોઈ કાઢી છે. કેપલ્ટનની ઘોડારનો રખેવાળ સાઈલસ બ્રાઉન સ્ટ્રેઈકરનો હરીફ છે. એમનો એક ઘોડો ડેસબરો સિલ્વર બ્લેઈઝ પછી બીજા નંબરનો ઉત્તમ ઘોડો ગણાય છે. પણ એ ઘોડારમાં યે સિલ્વર બ્લેઈઝ નથી ને સિમ્પ્સનને પણ એની સાથે કંઈ સંબંધ હોવાનું જણાયું નથી.

સ્ટ્રેઈકરના શબ પરથી અને એના ખિસ્સામાંથી મળેલી વસ્તુઓ પણ ઈન્સ્પેક્ટરે હોમ્સને બતાવી. પરચૂરણ ચીજો સાથે એમાં એક મીણબત્તી અને પેલું લોહીવાળું ચપ્પુ પણ હતું. એ જોઈ હોમ્સે મને પૂછ્યું : 'વૉટ્સન, આ તો તમારા ડૉક્ટરોના કામનું લાગે છે, ખરું ને?'

મેં એ જોયું અને કહ્યું : 'હા, ખાસ કરીને આંખનો મોતીઓ કાઢવામાં આ ચપ્પુ વપરાય છે!'

'એનું પાનું ને તીક્ષ્ણતા જોઈ મને પણ લાગ્યું કે બહુ નાજુક ઑપરેશનમાં એ વપરાતું હશે પણ કોઈ ચોરની પાછળ પડતી વખતે હથિયાર તરીકે આવું સાધન લઈ ને સ્ટ્રેઈકર બહાર નીકળ્યો એ નવાઈ ભર્યું કહેવાય. વળી આ તો બંધ કરીને ખિસ્સામાં રખાય એવું યે નથી.'

સ્ટ્રેઈકરના ખિસ્સામાંથી મળેલા કાગળોમાં સાડત્રીસ પાઉન્ડનું એક બિલ પણ હતું, જેમાં સ્ત્રીઓના એક કિંમતી પોશાક ખરીદાયાની નોંધ હતી. બિલમાં નજર નાખી હોમ્સે ટીકા પણ કરી કે કોઈ કિંમતી ચીજોની શોખીન સ્ત્રી માટે લાગે છે.

ત્યાંથી અમે નીકળતા જ હતા ત્યાં સ્ટ્રેઈકરની પત્ની સામી મળી. પતિના ખૂનીની શોધ અંગે એ સ્વાભાવિક રીતે જ બહુ આતુર હતી. વાતવાતમાં એકાએક હોમ્સે એને પૂછ્યું : 'આપણે ક્યાંક જરૂર મળ્યાં છીએ. તમે ત્યારે શાહમૃગનાં પીછાંની કિનારવાળો સુંદર ને મોંઘો પોશાક પહેર્યો હતો.'

'ના ના સાહેબ, આપની કંઈ ભૂલ થાય છે. હું અહીંથી જવલ્લે જ બહાર જાઉં છું અને મારી પાસે બહુ કિંમતી કોઈ પોશાક પણ નથી.'

અને હોમ્સે વાત વાળી લીધી. ખૂનના સ્થળે જ્યાંથી સ્ટ્રેઈકરનો રેઈન કોટ મળેલો ત્યાં પહોંચતાં એકાએક પૂછ્યું : 'તે રાતે બહુ પવન તો નહોતો ખરું?' 'ના પવન નહોતો, પણ વરસાદ હતો.'

'એટલે પેલો કોટ ઊડીને અહીં ભરાયો નહિ હોય, પણ એ અહીં મૂકવામાં આવ્યો હશે.' એટલું કહી હોમ્સે ત્યાં પડેલાં વિવિધ પગલાંની છાપો જોઈ. ઈન્સ્પેક્ટરે સ્ટ્રેઈકર અને સિમ્પ્સનના બૂટ તથા સિલ્વર બ્લેઈઝની એક નાળ પણ પોતાની સાથે આણેલી. એ હોમ્સને બતાવતાં તેઓ ખૂબ રાજી થયા, ને પછી એના આધારે જાતે તપાસ કરવા માંડી. થોડી વારે એમણે એક અર્ધી બળેલી મીણબત્તી ખોળી કાઢી.

'મને એ કેમ ન જડી? મેં અહીં બહુ ચોકસાઈથી તપાસ કરેલી.' ઈન્સ્પેક્ટરે નવાઈ પામતાં કહ્યું.

'કાદવથી ખરડાએલી હોઈ એ જલ્દી ઓળખાય એવી રહી નથી. મને મળી કારણ કે હું એ જ શોધતો હતો.'

'એટલે કે તમને એ મળવાની ખાતરી હતી?'

'ના, પણ કદાચ મળી આવે એવું હું ધારતો હતો.'

અને પછી હોમ્સે પગલાં જોવા માંડ્યા. કર્નલ રૉસને આમાં રસ પડતો લાગ્યો નહિ. હોમ્સની આવી ક્ષુલ્લક જેવી વાતોથી એને હોમ્સની શક્તિ અને સફળતા અંગે શંકા પણ થઈ હશે. કંઈક તોછડી રીતે એ ઈન્સ્પેક્ટરને સાથે લઈને ત્યાંથી જતો રહ્યો.

અમે પગલાંના આધારે તપાસ આગળ ચલાવી. ઝપાઝપી દરમિયાન કે પછી ઘોડો નાસી ગયો હોય તો કિંગ્સ પાઈલૅન્ડમાં પોતાના તબેલામાં જાય યા કૅપલ્ટનની ઘોડાર તરફ જાય. છૂટો રખડતો હોય તો અચૂક નજરે ચડે જ. બીજી બાજુ પેલા જિપ્સીઓ આવો નામી ઘોડો ચોરી જવાનું ને એને વેચવાનું જોખમી સાહસ ન કરે. ઘોડો કિંગ્સ પાઈલૅન્ડ નથી ગયો એટલે એ કૅપલ્ટન તરફ જ ગયો હોવો જોઈએ એવા ખયાલથી અમે એની તપાસ કરવા માંડી અને એ રીતે ખરેખર અમે કૅપલ્ટન ભણી જ દોરાયા. ત્યાં સાઈલસ બ્રાઉને બહુ તોછડાઈ બતાવી, પણ પછી એને બાજુએ લઈ જઈ હોમ્સે એના કાનમાં કોણ જાણે શું કહ્યું કે પછી એ નરમ ઘેંશ બની ગયો. પાછા વળતાં હોમ્સે એને કંઈક ખાસ સૂચના આપી જે એણે બહુ આજ્ઞાંકિતપણે સ્વીકારી એમ મેં જોયું. ત્યાંથી પાછા આવ્યા ત્યારે ઈન્સ્પેક્ટર અને કર્નલ અમારી રાહ જ જોતા હતા. એમને જોતાં જ હોમ્સે જણાવ્યું: 'અમે બંને આજે જ લંડન પાછા જઈએ છીએ.' અને પછી કર્નલને ઉદ્દેશીને કહ્યું: 'કર્નલ, તમારે ત્યાંની હવા ખરેખર અમને બહુ જ ગમી ગઈ!' મેં જોયું કે ઘોડા અંગે કે ખૂન વિષે હોમ્સ જાણી જોઈને કંઈ બોલ્યા નહોતા. કર્નલે અગાઉ જે તોછડાઈ દાખવેલી એથી જ હોમ્સે એને ચીડવવા આમ કર્યું હશે. એ એમની એક ખાસિયત છે. હું ચૂપ રહ્યો.

'તો તમે સ્ટ્રેઈકરના ખૂનીને પકડવા કંઈ કરવા માગતા નથી?' કર્નલે ધૂંધવાઈને પૂછ્યું. ખભા ઉછાળી હોમ્સે જવાબ વાળ્યો કે ખૂનીની ધરપકડ કરવી ખરેખર મુશ્કેલ છે. પછી ઉમેર્યું: 'પણ હા, હું એટલી ખાતરી આપી શકું કે વેસેક્સ કપની રેઈસમાં તમારો ઘોડો અચૂક દોડશે. તમે તમારો જૉકી તૈયાર રાખજો.' અને પછી ઈન્સ્પેક્ટર પાસેથી એમણે સ્ટ્રેઈકરનો ફોટોગ્રાફ માગી લીધો. જતાં જતાં નોકરાણીને પણ તેઓ ઘરમાં જઈ કંઈ પૂછી આવ્યા. ઘોડાગાડીમાં બેસતાં બેસતાં કર્નલને ત્યાં કામ કરતા એક છોકરાને જોઈ એને પૂછ્યું: 'અહીં તમારે ત્યાં થોડાં ઘેટાં છે, ખરું ને? એની સંભાળ કોણ રાખે છે?'

'હું રાખું છું, સાહેબ.'

'હમણાં હમણાં તને એમનામાં કંઈ ફેરફાર દેખાય છે ખરો?'

'ખાસ તો કઈ નહિ, સાહેબ. પણ હા, એમાંનાં ત્રણેક થોડા દિવસથી લંગડાય છે.' આ સાંભળી હોમ્સ ગેલમાં આવી ગયા. ગાડી ઉપાડવાનું કહેતાં પહેલાં એમણે ઈન્સ્પેક્ટરને એક સૂચન કર્યું. 'ગ્રેગરી, ઘેટાંની આ ઓચિંતી અને એકસરખી બીમારીનું કારણ ખોળી કાઢજો.' કર્નલ તો હોમ્સની આવી વાતોથી કંટાળતો દેખાતો હતો, પણ ગ્રેગરીએ એમનું સૂચન પકડી લીધું અને બીજું પણ કંઈ ધ્યાન દોરવા જેવું હોય તો સૂચવવા કહ્યું.

'એ બનાવની રાતના કૂતરાના વર્તન પર પણ વિચારી જોજો.'

'કૂતરાએ એ રાતે ધ્યાન દોરાય એવું ખાસ કઈ કર્યું નથી.'

'એટલે જ તો એ વિચારવા જેવું છે.'—અને અમે ઊપડયા.

વિન્ચેસ્ટરમાં વેસેક્સ કપની રેઈસ જોવા અમે ગયા હતા. કર્નલ રૅાસ પણ નક્કી કર્યા પ્રમાણે અમને મળ્યા, પણ એમનું વર્તન બિલકુલ ઠંડું હતું. 'મને તો આમાં મારો ઘોડો ક્યાંય દેખાતો નથી.' કર્નલે અધીરાઈથી પૂછ્યું.

'મને એમ કે તમે જોતાં જ એને ઓળખી જશો.' હોમ્સે ઠંડે પેટે જવાબ આપ્યો. કર્નલ ધૂંવાંપૂવાં થઈ રહ્યો. રેઈસના મેદાનમાં ઘોડા આવ્યા. છઠ્ઠા ઘોડા પર કર્નલનો જ જૉકી બેઠો હતો, પણ હોમ્સના કહેવા પ્રમાણે એ ઘોડો સિલ્વર બ્લેઈઝ નહોતો. રેઈસ ચાલી. કર્નલનો જૉકી જેના પર સવાર હતો એ જ ઘોડો પહેલો આવ્યો. એ રીતે કર્નલનો ઘોડો જીત્યો ખરો, પણ સિલ્વર બ્લેઈઝ નહિ.

'મિ. હોમ્સ, ભલે અમે જીત્યા, પણ મને લાગે છે કે તમે જાણી જોઈને કંઈક છુપાવીને અમને તંગ કરી રહ્યા છો.' કર્નલ પોતાનો કચવાટ છુપાવી ન શક્યો.

'હા જ તો. ચાલો આપણે વિજેતા ઘોડાને જોઈએ.' અને ત્યાં જઈ હોમ્સે કહ્યું: 'જુઓ કર્નલ, તમારા ઘોડાને જ્યાં જ્યાં સફેદ વાળ હતા ત્યાં ત્યાં આ ઘોડાને સ્પિરિટનું પોતું મારી જુઓ. તમને ખાતરી થઈ જશે કે આ જ તમારો સિલ્વર બ્લેઈઝ છે.'

અને પછી તો કર્નલ ખુશ થઈ ગયો. હોમ્સ પ્રત્યેની પોતાની તોછડાઈ બદલ એણે એની માફી પણ માગી. અંતે સિલ્વર બ્લેઈઝ મેળવી આપવા બદલ આભાર વ્યક્ત કરવા સાથે એણે સ્ટ્રેઈકરના ખૂનીને પણ પકડી પાડવા વિનતિ કરી.

'મેં એને પણ ખોળી કાઢયો છે.' અને આ સાંભળી આશ્ચર્ય પામતા સૌને એણે જણાવ્યું કે સિલ્વર બ્લેઈઝની લાતથી જ સ્ટ્રેઈકરની ખોપરી પર જીવલેણ ઘા પડેલો. સ્ટ્રેઈકર પેલા નાજુક ચપ્પુ વડે સિલ્વર બ્લેઈઝના પાછલા પગની એકાદ નસ પર ઘા કરી એને લંગડો કરવા માગતો હતો કે જેથી એ રેઈસમાં પાછો પડી જાય. આ બદલ એણે કોઈ પાસેથી લાંચ લીધી હશે. પૈસાની એને બહુ જરૂર પડતી હશે. પેલો મોંઘો પોશાક એણે એની મિત્ર કોઈ બીજી સ્ત્રી માટે ખરીદ્યો હશે. ટૂંકમાં એ બેવડી જિંદગી જીવતો હતો. હંટરને બેભાન બનાવવો એ એના માટે સરળ હતું. ઘોડારની ચાવી તો એની પાસે હોય જ. સિલ્વર બ્લેઈઝને રાતે દૂર ખાડામાં લઈ જઈ એ પેલા નાજુક ચપ્પા વડે ઘાયલ કરવા માગતો હશે, પણ કુદરતી રીતે જ ઘોડાને કંઈ અજુગતું થવાની પ્રેરણા થતાં એણે લાત મારી, ને સ્ટ્રેઈકરને એના ખોટા કામનો બદલો મળી ગયો.

પ્રિય વાચક, તમે પણ બુદ્ધિશાળી છો. તમે કહી શકશો કે હોમ્સ સ્ટ્રેઈકર પર શંકા લાવવા શાનાથી દોરાયા હશે? (ઉકેલ જુઓ પૃ. ૩૫૭)

સાહિત્યસંપર્ક

ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ

ડૉ. શિવપ્રસાદ રાજગોરના પ્રસ્તુત* પુસ્તકનાં સાત પ્રકરણોમાં અર્વાચીન ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસની શ્રદ્ધેય સામગ્રી પૂરી પાડવામાં આવી છે. પ્રથમ પ્રકરણમાં અર્વાચીન યુગના ઉદયની ભૂમિકા વિશદતાથી રજૂ કરવામાં આવી છે. ઈ. ૧૮૦૦ની આસપાસ ગાયકવાડ અને પેશ્વાઈ સત્તાનાં વળતાં પાણીથી શરૂ કરી ૧૮૫૭ સુધીની ઐતિહાસિક-સામાજિક પરિસ્થિતિનો એમાં સમ્યક્ પરિચય કરાવી લેખક બીજા અને ત્રીજા પ્રકરણમાં અનુક્રમે ૧૮૫૭ના બળવા પૂર્વેની સ્થિતિ તથા એ પ્રથમ સ્વાતંત્ર્યયુદ્ધમાં ગુજરાતે શો ફાળો આપેલો તેની વિગતો સંઘરે છે. ત્યાર બાદ ચોથા પ્રકરણમાં રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના પૂર્વેના ગુજરાતની વાત કરી પાંચમા પ્રકરણમાં ગાંધીયુગ પહેલાંના ગુજરાતનીસર્વક્ષેત્રીય સ્થિતિ પ્રકટ કરવાનો સારો પ્રયાસ કર્યો છે. છઠ્ઠું પ્રકરણ ગાંધીયુગીન ગુજરાતની યોગ્ય મુલવણી કરે છે અને છેલ્લા અને સાતમા પ્રકરણમાં સ્વાતંત્ર્યોત્તર ગુજરાતની પરિસ્થિતિનું વિહંગાવલોકન જોવા મળે છે.

એકંદરે જોતાં એમ લાગ્યા વગર રહેતું નથી કે લેખકે નાની નાની વિગતો, શ્રદ્ધેય આંકડાઓ, ચોક્સ વર્ષો અને તારીખો એકઠી કરવા પાછળ ખૂબ શ્રમ લીધો હશે. જૂનાં રજવાડાં વિષેની માહિતીને પણ અહીં અર્વાચીન સંદર્ભમાં સૂઝપૂર્વક રજૂ કરવામાં આવી છે. એક શાસ્ત્રીય ગ્રંથને અનુરૂપ અને અનિવાર્ય એવી માહિતીની ચોકસાઈ, વિગતોની સંકલના અને પ્રસંગોનું યથાર્થલક્ષી નિરૂપણ ખાસ ધ્યાન ખેંચે છે. સમગ્ર પુસ્તકનું વાચન લેખકનો તદ્વિષયક ઊંડો અભ્યાસ અને રસ છતા કર્યા વગર રહેતું નથી.

પુસ્તકની લખાવટ જોઈએ તેટલી સુભગ થઈ નથી એટલે ક્યારેક તો એવું પણ લાગે છે કે જાણે અહીં વિગતો-પ્રસંગો-આંકડાઓ-તારીખોનો માત્ર શુષ્ક ખડકલો ના થઈ ગયો હોય! કેટલેય સ્થળે વાક્યરચનાઓ પણ કઢંગી બની ગઈ છે! જોડણીદોષો પણ ખટકયા વગર રહેતા નથી. શરૂઆતમાં એક પૃષ્ઠ ભરીને શુદ્ધિપત્રક આપ્યું છે તો પણ બીજી એથી પણ વધારે અશુદ્ધિઓ સહેજે નજરે તરી આવે છે. આવા શ્રદ્ધેય પુસ્તકમાં ભાષાકીય દોષો પ્રત્યે તેમજ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ જેવી પ્રકાશન સંસ્થાએ છાપભૂલો પ્રત્યે ઉદાસીન રહેવું ન જોઈએ.

અર્વાચીન ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં રસ ધરાવનાર કોઈ પણ વ્યક્તિને આ પુસ્તક ઘણું ઉપયોગી થઈ પડશે એમાં શંકા નથી. શાળા કૉલેજો અને ગ્રંથાલયોએ તો આ ઘણો ઉપયોગી સંદર્ભગ્રંથ વસાવવો જ જોઈએ. —ધી. પ.

* (પ્રકા. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, પાકું પૂઠું, પૃ. ૩૫૦, રૂ. ૧૬)

શબ્દકથા: 'રૂખડો'

મારા વતનમાં આ 'રૂખડો' શબ્દ બેને માટે વપરાયેલો સાંભળ્યો હતો: એક, મારા એક ગોસાંઈ મિત્ર 'રૂખડગર' હતા (હજી વિદ્યમાન છે) તેમને માટે, અને બીજો બહારકોટ કુંભારવાડામાં ભારે મોટા વ્યાસવાળા એક જૂના ખખડધજ વૃક્ષ માટે. એના થડમાંથી એક વાર પાણી ઝરતું મેં જોયેલું. મિત્રનાં ફોઈએ 'રૂખડગર' નામ શું સમઝીને પાડયું હશે એનું કારણ એ હોઈ શકે—કે 'ભગવદ્ગોમંડળ'માં 'રૂખડ'નો અર્થ જોગીની એક જાત અને સંપ્રદાય માટે નોંધાયેલ છે. આપણને જરૂર મન થઈ જાય કે સં. ऋषभगिरि‌ના અર્ધતત્સમ रुखहगिरि‌ની વચ્ચે 'ડ'ના સ્વાર્થે ઉમેરણે 'રુખડગર'-'રૂખડગર' આવી મળે. એનું મૂળ ગમે તે હો, પરંતુ 'રૂખડો' માટે આટલે જવાની જરૂર નથી. સં. वृक्ष‌નું પ્રા. रुक्ख, ગુજ. 'રૂખ' અને સ્વાર્થે 'ડ' પ્રત્યયના ઉમેરણે નાનાં નાનાં ઝાડવાં માટે 'રૂખડાં' વપરાય જ છે. આ ઝાડ મોટું હોય તો 'રૂખડો'. માંગરોળ (સોરઠ)માંનું પેલું વિશાળ ઝાડ એ જ ભાવથી 'રૂખડો'; બાકી એ તો ખખડધજ 'ગોરખ-આમલી': સં. गोरक्षा-चिञ्चा–Adansonia Digitata Linn.). આ વૃક્ષ દીર્ઘજીવી છે અને એનું થડ ખૂબ વિશાળ ઘેરાવદાર થાય છે એ જાણીતી વાત છે. 'ભગવદ્ગોમંડળ' નોંધે છે કે આ વૃક્ષ બહોળા વિસ્તારવાળું હોઇ એને મહાવૃક્ષ કે કલ્પવૃક્ષ પણ કહે છે. **કે. કા. શાસ્ત્રી**

શ્રી રઘુવીર ચૌધરીના વતનની આત્મકથા ઉપરવાસની કથાત્રયી:

(ઉપરવાસ, સહવાસ અને અંતરવાસ)

ગુજરાતી સાહિત્યમાં આજ સુધી શ્રી ક. મા. મુનશીની ઐતિહાસિક કથાત્રયી (પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ અને રાજાધિરાજ) એ વાચકોના દિલદિમાગને લાંબા ગાળા સુધી જકડી રાખ્યાં હતાં. ત્યાર બાદ શ્રી પન્નાલાલ પટેલની તળપદા ગ્રામજીવનના પ્રણયનું કરુણમધુર આલેખન કરતી સામાજિક કથાત્રયી (માનવીની ભવાઈ, ભાંગ્યાંના ભેરુ અને ઘમ્મર વલોણું) એ ગુજરાતને ઘેલું બનાવ્યું અને રા. મુનશીના પ્રેમશૌર્યના પ્રસંગોનું આકર્ષણ ઓછું કર્યું. શ્રી રઘુવીર ચૌધરીની આ કથાત્રયી આપણા સાહિત્યની આવી ત્રીજી દીર્ઘકથા બને છે, જેમાં તેમણે પોતાના વતનની આત્મકથા આપવાનો સભાન પ્રયાસ કર્યો છે.

ઈ. ૧૯૪૭ થી ૧૯૭૨ સુધીનાં સ્વરાજ્યની પહેલી પચીસીનાં વર્ષોમાં લેખકના વતન ઉત્તર ગુજરાતનાં ગામડાંઓમાં રાજકારણે અને એ સાથેસાથે સામાજિક અને આર્થિક ઉન્નતિએ કેવી રીતે પ્રવેશ કર્યો એનું ગ્રામજીવનની નાની-નાની ઘટનાઓ દ્વારા વાસ્તવિક અને જીવંત આલેખન કરવામાં આવ્યું છે; એ સાથે ઉત્તર ગુજરાતની આંજણા કોમનાલગ્નજીવનના કુરિવાજો, વહેમો, વેરવૃત્તિ, ખેતીની રૂઢિગત પદ્ધતિઓ, સુખીપણાની લાલસા, જાતીય વૃત્તિની વિકૃતિઓ ઈત્યાદિનું આનુષંગિક આલેખન થયું છે.

સર્જક રઘુવીરની વસ્તુસંકલનાની સુદઢતા, પાત્રાલેખનની સુરેખતા, સંવાદોનું ચબરાકિયાપણું અને લવજીના પત્રો દ્વારા પ્રગટતી પ્રત્યક્ષ અને પરોક્ષ કવિતા આ કૃતિને મનહર અને મનભર બનાવે છે, એમ છતાં તેમને પન્નાલાલ પટેલ સાથે સરખાવવાનું મન થતું નથી. લેખકે પોતે પ્રસ્તાવનામાં પન્નાલાલની કોમ અને પોતાની કોમ એક જ હોવાનો ઈસારો કરી એમની નવલત્રયીમાં માત્ર ભાષાભેદ સિવાય બીજું બધું સમાન કક્ષાનું છે એમ સૂચવવા ધાર્યું હોય તો આપણે સખેદ એનો વિરોધ કરવો રહ્યો.

પન્નાલાલ પટેલની નવલત્રિપુટીમાં કાળુરાજુની પ્રણયકથા લાંબા સમયાવધિ બાદ એ બંનેના આધ્યાત્મિક અનુભવમાં પરિણમી એક આહ્લાદક સૃષ્ટિ સર્જે છે. એના પરિણામે શ્રી અનંતરાય રાવળે એને સરસ્વતીચંદ્ર જેવી સંક્રાન્તિકાળની મહાકથા કહીને બિરદાવી. શ્રી રઘુવીરની આ દીર્ઘકથામાં માનવમનનાં એવાં અતાગ ઊંડાણોનો તાગ મળતો નથી. પન્નાલાલે કાળુ-રાજુના પ્રણય સાથે આખા સાબરકાંઠાના ગ્રામસમાજને જીવતો કરી દીધો છે. ભાષા તો એમાં સહજ રીતે આવે છે. રઘુવીરે તો જાણે ભાષાના ઉપયોગ માટે કથા લખી હોય એવી

છાપ પડે છે. ટૂંકમાં રઘુવીરની આ નવલત્રયીને પન્નાલાલ પટેલની નવલત્રિપુટી સાથે બેસવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી, એનો એવો દાવો ટકી શકે એમ નથી. (પ્રકાશક. આર.આર. શેઠની કંપની, મુંબઈ-૨, અમદાવાદ-૧. પૃ. અનુક્રમે ૪૭૨, ૩૫૪, ૪૧૫, રૂ. ૨૨-૫૦ રૂ. ૧૯-૭૫. રૂ ૨૧-૭૫ પાકાં પૂઠાં)

રેતપંખી : કાકાના સંસ્કાર પામેલી અનાથ યુવતી સુનંદા બીજવર સાથે લગ્ન કરી મૃત શોકયના ચિત્ર નીચે, સાવકા પુત્રપુત્રીના પ્રતિકારથી, બહેન તારાની ચિંતાથી અને યુવાન શ્રીધર પ્રત્યેના આકર્ષણના કારણે કેવી કારમી માનસિક ભીંસ અનુભવે છે એનું આકર્ષક અને મનોરમ્ય ચિત્ર આલેખતી શ્રીમતી વર્ષા અડાલજાની વાચનક્ષમ નવલકથા (પ્ર. આર. આર. શેઠની કં. મુંબાઈ-અમદાવાદ. પૃ. ૨૦૨, રૂ. ૯-૭૫, પાકું પૂઠું)

કર્ણાવતી : ઈસવી સનની અગિયારમી સદીના બીજા ચરણનાં છેલ્લાં વર્ષોમાં એક મહાન ગુજરાતી દામોદર મહેતાએ વર્ષો સુધી માળવામાં રહીને સોલંકી યુગના વિજયપંથનું જે નિર્માણ કર્યું એ ઘટનાને આલેખતી શ્રી 'ધૂમકેતુ'ની કાવ્યમયશૈલીમાં લખાએલી ઐતિહાસિક નવલકથા (પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. પૃ. ૩૫૧, રૂ. ૧૫, પાકું પૂઠું.)

—બહાદુરશાહ પંડિત

અન્ય પ્રકાશનો

લગ્નજીવન માતૃત્વ અને કુટુંબનિયોજન : વસતિવિસ્ફોટ એ આજના વિશ્વ સમક્ષની-અને સવિશેષ તો ભારત સમક્ષની વિકરાળ સમસ્યા છે ત્યારે લગ્નજીવનના ફલ સમું કુટુંબનિયોજન અતિ મહત્ત્વનું બની રહે છે. આ પુસ્તકના લેખક ડૉ. હરિત ર. દેરાસરી પોતે ડૉક્ટર છે એટલે પ્રસ્તુત વિષયને શાસ્ત્રીયરીતે એમણે રજૂ કર્યો છે. પુસ્તકના શીર્ષક પ્રમાણે ત્રણ ખંડોમાં વહેંચાએલા પુસ્તકની આ બીજી આવૃત્તિ તેની ઉપયોગિતા પુરવાર કરે છે. (પ્રકા. રણછોડલાલ લોટવાલા ફાઉન્ડેશન, ૪૫૯ સરદાર વલ્લભભાઇ પટેલ રોડ, પહેલે માળે, આર્યભવન, પ્રાર્થના સમાજ, મુંબાઈ-૪, પાકું પૂઠું, પૃ. ૩૪૪, રૂ. ૮)

દિવ્ય જીવનદર્શન : જીવનને ભવ્યોદાત્ત બનાવવા પ્રેરણાદાયીવિચારસામગ્રી પૂરીપાડતી શ્રી 'પથિક' રચિત પુસ્તિકા. (પ્ર. ગુજરાત પુસ્તકાલય સેવા નિગમ, ચોથો માળ, સ્પેક્ટ્રમ-૧, રિલીફ સિનેમા સામે, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૫૪, કિં. જણાવી નથી.)

આપણાં સુશોભનવૃક્ષો : આજે જેમની પાસે જગ્યા છે તેમનામાં ફૂલછોડ ઉછેરવાનો શોખ કેળવાયો છે ત્યારે આપણી જમીનને અનુકૂળ આવે તેવાં વિવિધ નાનાંમોટાં ફૂલઝાડનાં વર્ણન, વાવેતર વગેરેની સરળ ભાષામાં આ પુસ્તકમા આનદરાવ પંઢરીનાથ કોઠારીએ રજૂઆત કરી છે તે સહુ વૃક્ષપ્રેમીઓને ઉપયોગી થશે. (પ્રકા. પ્રાચ્યવિદ્યા મંદિર,

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



પીતાંબર પટેલ

પૂરું નામ પીતાંબર નરસિહભાઈ પટેલ. જન્મ: તા. ૧૦મી ઑગસ્ટ ૧૯૧૮, ગામ સોકાવી (ચાણસ્મા-જિ. મહેસાણા માં. ગુજરાતી સાથે એમ. એ., '૪૨ની લડતમાં જેલવાસ; '૪૩થી બાર વર્ષ સુધી મુંબાઈની ફિલ્મી દુનિયામાં વિજ્ઞાપન અને વાર્તા વિભાગમાં કામ કર્યું; '૫૯થી ત્રણ વર્ષ 'આકાશવાણી'ના અમદાવાદ કેન્દ્રમાં વાર્તાલાપ વિભાગમાં અધિકારી; ગામડામાં સામાજિક સેવા કરવા સાથે રાજકારણમાં પ્રવેશ; પંચાયતી રાજ્ય આવતાં ગામના સરપંચ; 'પંચાયતી રાજ્ય' માસિકના તંત્રી; છેલ્લાં બાર વર્ષથી 'ગુજ. સાહિત્ય પરિષદ'ના મંત્રી; 'સંદેશ' વર્તમાનપત્રના એક કટાર લેખક અને એના વાર્તા માસિક 'આરામ'ના સંપાદક. અને નવલિકાસંગ્રહો અને નવલકથાઓ દ્વારા એમનું સાહિત્યસર્જન ખ્યાત છે.

૧ નવલકથા અને નવલિકા એ બેમાંથી આપને શું લખવાની વધુ પ્રેરણા થાય છે?

ઉ. મને બંને ગમે છે. બંનેનાં સ્વરૂપ ભિન્ન છે. કોઈ અનુભવનો અંશ, મનમાં વસી ગએલ કોઈ પાત્ર, કે કોઈ સંવેદના વ્યક્ત કરવી હોય ત્યારે નવલિકા ને જીવનની અખિલતા, વધુ પાત્રો ને પ્રસંગોના વ્યાપ માટે નવલકથા અનુકૂળ થાય છે.

૨ આપ આદર્શ નવલકથા કોને કહો?

ઉ. એની કોઈ ચોક્કસ વ્યાખ્યા તો ન બાંધી શકાય, પણ સ્થાપત્ય, રચના, શોભન વગેરે બધું મળી જેમ મંદિર સુંદર બને છે તેમ જેમાં બધાં પાસાં એકબીજાને પૂરક બની સુઘડ સુંદર રીતે રજૂ થાય તેને આદર્શ નવલકથા કહી શકાય.

૩ આપે 'આકાશવાણી'માં કામ કરેલું છે. એના કાર્યક્રમો વધુ રસપ્રદ કઈ રીતે બની શકે?

ઉ. સરકાર સંચાલિત હોઈ 'આકાશવાણી'ના કાર્યક્રમો રજૂ કરનારે અમુક સીમાઓમાં જ રહેવું પડે છે. વળી, એમની પોતાની પણ કેટલીક મર્યાદાઓ હોય છે. તંત્રની ડખલ વિના મુક્તપણે દૃષ્ટિસંપન્ન માણસો દ્વારા કાર્યક્રમોનું આયોજન થાય તો ફેર પડે ખરો.

૪ સિનેસૃષ્ટિનો પણ આપને અનુભવ છે. ગુજરાતી ફિલ્મો વિષે આપનો અભિપ્રાય શો? અને આપને ગમેલું ચિત્ર કયું?

ઉ. ગુજરાત રાજ્ય તરફથી કેટલાંક પ્રોત્સાહજનક પગલાં લેવાતાં હવે વર્ષે ચારપાચ ફિલ્મો રજૂ થવા લાગી છે પણ એનાં કથા અને અભિનયમાં નાટકનું જ અનુકરણ દેખાય છે. જૂનાંમાં 'ગુણસુંદરી' ને નવાંમાં 'ઝેર તો પીધાં જાણીજાણી' મને ગમ્યાં. એક નિરૂપા રૉયને બાદ કરતાં ઉત્તમ કક્ષાની ગુજરાતી અભિનેત્રીઓની પણ ખોટ સાલે છે.

૫ સાહિત્યક્ષેત્રમાં ક્યારથી અને કયા સંજોગોમાં પ્રવેશ કર્યો?

ઉ. વિદ્યાર્થીકાળથી જ એની લગની હતી. સ્વ. રામનારાયણ પાઠક જેવા ગુરુ મળતાં નવલકથા સર્જનનો આરંભ કર્યો.

૬ આપનો કુદરત પ્રત્યેનો પ્રેમ અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા કેવા પ્રકારનાં છે?

ઉ. કુદરત કરતાં એને ખોળે રમતા લોકજીવનને મહાલવાનું-આલેખવાનું મન વિશેષ ગમે છે. ગામડાના ઉછેરને કારણે એને વીંટળાએલી પ્રકૃતિનું નિજી સૌંદર્ય સાહજિકતાથી નિરૂપી શકું છું. ઈશ્વરમાં અને જીવનનાં કલ્યાણકારી મૂલ્યોમાં શ્રદ્ધા છે. 'ખેતરને ખોળે' ને 'શ્રદ્ધાદીપ'માં આની જ અસર છે.

૭ આપનો ખાસ શોખ?

ઉ. પ્રવાસનો. જો કે એની ખાસ તક સાંપડી નથી.

પીતાંબર પટેલ.

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલ-કારોનાં જીવન-કવનનો પરિચય

[૬૭]

કરાવનાર · **જલન માતરી**



શ્રી લાભશંકર દવે

કહેવાતી નવી ગઝલે ગઝલના મિજાજ બહારના જે શબ્દો અપનાવ્યા છે એ શબ્દોથી સજ્જ કરવામાં આવેલા શે'રને શે'ર કહેવો કે કેમ એ એક પ્રશ્ન જ રહે છે. નવા ઢંગની ઢગલાબંધ ગઝલો આજે લખાઈ રહી છે, પણ એમાંથી શબ્દનો અર્થ શોધવો ખરેખર મુશ્કેલ કામ છે. ગુજરાતી ગઝલ–સાહિત્યમાં થોડીક કલમો એવી બહાર આવી છે કે જેણે ગઝલને નવી જવાની બક્ષી છે, પણ જેના શબ્દને અર્થનું આવરણ નથી નડતું. એવા શે'ર રજૂ કરનારા પૈકી ભાઈશ્રી લાભશંકર દવે એક એવા શાયર છે કે જેના શે'રોમાંથી જ એમની કલમનું તેજ પ્રકટે છે. 'કુમાર', 'કવિલોક', 'બીજ' વગેરે સામયિકોમાં એમની ગઝલો પ્રસિદ્ધ થતી રહે છે. લોકગીતો ને દુહા બાદ છેલ્લાં દસ વર્ષથી તેઓ એકધારા ગઝલોનું સર્જન કરતા રહ્યા છે.

ઈ. ૧૯૧૪માં સોરઠના તોરી ગામે જન્મેલા લાભશંકર આઠ વર્ષે માતૃછાયા ને વીસ વર્ષની ઉંમરે પિતાની છાયા ગુમાવી બેઠા, એટલે પદયાત્રા શરૂ કરી સાધુ-સંતોના સહવાસમાં રહેવા લાગ્યા અને યોગ-સાધના તરફ ઢળ્યા. છેવટે ફૂડ ખાતાની નોકરી સ્વીકારી. ઈ. ૧૯૭૨માં નિવૃત્ત થઈ હાલ સ્વતંત્ર રીતે જીવી રહ્યા છે.

મોતનો પાલવ પકડી જીવનનો પંથ કાપી રહેલા, દિશાઓના સ્કંધ પર સૂર્યને ઊંઘતો બતાવનારા આ શાયરના શે'રોનો આનંદ લઈએ :

બીજાને બાળતાં પહેલાં છે બળવાનું જ પોતાને,
ખરેખર આ હકીકતની તિખારાને ખબર નહોતી.

∞

એમના સાન્નિધ્યનું પરિણામ છે,
ને બધા કહે છે મને 'પીધેલ છે!'

∞

કંઈ કેટલા રૂપાળા હાથનું એ કામ છે,
એકાદ બેથી મારું દફન હોઈ ના શકે!

∞

નથી કોઈ અહીંઆં મહોબ્બતનો ધારો,
સરિતા છે મીઠી સમંદર છે ખારો.

∞

સૂર્ય મસ્તક ટેકવી ઊંઘી ગયો,
એમ લાગે છે દિશાને સ્કંધ છે;
કસ્તુરીની છે બધાને ખેવના,
મૃગથી ક્યાં કોઈને સંબંધ છે!

∞

એને સૃજનનો મોહ કંઈ લાગે ન એટલે,
આકાર આપીને એ નિરાકાર થઈ ગયો!
એણે ખુશી થઈને કરી સ્વર્ગની સજા,
હું પુણ્ય કમાઈને ગુનેગાર થઈ ગયો!

∞

ખબર મારી કુશળતાના કોઈ પૂછે તો કહી દેજો,
હું પાલવ મોતનો પકડી જીવનનો પંથ કાપું છું.

ધરતીની વ્યથા એમને સ્પર્શી ગઈ હશે,
વર્ષાનાં વાદળાં અમસ્તાં ઓગળે નહિ.
ઉતારવી છે ચાંદની એને ધરા ઉપર,
અર્ણવ નકામો આમ તો કૈં ઊછળે નહિ.

∞

જો ખાલી હોય તો વાગે છે વાયુના પ્રહારો પણ,
ભરેલા ઠામનો રણકો કદી વાગી નથી શકતો.

∞

અવનવા રંગો બતાવ્યા આંખને,
મેં સમયની આંગળી ઝાલી હતી.
રાતના અંધારને પીવા છતાં,
સૂર્યના ચહેરા ઉપર લાલી હતી!

∞

એ પણ કદાચ શક્ય છે આવે ન ધ્યાનમાં,
લાલી છુપાઈ હોય છે મેંદીના પાનમાં.
પાછી ફરે છે એટલે દૃષ્ટિ ધરા ઉપર,
મળતી નથી જમીન એને આસમાનમાં.

∞

સાવ કોરો રહી ગયો વરસાદમાં,
ધોમ ધખતા તાપમાં ભીંજાઉં છું!

કોણ જાણે કેમ આવે છે નશો,
હું નથી પીતો બીજાને પાઉં છું.
ફૂલના રંગો મને ડંખી ગયા!
એટલે હું લાલપીળો થાઉં છું!

∞

પ્રસંગોપાત્ત જીવનમાં હસી લઉં છું, રડી લઉં છું,
અને આ જીવવા જેવું જીવન જાતે ઘડી લઉં છું.
મને શાબાશના બે શબ્દ કહેનારા નથી મળતા,
તો હું પોતે જ હાથે પીઠ મારી થાબડી લઉં છું.

∞

ખોટું ગમે ના એમને, સાચું આ લોકને,
કપરાં છે બેઉ કામ, હવે બોલવું નથી.
ગમતું નથી જરા ય છતાં બોલવું પડે,
લો આવજો અમારે હવે બોલવું નથી.

∞

તમે જો અમારા ઉપર રોષ કરશો,
તો સામે અમારી નજર કોણ કરશે?
તમે જો હશો પીઠ પાછળ અમારી,
તો સામે થવાનું જિગર કોણ કરશે?

∞

બધા એમનું મૂલ્ય આંકે છે અદકું,
અને જેની કીર્તિ દિગન્તે ચડી છે;
નથી ભાળ લેતાં કદી કો અમારી
ને પૂજે પ્રતિમા અમે જે ઘડી છે!

∞

હું મારા પ્રતિબિંબને જો ખોઈ ના શકું,
દર્પણની બીજી બાજુ કદી જોઈ ના શકું.
એ શી રીતે કહું કે નથી કૈં અભાવમાં?
જો એમ કહું તો હું અહીં હોઈ ના શકું.
મારે કરોડરજ્જુ નથી કેમ એ કહું?
એ વાત છે જુદી કે એને જોઈ ના શકું!
લેવો પડે છે એટલે અશ્રુનો આશરો.
ગંગાના સ્નાનથી હું પાપ ધોઈ ના શકું!

∞

આવો ય પણ શું એમનો પ્રબંધ હોય છે?
આવે છે સ્વપ્ન ત્યારે નયન બંધ હોય છે!
થાયે નહિ એનું મિલન એવું કંઈ નથી,
પણ બોલવાનો ત્યારે પ્રતિબંધ હોય છે.
એવું નથી કે ફૂલ વિના એ અશક્ય છે,
સૂંઘી શકો તો ધૂળ ક્યાં નિર્ગંધ હોય છે!
દર્પણના કેટકેટલા કટકા થઈ ગયા!
ને તો ય પ્રતિબિંબ તો અકબંધ હોય છે!

મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, પાકું પૂઠું, પૃ-૧૫૫, રૂ. ૬–૫૦)

ક્રિકેટની મહેફિલમાં : પાંચ ખંડમાં વહેંચાએલા આ પુસ્તકમાં તેના કર્તા પ્રદીપ તન્નાએ ભારત, ઈંગ્લૅંડ, ઑસ્ટ્રેલિયા, વેસ્ટ ઈન્ડીઝ જેવા દેશોના નામી ક્રિકેટરોનો પરિચય આપ્યો છે, તો અન્ય ખંડોમાં ક્રિકેટના કેટલાક કિસ્સાઓ, ક્રિકેટની રમતની કેટલીક હળવી-ગંભીર વાતો વગેરે રજૂ કર્યાં છે તે ક્રિકેટરસિયાઓને જરૂર ગમશે. (પ્રકા. મધુકર પ્રકાશન, લીલાવતી મૅન્શન, પારેખ લેન, કાંદીવલી, (પશ્ચિમ) મુંબઈ–૬૭, કાચું પૂઠું, પૃષ્ઠ ૧૭૯, કિંમત રૂ. ૫)

–ધી. ૫.

—અને છેલ્લે

ઍલેક્ઝાન્ડર ડ્યૂમાને પોતાનાં વિવિધ લખાણો જુદાજુદા રંગના કાગળો ઉપર લખવાનો શૉખ હતો. દા. ત. તે નવલકથાઓ આસમાની રંગના કાગળ ઉપર લખતો અને કાવ્યો પીળા રંગના કાગળો ઉપર. બાલ્ઝાક પોતાની બધી ટપાલ પોતાની એક નવલકથાના પાત્ર ડૉવેજર દુરાંદના નામથી જ મંગાવતો. જ્યૉર્જ બર્નાડ શૉને લેખન માટે વિચારો ન સૂઝે ત્યારે પ્રેરણા મેળવવા સારુ બસમાં બેસીને બેચાર માઇલની મુસાફરી કરી નાખતો.

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉકટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-ઉમરેઠ)) ની સલાહ

પ્ર. ગૅસ-ટ્રબલનો કોઈ સચોટ ઉપાય ખરો?

* વૈદક વિજ્ઞાનમાં 'ગૅસ-ટ્રબલ' જેવી કોઈ સ્વતંત્ર રોગાવસ્થા વર્ણવાતી નથી. હા, કોઈક રોગના લક્ષણ તરીકે આ નામનો પ્રયોગ થાય ખરો. પણ લોકો પેટની ઘણી ફરિયાદો 'ગૅસ-ટ્રબલ'ના નામે જ ઓળખે છે.

ખાધા પછી પેટની ઉપરના ભાગમાં ભરાવો લાગે, ખાટા ને મોટા ઓડકાર અને મોંમાં કોગળા આવે એ ગૅસના કારણે નહિ, પણ હોજરીના દાહ, હોજરીનું ચાંદું કે આંતરડાંમાં મરડાથી સોજો, પેટના કૃમિ, પીત્તાશયનો સોજો વગેરેને લીધે થાય છે.

આંતરડાંમાં પચ્યા વિના પડી રહેલા કાર્બોહાઈડ્રેટમાં જીવાણુઓની ક્રિયાથી આથો આવીને ગૅસ પેદા થાય છે. આ વાયુ ઓડકાર યા વાછૂટ દ્વારા નીકળે છે. મરડાના લીધે આંતરડાંમાં સોજો હોય ત્યારે ખોરાકને આથો આવવાથી પુષ્કળ ગૅસ થાય છે. આવા લોકોનાં આંતરડાંમાં 'લૅક્ટેઝ' નામનું એન્ઝાઇમ ન હોવાથી એમને દૂધ સદતું નથી ને પુષ્કળ ગૅસ થવાથી પેટમાં ભરાવાની પીડા અનુભવાય છે તથા પુષ્કળ વાછૂટ થાય છે. બેઠાડુ લોકોમાં ઉદરપટલ પર ગૅસનું દબાણ વધતાં હૃદયના ભાગમાં વેદના અનુભવાય છે.

આ પ્રકારનો ગૅસ મરડાને મટાડનારાં અને ખોરાક પચાવનારાં ઔષધોથી મટે છે. વાછૂટ કરાવનારી અને પેટની ચૂંક મટાડનારી દવાઓ એમાં નકામી છે.

ઉતાવળા ને ઝડપભેર તથા જમતી વખતે બોલબોલ કરનારાઓ હવા ગળી જાય છે. આ હવા પણ વારંવાર ઓડકાર દ્વારા બહાર આવે છે.

પ્ર. બાળકોને દાંત આવતી વખતે ઝાડા શાથી થાય છે?

* દાંત આવે છે તેથી નહિ, પણ દાંત આવતા હોય એ સમયના ગાળામાં બાળક ખાવા માટે વલખાં મારે છે; આ ખાવાની ટેવ કે ખાવાના ચાળા કરતી વખતે જે હવા એ ગળી જાય છે તેનાથી આંતરડાંની ગતિ વધી ઝાડાનું કારણ બને છે. વળી, આ અરસામાં બાળક જે હાથ ચડે તે મોંમાં મૂકે છે, એના ચેપથી પણ ઝાડા થાય છે. વળી, દાંત ફૂટવાની વેદનાની પણ આંતરડાં ઉપર અસર પડીને ઝાડા થવા સામાન્ય છે.

શતરંજ

કાર્પોવની એક વધુ રમત

આપણે કાર્પોવ વિષે—આ પહેલાં (અંક ૬૧૮માં) તેમની પોલુગાયેવ્સ્કી સામેની મૅચમાંથી એક રમત જોઈ હતી. પોલુગાયેવ્સ્કી પછી તેમને ભૂતપૂર્વ વિશ્વવિજેતા બોરિસ સ્પાસ્કી સામે રમવાનું હતું. તે મૅચમાં તેમનો ૪+૧–૬= ના સ્કોરથી વિજય થયો હતો. એ મૅચની છેલ્લી–૧૧મી રમત આપણે અહીં જોઈએ. સફેદ મહોરાં કાર્પોવનાં ને કાળાં સ્પાસ્કીનાં છે.

1 P-Q4, N-KB3; 2 P-QB4, P-K3, 3 N-KB3. અહીં સફેદ 3 N-QB3, રમે તો કાળો 3..., B-N5થી Nimzo-Indian Defence પદ્ધતિ અપનાવી શકે. તે અટકાવવા ઘણી વાર સફેદ આ ચાલ ચાલે છે.


3..., P-Q4; 4 N-B3, B-K2. આથી શરૂઆતની પદ્ધતિ Queen's Gambit Declinedમાં ફેરવાઈ જાય છે.

5B-N5, P-KR3; 6B-R4, O-O; 7 P-K3, P-QN3; 8B-K2, B-N2. આ જ સ્થિતિ Queen's Indian Defenceમાં પણ આવી શકે છે.

9 B×N, B×B; 10 P×P, P×P; 11 O-O, Q-Q3. ઈ. ૧૯૭૧ની ક્રોયંનેયગેલર મૅચમા અહીં 11..., Q-K2 ચાલ રમાએલી. 12 R-B1, P-QR3. (13 N-QN5, Q-any; 14 N×BPથી ઘોડીના બદલામાં હાથી અને પ્યાદું જીતવાની ધમકી હતી તે ટાળવા.)

13 P-QR3, NQ2; 14 P-QN4, P-QN4; 15 N-K1, P-B2; 16N-Q3, N-N3, 17 P-QR4, B-Q1; 18N-B5, B-B1; 19 P-R5, B-B2. ઘોડાને બચાવતાં પહેલાં મહાતની ધમકી આપી સફેદના કિલ્લામાં નબળાઈ ઊભી કરે છે.

20P-N2, N-B5; 21P-K4, B-R6; 22R-K1, P×P; 23N(3)×KP, Q-N3; 24B-R5, Q-R2 (જુઓ આકૃતિ.)



કાળાનો વજીર ખૂણામાં ભરાઈ જતાં તની શક્તિ ઘણી ઓછી થાય છે. અને સફેદ તેનો લાભ સુંદર રીતે ઝડપી લે છે.

25 Q-B3, P-B4? કાળાને સફેદના ઊંટને R5 પરથી હટાવવો છે, પણ તરત જ 25..., P-N3?? પછી સફેદ 26 N-B9 chથી વજીર જીતે છે. અહીં ચલાએલી ચાલથી ઘોડાને પીછેહઠ કરવી પડે છે અને તેથી N-B6ની ધમકી કાયમ માટે અટકે છે, પણ તેમ કરતાં કાળાનો કિલ્લો ઘણો નબળો પડી જાય છે.

26 N-B3, P-N3, 27 Q×QBP. સફેદ ઊંટ ગુમાવે છે, પણ બદલામાં આક્રમણની સુંદર તક મેળવે છે.

27..., P×B; 28N-Q5, P-B5. વજીર તેમજ ઊંટના રસ્તા ખોલવા માટે જરૂરી ચાલ.

29 R-K7, Q-B4; 30 R×B. સફેદ આ પહેલાંની ચાલમાં પણ ઊંટ પાછો મેળવી શકત, પણ તે પહેલાં હુમલો જોરદાર બનાવીને ઊંટને સગવડે મારે છે.

30..., QR-K1; 31Q×KRP. સફેદે પોતાના ઊંટના બદલામાં ઊંટ મેળવી લીધો અને બે પ્યાદાં મેળવ્યાં તે નફામાં. હવે તે 32 Q-N7થી મ્હાતની ધમકી આપે છે ને કાળો તેમાંથી બચે ત્યાં ત્રીજું પ્યાદું જીતે તેમ છે.

31..., R-B2; 32 R×R, K×R.

અહીં 32..., Q×R? પછી સફેદને 33 N-B6chથી ઘોડાના બદલામાં વજીર મળે છે.

33 Q×BP, R-K7; 34 Q-B7ch, K-B1; 35 N-34.

સફેદ પાસે ત્રણ પ્યાદાં વધુ છે. કાળાનો રાજા રક્ષણ વિનાનો છે. તેમાં વળી આ ચાલથી તેના હાથી તેમજ ઊંટ ઉપર એક સામટો હુમલો છે અને તેથી હાથી બચાવે ત્યાં કાળો ઘોડાના બદલામાં ઊંટને મારી લે પછી કંઈ રમવા જેવું ન રહે. કાળો હાથી વડે વજીર પર હુમલો કરીને બીજી ચાલે ઊંટ બચાવવા પ્રયત્ન કરે તો 35..., R-K2; 36 Q-QBch R-K1; 37N(5)-K6ch, K-B2; 38 Q×Rch, K×Q; 39 N-N7ch, K-B-2; 40 N×Q, B×N; 41 N×P અને સફેદ પાસે ઊંટના બદલામાં હાથી તેમજ ચાર વધારાનાં પ્યાદાં રહે. આ બધું જોતાં

35..., Resigns.

સુરેશ મોદી

પચ્ચીસ વર્ષ પહેલાં

સપ્ટેમ્બર ૧૯૫૦ : સળંગ અંક ૩૨૧

આ વિભાગમાં અવારનવાર પ્રકટ થતા રહેતા લેખો પરથી પ્રતીત થતું રહેતું હશે કે ભૂતકાળમાં 'કુમાર' કેટલા વિશાળ પટ પરના વૈવિધ્યને આવરી લેતું હતું. આ વખતે (આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવી ગએલા) એક તદ્દન જ નવા વિષયનો પરિચય થાય છે. ટિકિટ-સંગ્રહના જેવા બીજા પણ સંખ્યાબંધ શૉખ છે—બાટલીનાં બૂચ ને પંખીનાં પીછાંથી માંડી કિસમ કિસમનાં બટન એકઠાં કરવાના શૉખની હારમાળામાં આ વિવિધ પાંદડાંની છાપ સંઘરવાનો પણ એક વિશિષ્ટ શૉખ છે. એને વિષે ૩૨૧મા અંકમાં આવી ગએલો લેખ ઉતારીએ :


ટિકિટ સંઘરવાનો શૉખ જેમ જીવનભર ચાલે છે, તેવો જ અણુખૂટ આ શૉખ છે : ઝાડનાં પાંદડાંની કાર્બન-છાપ લેવાનો. એક વિખ્યાત વનસ્પતિશાસ્ત્રીએ કહ્યું છે કે સાગ જેવડાં ઊંચી જાતનાં જ વૃક્ષો ત્રણસો ઉપરાંત તો થાય છે. એ સિવાય નાનાં ઝાડ, છોડ, વેલ વગેરેનાં તો જુદાં. એટલે જો ધીરજ, શોધનો ખંત અને પરિશ્રમની શક્તિ હોય તો આ શૉખ તો જીવનભર ચાલે તેવો છે. આપણે ત્યાં તો કોણ જાણે, પણ પશ્ચિમના મુલકમાં તો આ શૉખ ઠીકઠીક વ્યાપક છે. એક જાણીતા એવા સંગ્રાહકે ૫૦૦થી વધુ ઝાડનાં પાંદડાંની છાપ એકઠી કરી છે; અને એ તો નમ્રતાથી કહે છે કે આ ક્ષેત્ર એટલું વિશાળ છે કે આ તો હજી મારી શરૂઆત છે.

એમાં સાધન પણ બહુ નથી જોઈતાં. થોડા ડ્રૉઇંગ પેપર : ફૂલ્સકેપ કાગળના કદના હોય તો ઠીક, જેથી નાનાં-મોટાં પાનની છાપ લેવાને પૂરતો અવકાશ રહે, ને પેન્સિલ-કાર્બનના થોડા કાગળ. જોજો 'પેન્સિલ-કાર્બન' જ જોઈએ. બીજો ટાઇપરાઈટરનો કાર્બન પેપર આવે છે તેના પરનો કાર્બનનો પટ બહુ સખત હોવાથી ખપ લાગતો નથી. બીજી બે ચીજો જોઈએ તે ૮"×૫"ના માપના થોડા પાતળા (અરધા પારદર્શક જેવા) કાગળ, ને એક બ્લૉટિંગ પેપરનું પૅડ. બ્લૉટિંગ-પૅડ ન હોય તો છાપાના થોડા કાગળ પણ ચાલે; કેમ કે એનો ઉપયોગ તો પોચી ગાદી તરીકે કરવાનો હોય છે. શરૂઆત કરવા માટે એવાં પાંદડાં પસંદ કરવાં, જેની ઊલટી બાજુએ નસો અને રેષાઓ વધારે ઊપસેલાં હોય.

પહેલાં તો બ્લૉટિંગની ગાદી ઉપર કાર્બન પેપરને ચત્તો મૂકો, જેથી તેની કાર્બનની બાજુ ઉપર રહે. પછી, પાંદડાંની પાછલી (રેષાવાળી) બાજુ તેને અડે એવી રીતે તેના પર પાંદડાને મૂકો. હવે, એ પાંદડા ઉપર પાતળો કાગળ મૂકીને તમારી આંગળીનાં ટેરવાં કે અંગૂઠાના નખ ઘસીને સ્થિર ને સજ્જડ દાબ આપો. પાતળા કાગળ સોંસરી પાંદડાની આકૃતિ દેખાતી હશે એટલે તેનો એકે ભાગ દબાણ વિનાનો રહી ન જાય તેની ચોકસાઈ તમે કરી શકશો. પાંદડાની કિનાર ઉપર ખાસ કાળજીપૂર્વક દાબ આપજો, અને ક્યાંય જરા પણ કરચલી ન પડે તેની ખાસ તાકેદારી રાખજો.

આ રીતે આખા પાંદડાની સપાટી પર પૂરતો દાબ અપાઈ ગયાની ખાતરી થાય, એટલે પાતળો કાગળ હટાવી લઈ ને પાંદડાને ધીમે રહીને કાર્બન ઉપરથી ઉખેડી લો, ને બારીકાઇથી તેની નાનામાં નાની રેષાઓ ઉપર પણ કાર્બન લાગી ગયો છે કે નહિ તે તપાસી જુઓ. હવે એની છાપ લેવા માટે, ગાદી ઉપર ડ્રૉઇંગ પેપર મૂકી તેની બરોબર વચ્ચે છાપ પડે એ રીતે, પાંદડાની કાર્બનવાળી પાછલી બાજુ ગોઠવો, ને ફરી તેના ઉપર પાતળો કાગળ મૂકી. ખૂબ સાવચેતીથી અગાઉની માફક જ આંગળીઓ વડે ધીમો પણ સજ્જડ, સ્થિર દાબ આપી ઘસો. જોજો પાંદડું લેશમાત્ર ખસી ન જાય. દાબ પાંદડાની મધ્યરેષા તરફથી બહાર કિનાર તરફ જાય એ રીતે આપવો, ને પાંદડાંનો કોઈ પણ ભાગ—એક પણ રેષા કે કિનારનો ઝીણામાં ઝીણો ખૂણો દાબ્યા વિનાનો રહી ન જાય તેની તકેદારી રાખવી.

હવે પાતળો કાગળ હઠાવી, હળવે રહીને પાંદડું ઉખેડી લો. જો દાબ ચોકસાઈપૂર્વક ને સંપૂર્ણપણે રેખાઉતાર આપ્યો હશે તો પાંદડાની બાજુ-




ની સ્પષ્ટ ને સુરેખ છાપ કાગળ ઉપર પડી રહી હશે. જો પાંદડું ખસી ગયું હશે તો છાપ ચેકાઈ-ભૂંસાઈ ગએલી આવી હશે.

જોકે બધા જ પ્રકારનાં પાંદડાં આ કામ માટે ખપ નથી લાગતાં. કેટલાંક પાંદડાની મધ્યરેષા એટલી બધી જાડી હોય છે કે બીજી રેષાઓ ઉપર નથી પૂરો કાર્બન લાગવા દેતી કે નથી પૂરી છાપ ઊઠવા દેતી. કેટલાંક પાંદડાં એવાં મુલાયમ હોય છે કે દાબ જ સહન નથી કરી શકતાં. અને જરા અમથો દાબ લાગતાં છૂંદાઈ જઇને તેમાંથી રસ નીકળવા માંડે છે. ઘણી વાર પાંદડું તોડયા બાદ તેને એક દિવસ રહેવા દઇને બીજે દિવસે છાપ લેવાથી પાંદડું કડક થવાને લીધે વધુ સ્પષ્ટ ને સુરેખ છાપ ઊઠે છે. આવી નાનીનાની મુશ્કેલીઓ પણ કવચિત્ નડશે ને તેના આવા ઉકેલ પણ નીકળી આવશે. પણ એથી તો આ શૉખમાં ઓર રસ વધશે.

આવો સંગ્રહ જેમજેમ એકઠો થતો જાય તેમતેમ તેને જુદાજુદા વર્ગમાં ગોઠવતા જવું. મોટાં વૃક્ષ, જંગલી છોડ, વેલા, ફૂલછોડ, અનાજ ને શાકભાજી વગેરેનાં પાંદડાં, એવાં વર્ગીકરણ કરી શકાય. નાનાં પાંદડાં હોય તો એક કાગળ ઉપર ત્રણચાર છાપ પણ ગોઠવી શકાય : પણ બહુ ગીચ ન થઈ જાય તે જોવું. દરેકની નીચે તેનું નામ તથા છાપ લીધાની તારીખ સુઘડ અક્ષરે લખવાં. અને દરેક કાગળ ઉપર પાતળો ઝીણો પતંગિયો કાગળ—ઝરઝરિયો કાગળ (ટિસ્યુ પેપર) લગાડી દેવો, જેથી ઘસારાથી છાપ ભૂંસાઈ ન જાય. પાનાં ફેરવતાં ફેરવતાં પણ ઘસારો ન લાગે તેની કાળજી રાખવી.

જરા કાળજીપૂર્વક શોધ ચલાવીશું તો જણાશે કે આપણા દેશમાં ઝાડની એટલી વિપુલ વિવિધતા છે કે આ શૉખ સદોદિત ચાલ્યા જ કરે : બાગબગીચા, વાડીખેતર ને ગામગોંદરા ઘૂમીઘૂમીને એકઠાં કરવાની તમન્ના જોઈએ. અને તમારા કોઈ મિત્રો કે સગા-સંબંધી પરગામ-પરદેશ રહેતા હોય તેમની પાસેથી પણ ત્યાંનાં અવનવાં પાંદડાં મંગાવીને તમે તમારા સંગ્રહમાં વૃદ્ધિ કરી શકશો. □

વૃક્ષ-વેલ-પરિચય [૩૭] બાવળ



શોભામય ન હોવાને કારણે કે સીમ-વગડામાં બધે જોવા મળતું હોઈ યા એની તીણી શૂળોથી બદનામ 'બાવળિયો' કે બાવળનું વૃક્ષ બહુ ક્ષુલ્લક ગણાઈ ગયું છે.

પણ બાવળ એક ઉપયોગી વૃક્ષ છે. બહુ દીર્ઘજીવી હોવા છતાં એ દસ-બાર મીટર જેટલું જ વધે છે. નાનું હોય ત્યારે ઢોર-બકરાં એનાં પાન ચરી ન જાય એટલા સારુ ઊગેલા કાંટા વૃક્ષ વધવા સાથે ઘટતા જાય છે.

બાવળની પત્તીઓ આમલી-ચણોઠીનાં પાન જેવી પણ વધુ નાજુક હોય છે. ઢોર માટે એ ખાદ્ય છે. મરડા ને અતિસાર તથા મળમાં આમ પડે તેના પર આ પત્તીનો ક્વાથ વપરાય છે. આ ક્વાથ ઘા ધોવામાં પણ ઉપયોગી છે.

બાવળની છાલ સંકોચક હોઈ એનો ઉકાળો મુખપાકમાં કોગળા કરવા માટે વપરાય છે.

વર્ષાથી શિયાળા દરમિયાન નાનાંનાનાં ઝૂમખાંમાં એનાં ફૂલ ખીલે છે. બ વળના દાતણની લીલી છડી પર આ ફૂલ ને પત્તી ઘણાએ જોયાં હશે.

બાવળની શીંગને 'પરડા' કે 'પરડિયા' કહે છે. કૂમળી ફણસી જેવી મુલાયમ આ શીંગોનું અથાણું ને શાક થાય છે. ઢોરને આ શીંગો ખવડાવવાથી એ વધુ દૂધ આપે છે.

બાવળનો ગુંદર અનેક પ્રકારના પૌષ્ટિક પાકમાં ઘીમાં તળીને ભેળવાય છે. કફ અને રક્તસ્રાવ પર પણ એ ગુણકારી છે.

બાવળનું લાકડું વજનદાર ને મજબૂત હોઈ ખેતીનાં ઓજારો અને નાનાંનાનાં ઈમારતી કામોમાં વપરાય છે. પાણીમાં એ કહોવાતું નથી. વળી, એના તાપ બહુ આકરો હોઈ કોલસા બનાવવા માટે એ ઉત્તમ ગણાય છે. □



માધુકરી

નિસ્તેજ નેત્ર, તનુ જર્જર, રુક્ષ કેશ,
કંગાલ નાગરિક, પાંશુમલિન વેશ;
એની કુટીર મહીં કાંઈ વધે ન રિદ્ધિ,
તો વ્યર્થ ભાઈ! સમજો તમ સર્વ સિદ્ધિ.

—નાથાલાલ દવે

માનસિંહભાઈ પટેલ

ગુજરાત અને એથી યે આગળ દેશમાં મહેસાણા જિલ્લાનું નામ ખ્યાત કરી આપનાર ત્યાંની 'દૂધસાગર ડેરી'એ બહુ જ ઓછાં વર્ષોમાં જે વિકાસ સાધી બતાવ્યો એ ખરેખર ગણનાપાત્ર છે. એની આ સિદ્ધિનો મુખ્ય યશ એના એક સર્જક-સંચાલક સ્વ. માનસિંહભાઈ પટેલને ઘટે છે. એમની આજીવન સેવારત કારકિર્દીમાં એમણે લોકહિતકારી ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી બતાવીને સતત કાર્યપરાયણતાનું એક ઉમદા દૃષ્ટાંત પૂરું પાડયું છે.

મહેસાણા જિલ્લામાં વિજાપુર તાલુકાના ચરાડા ગામે ઈ. ૧૯૧૯ની ૧૫મી નવેમ્બરે એક આંજણા કુટુંબમાં એમનો જન્મ. પિતા પૃથ્વીરાજ હરિસિંહ ચૌધરી સામાન્ય સ્થિતિના શિક્ષક અને ખેડૂત હતા. ચરાડા, વીસનગર, મુંબાઈ અને વડોદરામાં અભ્યાસકાળ દરમિયાન માનસિંહભાઈ રાષ્ટ્રીયતાના રંગે રંગાયા. વિદેશી વસ્ત્રોના ત્યાગ સાથે એમણે રાષ્ટ્રીય પક્ષે ચલાવેલી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થી અવસ્થાથી જ એમને નામના મળી હતી. ઈ. ૧૯૪૨માં તો એમનું લગ્ન થયું, તેઓ બી.એ. થયા અને આઝાદીની ચળવળમાં યે એમણે ઝંપલાવ્યું. એલએલ.બી. ૧૯૪૫માં અને બીજે વર્ષે મુંબાઈ બાર કાઉન્સિલની પરીક્ષા પાસ કરી એમણે મહેસાણામાં વકાલત આરંભી. પછી વડોદરા રાજ્યની ધારાસભામાં મોટી બહુમતિથી ચૂંટાઈ આવ્યા. એ સમયે તેઓ રાજ્યના નાનામાં નાના—૨૬ વર્ષની વયના ધારાસભ્ય હતા.

વડોદરા રાજ્ય મુંબાઈ રાજ્યમાં ભળી જતાં એમને ત્યાંની ધારાસભામાં કામ કરવાની જે તક મળી તેનો લાભ એમણે વિજાપુર તાલુકામાં ટ્યૂબવેલ કરાવીને ઉત્તર ગુજરાતની આજની હરિયાળી ક્રાંતિનાં બીજ રોપવામાં લીધો. એ જ અરસામાં એમણે મહેસાણા જિલ્લાના કૉંગ્રેસ સમિતિના મંત્રી અને 'પ્રજારાજ' સાપ્તાહિકના સ્થાપક-તંત્રી તથા અખિલ હિંદ કૉંગ્રેસ મહાસમિતિના સભ્ય તરીકે પણ એકસાથે અનેક જવાબદારીઓ ઉપાડી હતી.

ઈ. ૧૯૫૨માં મુંબાઈની ધારાસભામાં ફરી ચૂંટાઈ આવ્યા પછી એમણે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના કરવામાં બહુ મહત્ત્વનો ભાગ લીધેલો. ઈ. ૧૯૫૨ થી '૫૭ તેઓ આ યુનિવર્સિટીની સેનેટમાં પણ રહેલા. ધારાસભ્ય તરીકે એમણે મહેસાણા જિલ્લાના પ્રશ્નો ઉપરાંત ગણોતધારો, માધ્યમિક શિક્ષણમાં ખાનગી નફાખોરીની નાબૂદી, જમીન મહેસૂલ વગેરે જેવા અનેક પ્રશ્નોમાં પણ ઊંડી સક્રિયતા દાખવી હતી. ત્યાર પછીની ચૂંટણીની હાર એમણે ખેલદિલીથી સ્વીકારી લઈને મહેસાણા જિલ્લા વિકાસ મંડળનું સુકાન હાથ ધરીને રાજ્યભરમાં એની કામગીરીને દીપાવી હતી. પણ ઈ. ૧૯૬૦માં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની સ્થાપના કરીને તો એમણે ઉત્તરગુજરાતના એક અદ્ભુત સાહસનો પ્રારંભ કર્યો હતો.



ઈ. ૧૯૬૨માં તેઓ લોકસભામાં ચૂંટાઈ આવ્યા, ને સમાજસેવા પાછળ પૂરતો સમય આપી શકાય તે સારુ એમણે પોતાની ધીકતી વકાલત છોડી દીધી. એમના બહોળા અનુભવોના કારણે સહકારી પ્રવૃત્તિ ને પશુ તથા દૂધઉદ્યોગના માટે

—આપણાં વ્રત-ઉત્સવ—

સિદ્ધિવિનાયક વ્રત

મનુષ્યજીવન સાથે આધિ, વ્યાધિ અને ઉપાધિ જડાએલાં જ છે. એમાંથી મુક્ત રહેવા એ સદા અંને સતત પ્રયત્નશીલ રહે છે. સાથે સાથે એ રિદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત કરવા પણ એટલો જ પ્રયત્નશીલ હોય છે. એના આવા અનેક પ્રયત્નોમાંનો એક પ્રયત્ન તે શ્રદ્ધાપ્રેરિત ભક્તિપ્રયોગ છે. આપણે ત્યાં માણસની આવી ભક્તિનો ઈષ્ટદેવ છે શ્રી ગણેશ.

વિદ્યા, વિત્ત, વાણિજ્ય, વાસ્તુ, વિવાહ સર્વની સિદ્ધિ અર્થે આરંભમાં જ ગણપતિની સ્થાપના કરી તેનું પૂજન કરવામાં આવે છે. આમ જો કે દરેક શુભ કાર્યના આરંભે ગણેશનાં સ્તુતિ-સ્મરણ કરવામાં આવે છે; પણ ગણપતિની પૂજાનું વિશેષ માહાત્મ્ય છે ભાદરવા સુદ ચોથના દિવસે. આથી જ એ દિવસને ગણેશચતુર્થી કહેવામાં આવે છે.

હેમાદ્રિમાં સ્કંદ પુરાણના ભાગ તરીકે આ વ્રતને ઉલ્લેખવામાં આવ્યું છે. ભાદરવા મહિનાની સુદ ચોથ મધ્યાહ્ન સુધી પહોંચતી હોય તેમ લઈ તે તિથિએ આ વ્રત કરવું જોઈએ, કારણ કે બપોરના સમયે આ વ્રતમાં ગણપતિની પૂજા કરવામાં આવે છે. આ ચોથના દિવસે સવારે સફેદ તલયુક્ત જલ વડે સ્નાન કરી બપોરના સમયે ગણપતિની પૂજા કરવાનો વિધિ આ વ્રતમાં દર્શાવાએલો છે. કાળી ચીકણી માટીની ગણેશમૂર્તિ બનાવી તેનું વૈદિક અને પુરાણોક્ત મંત્રો વડે સ્થાપન કરી, પંચામૃતથી સ્નાન કરાવી, લાલ રંગનું વસ્ત્ર તથા આભૂષણો ધારણ કરાવી, લાડુનો નૈવેદ્ય ધરાવી, પુષ્પ-ધૂપ આદિથી પૂજન કરી સર્વ પ્રકારની મંગલકામના માટે તેનું ધ્યાન ધરવાનું હોય છે. આમ કરવાથી મનોકામના પૂર્ણ થાય છે એવી શ્રદ્ધા દૃઢાવતી અનેક કથાઓ પુરાણોમાં કહેવાએલી છે.

આજ તો ગણેશપૂજામાં મુખ્યત્વે ગણપતિની મૂતિને સિંદૂર લગાવી લાડુનો નૈવેદ્ય ધરાવી પછી પ્રસાદી રૂપે તે આરોગવામાં આવે છે. આ ગણેશચતુર્થીનું વિશેષ મહત્ત્વ મહારાષ્ટ્રમાં જોવા મળે છે. એમને મન એ મહોત્સવ છે. બાકી મંગલમૂર્તિ વિઘ્નહર્તા ગણેશ હિંદુ ઉપરાંત બૌદ્ધ અને જૈનોમાં એક પૂજનીય દેવ ગણાયા છે. વળી, ભારત બહાર તુર્કસ્તાનથી માંડી જપાન સુધીમાં પૂર્વ એશિયાના લગભગ બધા જ દેશોમાંથી ગણેશની મૂર્તિઓ મળતી રહે છે તે તેની વ્યાપક પૂજાનો પુરાવો છે. સમયની દૃષ્ટિએ પણ શ્રી ગણેશની ઉપાસનાનું પગેરું છેક વેદકાળ સુધી નીકળે તેમ છે, પરંતુ આજનો ગણેશોત્સવ અને ગણેશોપાસના એ વૈદિક અર્થમાં રહ્યાં નથી. આમ છતાંય જે છે તે સ્વરૂપે પણ ગણેશપૂજનની પાછળ રહેલી ભાવના મનુષ્યમાં રહેલી સનાતન ભૌતિક વિકાસની ઝંખનાની દ્યોતક તો છે જ. અને એ શુભ નિષ્ઠા જ વખતે આપણા સર્વ કાર્યને શુભ પરિણામી બનાવવામાં સહાયભૂત થતી હોય તો નવાઈ નહિ. □

ઈ. ૧૯૭૪ના સપ્ટેમ્બર થી ૧૯૭૫ના ઑગસ્ટ સુધીના 'કુમાર'ના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી 'ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવન-ઘડતરમાં સહાયક' થાય તેવા શ્રેષ્ઠ લેખ માટે

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિઃ ૐ આશ્રમ નડિયાદ) તરફથી

તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે આપવાનું રૂ. ૫૧/—નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

'આર્ય સમાજ'ના લેખ માટે શ્રી શંકરદેવ વિદ્યાલંકારને મળે છે.

રચાએલા લોકસભાના એક અભ્યાસજૂથમાં એમની પણ નિમણૂક થઈ ને એ જૂથ દ્વારા એમણે મહેસાણા જિલ્લા માટે એક મોટી 'ડેરી યોજના' મંજૂર કરાવી. આમ, પચાસ લાખ રૂપિયાની યોજનાવાળી મહેસાણાની 'દૂધસાગર ડેરી'નાં મંડાણ થયાં. ૧૯૬૩ના ઑગસ્ટ–સપ્ટેમ્બરમાં આરંભાઈ ને દોઢ-બે વર્ષમાં તો આ ડેરીનાં અદ્યતન મકાનોનું કામ પણ પૂરું થયું અને એમની કાર્યદક્ષ દોરવણી તળે 'દૂધસાગર ડેરી'એ બહુ જ ઓછાં વર્ષમાં જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી એ તો સર્વત્ર સુખ્યાત છે. એમની આ દક્ષતાને લક્ષમાં લઈ કેન્દ્ર સરકારે ઈ. ૧૯૬૬માં મ્યુનિખ (પશ્ચિમ જર્મની)માં યોજાએલી સત્તરમી આંતરરાષ્ટ્રીય ડેરી કૉન્ફરન્સમાં મોકલેલા ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ માનસિંહભાઈને જ સોંપેલું.

મહેસાણા જિલ્લા અને વિજાપુર તાલુકાના ખરીદ-વેચાણ સંઘો, મહેસાણા જિલ્લા સહકારી સંઘ, સહકારી દૂધઉત્પાદક સંઘ વગેરે જેવી સહકારી પ્રવૃત્તિઓની સ્થાપના, સંચાલન ને પ્રગતિમાં એમનો અણમોલ ફાળો હતો. બનાસકાંઠા ડેરીની સ્થાપનામાં પણ તેમણે સક્રિય સહાય કરી હતી. વળી સહકારી ક્ષેત્રે એમનાં આવાં ચિરસ્મરણીય કાર્યો ઉપરાંત સમાજસુધાર ને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ એમણે એટલી જ સક્રિયતા બતાવી હતી. વીસનગરની 'આદર્શ હાઈસ્કૂલ', આંજણા સમાજનાં અન્ય ગામોનાં શૈક્ષણિક કાર્યો ને વિદ્યાલયોની સ્થાપનામાં એમણે લીધેલો રસ એની શાખ પૂરે છે. 'આંજણા યુવક' નામે એક માસિક પત્ર પણ એમણે ચલાવ્યું હતું. ઉત્તર ગુજરાતમાં અમરાપુરની 'ગ્રામ ભારતી' બુનિયાદી કેળવણીના ક્ષેત્રમાં એક નમૂનેદાર સંસ્થા બનાવવા પાછળ પણ એમનો પુરુષાર્થ જ મુખ્ય બળ હતો.

આ ઉપરાંત, જિલ્લાની સલાહકાર સમિતિના પ્રમુખ, મહેસાણા જિલ્લાની પ્રથમ શાળા સમિતિના અધ્યક્ષ, પિલવાઈની વિનયન અને વિજ્ઞાનની કૉલેજના સંચાલકમંડળના ઉપપ્રમુખ વગેરે જેવાં અનેક પદ પર રહીને એમણે જે તે વિસ્તાર અને સંસ્થાની શિક્ષણપ્રવૃત્તિને વિકાસના પંથે ચડાવી હતી.

સ્પષ્ટ વક્તૃત્વ, પૂર્વગ્રહ રહિત નિખાલસતા, લોકહિત ને ન્યાયના અંગે પક્ષપાત, પ્રગતિશીલ વિચારણા, સતત કાર્યરતતા સહિત બહારથી કડક પણ અતરથી કોમળ એવું આગવું અને પ્રેરણાદાયી એમનું વ્યક્તિત્વ હતું. દૂધસાગર ડેરી અને ઉત્તર ગુજરાતની અન્ય અનેક લોકહિતકારી પ્રવૃત્તિઓનો વિકાસ હજી એમના ટેકે ટેકે સિદ્ધિ પ્રતિ ડગ માંડી રહ્યો હતો ત્યાં, અઢારમી આંતરરાષ્ટ્રીય ડેરી કૉન્ફરન્સમાં ભાગ લઈ ત્યાં ભારતના ડેરી ઉદ્યોગના પ્રશ્નો ચર્ચવા તેઓ ઑસ્ટ્રેલિયામાં સિડની જવા નીકળવાના હતા તેના બે જ દિવસ અગાઉ, ઈ. ૧૯૭૦ની ૩૦મી સપ્ટેમ્બરે ગુજરાત રાજ્ય સહકારી સંઘની એક સભામાં હાજરી આપવા જવા નીકળ્યા ત્યારે નંદાસણ નજીક રાષ્ટ્રીય ધોરી માર્ગ પર બપોરના દોઢેક વાગ્યે મોટર અકસ્માતમાં એમનું એકાએક અવસાન થયું.

એક સાથે અનેક ક્ષેત્રે સેવાકાર્ય કરી શકે એવી પ્રતિભાથી સંપન્ન વ્યક્તિઓ બહુ ઓછી હોય છે. માનસિંહભાઈ એમાંના એક હતા. એમનાં અનેક સેવાકાર્યો અને ખાસ તો 'દૂધસાગર ડેરી' એમનું સદાય સ્મરણ કરાવતાં રહેશે. પણ છતાં એમના મિત્રો, સહકાર્યકરો ને જિલ્લાની પ્રજાએ એમના કોઈ યોગ્ય સ્મારક માટે દસ લાખ રૂપિયા જેવી માતબર રકમ એકઠી કરીને એમના પ્રત્યેની પોતાની શ્રદ્ધા, ભાવના ને એમના પ્રતિના ઋણની સ્વીકૃતિ પ્રકટ કરી છે. —માધવ મો. ચૌધરી

ભારત સેવક સમાજ અને એની સેવક-પેઢીના છેલ્લા નબીરા

એક સમર્પિત લોકસેવક અને મિજાજદાર તેજસ્વી લેખક પી. કોદંડરાવનું હમણાં ૮૬ વર્ષની વયે અવસાન થતાં સ્વ. ગોપાલ કૃષ્ણ ગોખલેના ભારત સેવક સમાજ—સર્વન્ટ્સ ઑવ ઇંડિયા સોસાઅટીના આદિ સેવકગણનો એક છેલ્લો સિતારો પણ આથમી ગયા.

આમ જનતામાં આજે લગભગ ભુલાઈ ગએલો અને જાહેર જીવનની ધમાલથી અલિપ્ત આ સેવક સમાજની સ્થાપનાનો ખયાલ છેક ઈ. ૧૮૯૭ થી ગોખલેજીના મનમાં આકાર લઈ રહ્યો હતો. ઈ. ૧૯૦૫ની ૧૨મી જૂને પૂનામાં શિવરામ હરિ સાઠે (આબાસાહેબ)એ એની કોનશિલા બેસાડી. અને ગોપાલ કૃષ્ણ ગોખલે, નરેશ આબાજી દ્રવિડ, અનંત વિનાયક પટવર્ધન અને ગોપાળ કૃષ્ણ દેવધર, એ ચાર મિત્રોએ સમાજના સભ્યપદની પ્રતિજ્ઞાઓ લીધી. ગોખલે એના પ્રથમ પ્રમુખ હતા.

'પોતાનું ઉત્કૃષ્ટ સર્વ કંઈ દેશને અર્પણ કરી, નિસ્વાર્થ ભાવે સૌ દેશવાસીઓને સ્વજન ગણી, પૈસાની એષણા રાખ્યા વિના, નિષ્કલંકપણે સમાજની સેવા' એ આ સેવક-સમાજનું ધ્યેય હતું. પૂનામાં એનું મુખ્ય કાર્યાલય, અને મુંબાઈ, નાગપુર ને મદ્રાસમાં એની શાખાઓ હતી. શ્રીનિવાસ શાસ્ત્રી, ગોપાળરાવ દેવધર, પં. હૃદયનાથ કુંઝરૂ, નારાયણ મહાદેવ જોષી, એ. ડી. મણિ, કાકાસાહેબ લિમયે, શ્રી. મ. વઝે વગેરે જેવા આ સેવક સમાજને અસામાન્ય પ્રતિષ્ઠા અપાવનાર મહાનુભાવોમાં ગુજરાતના ઠક્કરબાપાનો પણ સમાવેશ હતો, અને આ સૌ અગ્રણી ભેખધારીઓની નામમાળામાં કોદંડરાવ આખરી મણકો હતા.

આજીવન સેવાવ્રતધારીઓની આ અપ્રતિમ સંસ્થાના ઉદાહરણથી પ્રેરાઈ લાલા લજપતરાયે ઉત્તર ભારતમાં લોક સેવક સમાજ—'સર્વન્ટ્સ ઑવ પીપલ સોસાએટી'ની સ્થાપના કરેલી, પણ ભારત સેવક સમાજ જેટલો એ સમાજ કોળ્યો નહિ. જાહેર જીવનમાં ગાંધીજીનું જે મહાન વ્યક્તિત્વ પ્રકટયું એ એટલું મોટું ન હોત તો કદાચ તેઓ પણ ભારત સેવક સમાજના આજીવન સભ્ય બની રહ્યા હોત, એવું એ સમાજનું વળું હતું. ગાંધીજી ગોખલેને અમસ્થા પોતાના ગુરુ નહોતા ગણતા. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ જેવાં ભારતીય સંસ્કૃતિનાં સનાતન મૂલ્યોનો વ્યાવહારિક જીવનમાં વિનિયોગ કરવાની બાબતમાં ગોખલે અને ગાંધીજી એકસરખા આગ્રહી હતા. લોકમાન્ય ટિળક અને બીજા પણ ઘણા એવા જ વિચારો ધરાવતા, પણ એ સૌ ગોખલેથી અલગ અને અમુક અંશે એમનાથી વિરુદ્ધ પણ પડી ગયા. એનું એક કારણ ગોખલે અને તેમના ભારત સેવક સમાજના સાથીઓએ પોતા માટે મુકરર કરેલી મર્યાદા હતી: 'આંદોલનાત્મક જાહેર જીવનથી દૂર રહેવાની સાથે પ્રજાના ઉદ્ધારનું સેવાકાર્ય કર્યે રાખવાની' એ સમાજની દૃષ્ટિ હતી. આ મર્યાદામાં રહીને આ સમાજના કાર્યકરોએ આદર્શ લોકસેવાનું જે પાયાનું કામ કરેલું તે સર્વથા ઉલ્લેખનીય છે. દા. ત. ઠક્કરબાપા અને એવા બીજા એ સમાજના સભ્યો. હરિજનો અને આદિવાસીઓના સેવા અને ઉદ્ધારની પ્રવૃત્તિના આદ્ય પ્રણેતા બન્યા હતા. ખુદ ગોખલે ને શ્રીનિવાસ શાસ્ત્રીએ ઉદાર મતવાદી રાજકારણમાં યે અનેરો યશ પ્રા[illegible] હતો.

પણ આ ભારત-સેવકોનાં ચરિત્રો કરતાં ચારિત્ર્ય [illegible]ગવાન હતાં. પોતે ઉપાડેલાં કાર્યો માટે લઘુતમ અનુકૂળતા, અલ્પતમ વેતન અને પોતાના પ્રશ્નોના ઊંડા અભ્યાસ સાથે સેવાની રટણા એ એમની મૂડી. એના આધારે તેઓ અતિ મહત્ત્વની અને સંગીન સેવા સમાજને ધરી ગયા છે.

કોદંડરાવ પણ આવા જ એક ભેખધારી સેવક હતા. શુભાશુભ પરિણામોની પરવા કર્યા વિના પોતે સ્વીકારેલા સત્યને માર્ગે અડીખમ રહી વિચરનારા એ આજીવન ભારત સેવક અંગ્રેજીને રાષ્ટ્રભાષા બનાવવાના આગ્રહી હતી. ભા. સે. સમાજને એમની આ ધૂન પસંદ ન પડી એટલે એ એનાથી અલગ થઈ રહ્યા. જીવન જો જનસમાજને બિનઉપયોગી થઈ જાય તો એ જીવવા યોગ્ય નથી એમ માનનારા એમણે, એવી પળ ઉપસ્થિત થાય તો, પોતાને ઝેરી ઈન્જેક્શન આપી દેવા પોતાના દાક્તર મિત્રોને કહી રાખેલું! પણ એવી પળ એમના જેવા માટે ક્યાંથી આવે? હૃદયરોગથી એમનું અવસાન થયું ત્યાં સુધી તેઓ કાર્યરત જ હતા.

છાત્ર

શ્રી 'વનફૂલ'ના બંગાળી ઉપરથી
સુકન્યા ઝવેરી

માથાન્ફાડ તડકો ચારે કોર આગ વરસાવતો હતો. મારું એ તરફ ધ્યાન નહોતું! મારી સમસ્યા તો હતી દોઢસો ગણિતના દાખલા અને એક સો સવાલ લખવાની. આ અમારું ઉનાળાની રજાનું હોમ વર્ક હતું. થર્ડના માસ્તર રુદ્રમૂર્તિ : રુદ્રતર ભાષણ અને રુદ્રતમ નેતરની સોટીના માર સિવાય બીજી કોઈ વાત વિચારવાની તેઓને ફુરસદ નહોતી. એમાં હું એમનો પ્રિયતમ વિદ્યાર્થી, એટલે મારે તો વધુ વિચાર કરવાનો. એટલે તો ભયંકર ઉનાળાના તાપની ઉપેક્ષા કરી ગણિત ખોલીને બેઠો હતો.

અચાનક બારણાને ઠેલો દઈ થર્ડના માસ્તર જ દાખલ થયા. તેમનો ચહેરો જોઈ હું તો આભો જ બની ગયો! જરાક ડર્યો પણ ખરો. શુષ્ક મુખ; માથાના રુક્ષ કોરા વાળ ઊભા થઈ ગયા હતા, અને બખોલમાં પેઠી હોય એવી આંખો જલતા અંગારાની જેમ લાલઘૂમ. મને થયું, ખૂંધો વળીને બેઠો છું એટલે ધમકાવશે. જલદીથી ટટ્ટાર થઈ બેઠો. પણ એવું કંઈ જ ન કરતાં એમણે અનુનયપૂર્ણ કંઠે કહ્યું : 'એક પ્યાલો ઠંડુ પાણી પીવડાવીશ, બેટા?'

ઓરડાના ખૂણામાં એક કૂજામાં પાણી હતું. ઉતાવળે ઊઠીને પાણી લાવી આપ્યું. ઘટ ઘટ કરીને પ્યાલો નિમેષમાં નિઃશેષ કરી નાખ્યો.

'બીજો એક આપ.' આપ્યો. તે પણ નિમેષમાં નિઃશેષ થઈ ગયો.

'હજી એક ગ્લાસ દે...આહ! હવે શાંતિ થઈ! તરસે તો છાતી ફાટી જતી હતી. એક ટીપું ઠંડુ પાણી પીવાનુંય મળતું નહોતું ક્યાંય...'

ઊંઘ ઊડી ગઈ. સ્વપ્ન!...વાસ્તવ તો એથી યે નિદ્રારુણ.

બીજે દિવસે પ્રખર તાપમાં અને આ સંધ્યિાની ઉપેક્ષા કરી પ્રૌઢ હું ઉત્તપ્ત રેતીનુ બાહું ખૂંદતો ત્રણ કોશ દૂર આવેલી ગંગા ભણી જઈ રહ્યો હતો. ત્રીસ વર્ષ પહેલાં નિશાળમાં થર્ડના જે માસ્તર પાસે હું ભણ્યો હતો, તેઓ આજથી લગભગ વીસ વર્ષ પહેલાં અ-પુત્ર ગુજરી ગયા હતા. કાલે અચાનક તેમને મેં સ્વપ્નમાં જોયા...તમે મને જે કહેવાના છો એ હું જાણું છું ફ્રૅઈડ, ચાર્વાક મેં પણ વાંચ્યા છે. પોતાના અયૌક્તિક આચરણથી હું પોતે પણ વિસ્મિત છું. પણ શું કરું? બીજો રસ્તો નથી—કોઈ જાણે મને જબરદસ્તીથી પકડીને લઈ જઈ રહ્યું છે.

મારે તર્પણ કરવું જ રહ્યું.

આજના સંકુલ અને વિક્ષિપ્ત સામાજિક જીવનમાં આવા અપરિગ્રહી અને સમર્પિત સેવકો અને એમને પ્રકટાવનારી આવી સંસ્થા હવે પ્રકટી શકે ખરી?

(સંકલિત)

ગુવારફળી

શાક તરીકે ગુવારથી કોઈ અજાણ નહિ હોય. ખાસ તો એ ગરમ ઋતુનો પાક છે, પણ આ ઋતુમાં પણ મળે છે. એની અનેક જાત છે, પણ 'તરડિયા' અને 'ફાકણિયા' સિવાયની બધી જાતનો ગુવાર શાક તરીકે વપરાય છે. આમાં સુંવાળી કોમળ શીંગોવાળો 'માખણિયો' ગુવાર વધુ લોકપ્રિય છે. અજમો અને લસણ નાખી બનાવેલું એનું શાક સ્વાદિષ્ટ થાય છે. ગુવારની સુકવણી ને ખારા પાણીમાં અથાણું પણ થાય છે.


શાક તરીકે ખાસ વાવવા ઉપરાંત ખેતરમાં બાજરી સાથે મિશ્ર પાક તરીકે ગુવાર ઉગાડાય છે. ઢોરના ખોરાક તરીકે એનું વધુ મહત્ત્વ છે. બળદને બળ અને દૂઝણાં ઢોરનું દૂધ વધારવા માટે ગુવાર વપરાય છે. લીલા પડવાશના ખાતર માટે પણ એ વવાય છે. બજારમાં તૈયાર મળતા 'ગમ'(સફેદ પ્રવાહી ગુંદર) બનાવવામાં પણ એની કેટલીક જાત ઉપયોગી છે.

ગુવારફળી મધુર, રુક્ષ, શીતળ, ભારે, અગ્નિદીપક, પૌષ્ટિક, સારક,

પિત્તહર અને કફકર ગણાય છે. વળી એ વાયુકારક પણ છે. ગુવારની પાકી શીંગનું શાક વધારે ખાવાથી પેટમાં પીડ અને માથામાં ચક્કર આવે છે. સગર્ભા સ્ત્રી અને ધાવણાં બાળકવાળી માતાએ વાયડી પ્રકૃતિના આ ગુવારનું શાક ખાવું ન જોઈએ.

ગુવારમાં અમુક ઔષધીય ગુણ પણ છે. એનાં કુમળાં પાનનું શાક રતાંધળાપણું મટાડે છે. ગુવારનાં પાનનો રસ વ્રણ પર ચોપડવાથી ઘા પાકતો નથી ને જલદી રુઝાય છે. આ પાનનો અને લસણનો રસ એકત્ર કરી દાદર પર લગાડાય છે. —માધવ મો. ચૌધરી


ગણિતગમ્મત : ૧૯૭૫નું જાદુઈ આંકચક્ર



જાડા કાગળ કે પૂઠામાંથી આ આકૃતિમાં છે તેમ એકબીજાથી નાનાં મોટાં સાત ચક્ર કાપો અને એને એકબીજા પર કદના ક્રમમાં મૂકીને કેન્દ્રમાંથી એક પિન વડે જોડી દો. પછી સૌથી નાના ચક્રને બાદ કરતાં બાકીનાં છ યે ચક્રના બારબાર ભાગ પાડી આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણેની સંખ્યાઓ તે દરેક ખાનામાં લખી દો. (સૌથી નાના અને કેન્દ્ર પરના ચક્રમાં ૧૦૭ની એક જ સંખ્યા આવશે.) આ તૈયાર થએલા જાદુઈ અંકચક્રની ખૂબી એ છે કે એમાં ૮૩થી માંડી સળંગ ૨૨૭ સુધી ૭૩ એકી સંખ્યાઓનો સમાવેશ કરેલો છે. એમાંની કેન્દ્રની ૧૦૭ની સંખ્યા સાથે એની આજુબાજુની કોઈ પણ એક સામસામી સળંગ હારની સંખ્યાઓનો સરવાળો ૧૯૭૫ થાય છે. દા. ત. ૨૨૫ + ૧૫૧ + ૨૧૫ + ૧૬૩ + ૧૨૯ + ૧૧૯ + (કેન્દ્રસ્થ) ૧૦૭ + ૮૩ + ૯૭ + ૧૩૭ + ૧૮૧ + ૧૭૩ + ૧૯૫ = ૧૯૭૫; અને આ જ રીતે અન્ય કોઈ પણ સામસામી હારનો સરવાળો પણ આ જ આવશે.

પણ આ અંકચક્રની બીજી ખરી ખૂબી તો એ છે કે કેન્દ્રની ૧૦૭ની સંખ્યાવાળા ચક્ર સિવાયનાં બાકીનાં છમાંથી કોઈ પણ ચક્રને ડાબી કે જમણી બાજુ ગમે તેટલાં ખાનાં દૂર ફેરવી નવી હાર રચીને સરવાળો કરશો તો યે જવાબ ૧૯૭૫ જ આવશે! દા. ત. બહારથી ગણતાં બીજું ચક્ર જમણી બાજુ બે ખાનાં જેટલું ફેરવીએ, એટલે કે એમાં હાલ જ્યાં ૧૫૧ છે ત્યાં ૧૭૭ આવે, અને પાંચમું ચક્ર ડાબી બાજુ ફેરવીને હાલ જ્યાં ૧૨૯ છે ત્યાં ૧૦૧ લાવીએ તો બીજા ચક્રમાં સામી બાજુએ હાલ જ્યાં ૧૭૩ છે ત્યાં ૧૪૭ અને પાંચમા ચક્રમાં ૯૭ છે ત્યાં ૧૨૫ આવશે. આમ, હવે નવી ગોઠવાએલી સંખ્યા (૨૨૫ + ૧૭૭ + ૨૧૫ + ૧૬૩ + ૧૦૧ + ૧૧૯ + ૧૦૭ (કેન્દ્રસ્થ અફર સંખ્યા) + ૮૩ + ૧૨૫ + ૧૩૭ + ૧૮૧ + ૧૪૭ + ૧૯૫)નો સરવાળો પણ ૧૯૭૫ જ થશે.

અને આમ ગમે તે ચક્રને ગમે તે બાજુ ને ગમે તેટલાં ખાનાં ફેરવ્યા છતાં ૧૯૭૫ સરવાળો જ મળશે. —કિશોર ન. ગોરધનદાસ



માસમાસના આકાશમાં
સપ્ટેમ્બર–ઑક્ટોબર

રાશિચક્રનાં છેલ્લાં ત્રણ મંડળો 'મકર', 'કુંભ' અને 'મીન'. એમાંનાં 'મકર' (Capricornus) અને 'કુંભ' આપણે જોઈએ. બંનેના તારાઓ ઝાંખા હોઈ આ મંડળોને આકાશમાં ઓળખીને તારવવા જરા મુશ્કેલ પડે, પણ 'ધનુ' ને 'ગરુડ' પછી એમની વચ્ચે પૂર્વમાં સહેજ અગ્નિ તરફ કાગળની હોડી જેવું દેખાતું 'મકર'નું તારામંડળ એક વાર ઓળખાઈ ગયા પછી ભુલાય તેવું નથી. અને 'મકર'ના આધારે પછીનું 'કુંભમંડળ' ઓળખવું સરળ પડશે. મકરમાં અજમુખધારી જલચરની આકૃતિની અને કુંભમાં પાણી રેડતા કુંભધારી મનુષ્યના આકારની કલ્પના છે.

અગાઉ એટલે કે દોઢેક હજાર વર્ષ પહેલાં સૂર્ય વિષુવવૃત્તની વધુમાં વધુ દક્ષિણે આ મકર રાશિ સુધી જતો; મતલબ કે ત્યારે ક્રાન્તિવૃત્તના દક્ષિણતમ માર્ગે આ રાશિમાંથી પસાર થતો. પૃથ્વીના ગોળા પર આ દક્ષિણતમ વૃત્ત દર્શાવવા જે રેખા કલ્પવામાં આવી તે આના પરથી 'મકર વૃત્ત' નામ પામી. પણ આજે હવે ક્રાન્તિવૃત્તનું દક્ષિણતમ બિંદુ ધનુ રાશિમાંથી પસાર થાય છે. એટલે ખરી રીતે તો 'મકરવૃત્ત'ને હવે 'ધનુવૃત્ત' કહેવું જોઈએ. અગાઉ સૂર્ય દક્ષિણતમ બિંદુએ પહોંચી પુનઃ ઉત્તર તરફ વળતો તે તેના 'ઉત્તરાયન'નો અને મકર રાશિમાંથી એ પસાર થતો એ 'મકરસંક્રાંતિ'નો સમય સરખો હતો. આજે હવે 'ઉત્તરાયન' ડિસેમ્બરમાં અને 'મકરસંક્રાંતિ' જાન્યુઆરીમાં આવે છે. આમ 'ઉત્તરાયન' અને 'મકરસંક્રાંતિ' અલગ પડી ગયાં છે.

મકર પછી કુંભ રાશિના મંડળમાં બીજું તો ખાસ કોઈ મહત્ત્વ નથી, પણ એમાં કુંભધારી મનુષ્યનો આકાર બેસાડવો એ એક કસોટીરૂપ ગમ્મત જેવું છે. આ તારામંડળમાં બબ્બે-ત્રણત્રણ ઝાંખા તારાઓનાં કેટલાંક જૂથ છે, જેને કુંભમાંથી થતી પાણીની ધાર કે એથી ઊડતા છાંટા કલ્પવામાં આવે છે.

દર ૨૭ દિવસે 'કુંભ' ને પછીની 'મીન' રાશિમાંનાં નક્ષત્રો–એટલે કે અર્ધું શ્રવણ, ધનિષ્ઠા, શતતારા, પૂર્વા ભાદ્રપદા, ઉત્તરા ભાદ્રપદા ને રેવતી એ છેલ્લાં સાડા પાંચ નક્ષત્રોમાંથી ચંદ્ર પસાર થાય એ પાંચ દિવસોને 'પંચક'ના દિવસો ગણવામાં આવે છે.

ઉઠાવો દિલ, જીવનના રાહબર ખુદ દિલ બની જાશે,
અને જાગે જો આતમ, માનવી ભગવાન થઈ જાશે.

—'ગોરખ'

બાલોન નજીક પડાવ નાખી પડેલા નેપોલિયન પાસે તેના સૈનિકો એક અંગ્રેજ કેદીને પકડી લાવ્યા, જે ફ્રાંસની જેલમાંથી છટકીને એક મામૂલી તરાપામાં બેસી ઇંગ્લિશ ખાડી પાર કરીને ભાગી છૂટવાનો પ્રયત્ન કરતો હતો. નેપોલિયને તેને પૂછ્યું કે આવા તકલાદી તરાપામાં ખાડી પાર કરવા જતાં તને બીક ન લાગી? તેણે મક્કમતાથી ના કહેતાં નેપોલિયન બોલ્યો: 'તારી કોઈ પ્રેયસી ત્યાં રાહ જોતી હશે.' કેદીએ કહ્યું: 'પ્રેયસીને નહિ, પણ મારી માને મારે મળવું છે. દુનિયામાં મારા વિના એનું કોઈ નથી. આપ દયા કરી મને મુક્તિદાન આપશો તો આ જ તરાપા પર ખાડી પાર કરી હું ઈંગ્લૅન્ડ પહોંચી જઈશ.' આથી દ્રવિત થઈ નેપોલિયને એને મુક્ત કર્યો, એટલું જ નહિ પણ તેને સુખરૂપ ઈંગ્લૅન્ડ પહોંચવાનો બંદોબસ્ત કરી આપ્યો.

∞

કહેવતોના અર્થ: 'આવ રે વહાલી વાત કહું, આ ચૂડાને તું પાંચમી વહુ'–'જા જા, તારા જેવા તો કઈંક જોઈ નાખ્યાં' એ દર્શાવતી આ કહેવતનું મૂળ એમ છે કે નવી આવેલી વહુનો મિજાજ મરડવા વરે તેને ઉપરની ઉક્તિ કહી. પરંતુ વહુ પણ ગાંઠી જાય તેવી નહોતી. તેણે તરત ઉત્તર આપ્યો: 'સાંભળો મારા નવલા વર, આ મારે તમારું સાતમું ઘર!' —અને વર શાંત થયો.




અમેરિકા જઈ વસેલી અંગ્રેજ પ્રજાને પૂછ્યા વિના જ એના પર 'સ્ટૅમ્પ ઍક્ટ' દ્વારા બ્રિટિશ પાર્લામેન્ટે જે કર નાખેલો, તેમાંથી અખબારો પરની એક પેનીની કર-વસૂલાતની આ છાપ છે. પાર્લામેન્ટના આ મનસ્વી પગલાંથી ઉશ્કેરાએલી પ્રજા બ્રિટન સામે બળવો કરી એમનાથી સ્વતંત્ર થઈ અંગ્રેજ મટીને અમેરિકન બની.

जिह्वे, प्रमाणं जानीहि
भोजने भाषणेऽपि च।
अतिभुक्तिः अतीवोक्तिः
सद्यः प्राणापहारिणी ॥

હે જીભ, ભોજન અને ભાષણ વિષે તું પ્રમાણ-સર વ્યવહાર રાખ. અતિ ભોજન ને અતિ ભાષણ પ્રાણોને સંતાપ આપે છે.

ગણિતગમ્મત: એક રકમ લો. તેનો છેલ્લો અંક કાઢી નાખો. હવે આવેલી રકમને, પેલો છેલ્લો અંક દશમાંથી બાદ કરતાં જે અંક આવે તે વડે ગુણો, અને એ રકમને બાજુએ રાખો. હવે છેલ્લો અંક કાઢી નાખતાં વધેલી રકમમાં એક ઉમેરી જે આવે તેને કલ્લા અંક વડે ગુણો, અને જે આવે તે પેલી બાજુએ રાખેલી રકમમાં ઉમેરો, એટલે મૂળ લીધેલી રકમ જ આવશે. દા. ત. ૧૩૨૪; ૧૩૨; [૧૩૨×(૧૦–૪)] + [(૧૩૨+૧)×૪] એટલે કે (૧૩૨×૬)+(૧૩૩×૪); એટલે કે ૭૯૨+૫૩૨=૧૩૨૪.

(નીતિન મજુમદાર)



આપણી પૃથ્વી સૂર્યમાંથી જ છૂટી પડી હશે. નિષ્ણાતો માને છે કે જે પદાર્થોનો સૂર્ય બનેલો છે એ જ પદાર્થોની પૃથ્વી પણ બની છે. ચંદ્ર અને ગ્રહોનું તેજ એ એના પર પડતાં સૂર્યકિરણોનું પરાવર્તન જ છે. સૂર્યનું ગુરુત્વાકર્ષણ સૂર્યમાળાના ગ્રહો વગેરેને આજે છે તે સ્થિતિમાં પકડી રાખનાર બળ છે. આજે જે ઝડપે સૂર્યના અંશુપ્રસરણથી તેના પરનો હાઇડ્રોજન વાયુ ખલાસ થઈ રહ્યો છે એ જ ઝડપે તે ચાલુ રહે તો યે એ તદ્દન ખૂટી જતાં ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષો લાગશે એવો અંદાજ છે.